# કેન્સર ગીતા



પાર્થસારથિ
મનુ કોઠારી • લોપા મહેતા

સંજય દૃષ્ટિ - મનુ જપી

શ્રી ગણેશાય નમઃ
શ્રી સરસ્વત્યૈ નમઃ
શ્રી લક્ષ્મીજ્યો નમઃ
શ્રી સાઇનાથ નમઃ
ગુરુજી

જુનું પુસ્તક

# કેન્સર ગીતા

૫ માર્ચ ૧૯૯૩
પ્રેસમાંથી આવ્યા.

# CANCER GITA

૬ માર્ચ ૧૯૯૩
શનિવાર
શ્રી સાઇચરણે
(પરેલ)

મનુ કોઠારી અને લોપા મહેતા
રચિત

NATURE OF CANCER

કર્ક વેદ

અને

CANCER MYTHS & REALITIES

કર્કોપનિષદ

પર

આધારિત

## કેન્સર ગીતા

કેન્સર વિષેના ભ્રામક અને ભયાનક ખ્યાલોને દૂર કરી, કેન્સરની સૌમ્ય નિરૂપદ્રવી અને નિર્દોષ અસલિયતની સરળ ભાષામાં આગવી ઓળખ આપે છે.

ડૉ. મનુ જપી

*A DOCTOR'S PRAYER BY SIR ROBERT HUTCHISON*

*HANGS IN LONDON HOSPITAL*

"FROM THE INABILITY TO LET WELL ALONE,
FROM TOO MUCH ZEAL FOR THE NEW
AND CONTEMPT FOR WHAT IS OLD
FROM PUTTING KNOWLEDGE BEFORE WISDOM
SCIENCE BEFORE ART AND
CLEVERNESS BEFORE COMMON SENSE,
FROM TREATING PATIENTS AS CASES
AND FROM MAKING THE CURE OF
THE DISEASE MORE GRIEVOUS
THAN THE ENDURANCE OF THE SAME."

***GOOD LORD DELIVER US.***

---------------X---------------





અહો અંતર્યામિ !
મારી પાસે ઉપચાર કરાવવા આવનાર દર્દીનું
ભલું ન કરી શકવાની અશકિતમાંથી મને મુકત કર !
આધુનિક વિષારી ઉપચારો અજમાવવાના અખતરા કરવાના
ઉત્સાહી અતિરેકની આસકિતમાંથી મને છોડાવ !
અને અસલના સૌમ્ય અને અસરકારક પુરવાર થયેલ
ઈલાજો પ્રત્યે માન અને આદરથી જોવાનું શીખવ !
સામાન્ય સમજણ (Common-Sense) કરતાં
ચોપડીયું જ્ઞાન ચડિયાતું છે એવી ભ્રમણા મારા ભેજામાંથી દૂર કર !
અને વિનાશકારી વિજ્ઞાન કરતાં જીવન જીવવાની કલાનું શિક્ષણ
વધુ અગત્યનું અને ઉપયોગી છે એ સત્ય સમજવાની પ્રેરણા આપ !
મારા વ્યવસાયની ચાલાકી, મારા વ્યવસાયિક નૈતિક મૂલ્યો કરતાં
વધુ અગત્યની અને ઉપયોગી છે એવી મૂર્ખ માન્યતામાંથી
મને બચાવી લે !
અને
મારી પાસે આવતો દરેક દર્દી એક જીવતી જાગતી સંવેદનશીલ
વ્યકિત છે, એક નિર્જીવ કાગળીયા પર છાપેલો કેસ પેપરનો નંબર નથી,
એ મારી પાસે એની માનસિક અને શારીરીક યાતનાઓ
હળવી કરવાના ઈરાદે આવેલ છે, એક અચલ અટલ વિશ્વાસ
મુકીને આવેલ છે, એ યાતનાઓમાં એક અંશનો પણ ઉમેરો કરવા
હરગીજ નહીં, આ વાત હું હંમેશા ખ્યાલમાં રાખું એટલી સભાન
અને જગૃત અવસ્થામાં રહું, ભૂલી જવા જેટલો બેહોશ ન થઈ જાઉં
એટલું જ ફકત માંગુ હું તારી પાસે -
હે અંતર્યામી........

# કવર પેજ ચિત્ર નું વિશ્લેષણ

અવયવ દર્પણના પુસ્તકમાં, માનવ શરીરના ભિતરના વિવિધ અવયવોની સુંદર રચના અને અદ્ભૂત કામગીરી વિષે જાણકારી મેળવી.

એમાંય સ્ત્રીનાં સ્ત્રીત્વ અને માતૃત્વના પ્રેમાળ પ્રતિક સમાં પવિત્ર સ્તન, ઑવરીઝ, ગર્ભાશય અને યોનિ ની પણ વિસ્તૃત ઓળખ કરી લીધી.

કેવળ માતૃત્વ અને વાત્સલ્ય જ નહીં, દાંપત્ય પ્રેમ પણ જેના પર સંપૂર્ણ પણે આધારિત છે, એવાં આ દિવ્ય અંગો પર, સમગ્ર પૃથ્વી પરની માનવ જાતિનું અસ્તિત્વ અવલંબિત છે.

એટલેજ નારીનાં એ દિવ્ય, તેજસ્વી અંગોને માન, અહોભાવ અને ઈજ્જતથી જોવાની, એની રક્ષા કરવાની, જાળવણી કરવાની નૈતિક જવાબદારી કોઈ એક વ્યકિતની નહીં, સામુહિક છે, સાર્વજનિક છે. અને સૌથી વિશેષ તો માનવસમાજ ના સ્વાસ્થ્યની જાળવણીનો ઈજારો અને પરવાનો લઈને બેઠેલા તબીબની છે - ડૉક્ટરની છે.

અને તેમ છતાંય, જાણે નારીનાં નારીત્વનાં પ્રતિક સમાં આ બધાંજ અવયવો પર, કોઈ પૂર્વ જન્મના વેરની વસુલાત કરવામાં આવતી હોય તેમ, સ્વાસ્થ્યના નામે પધ્ધતિસરના અત્યાચાર જ આચરવામાં આવે છે.

એ અત્યંત સુંદર અંગ ઉપાંગોને બાળી નાંખવામાં આવે છે, કાપી નાંખવામાં આવે છે, વિષારી દવાઓનો મારો ચલાવી સાવ કઢંગી રીતે વિકૃત કરી દેવામાં આવે છે.



અને આ બધુંજ એવો વાહ્યાત ભય બતાવીને કરવામાં આવે છે કે ''એક કરચલા જેવા બેડોળ આકારનું ''જંતુ'' આમ નહિં કરીએ તો બધાં અંગોને કોરીને ખાઈ જશે - ગળી જશે.''

આ કાલ્પનિક ભયથીજ વિહ્વળ બની ગએલી ૨૦ થી ૫૦ વર્ષની ભર યુવાન રૂપાળી સ્ત્રીઓનાં, સ્તન, ગર્ભાશય, ઓવરી, સર્વીકસ કે યોનિ ની કેન્સર ની સારવાર દરમિયાન અને એ પશ્ચાતની જે શારીરિક વિકૃતિ અને માનસિક યાતનાઓ, મારે મને કમને જોવી પડી છે, એથી સમગ્ર સ્વાસ્થ્ય વિજ્ઞાન પ્રત્યેનાં મારાં માન અને અહોભાવ ઓગળી ગયાં છે.

જે વિજ્ઞાન માનવ શરીરનું સ્વાસ્થ્ય અને સૌંદર્ય જાળવવા નિર્માણ થએલું છે એજ વિજ્ઞાન કોઈપણ જાતના સારાસારના વિવેકની પરવા કર્યા વિના, શરમ કે સંકોચ રાખ્યા વિના સમગ્ર સમાજની સુંદરતાને માનસિક અને શારીરિક રીતે આટલી હદ સુધી વિકૃત કરી શકતું હોય, તો એ વિજ્ઞાન સમગ્ર માનવજાતિ માટે વરદાનરૂપ નહીં, અભિશાપરૂપ ગણાવું જોઈએ.

ક્ષમા ન કરી શકાય તેવી, સૌથી મોટી વિકૃતિ તો એ છે કે આ બધું 'કેન્સર' ના નામે કરવામાં આવે છે. એ કેન્સર કે જેને એજ વૈજ્ઞાનિકોએ એના અસલી, સૌમ્ય સ્વરૂપમાં ઓળખ્યું છે. એજ વૈજ્ઞાનિકોએ અને તજ્ઞોએ જેમણે એને વિનાકારણ મારવાથી, બાળવાથી કે કાપવાથી ઉપજતાં દયાજનક પરીણામો જોયાં છે.

આ વીસમી સદીના અંત સુધીમાં, આપણે સૌને, કલ્પનામાં પણ ના આવે તેવી માનવસ્વભાવની ભયંકર વિકૃતિઓના સાક્ષી બનવું

પડ્યું છે. આનાં પરીણામો આવનારી કેટલી પેઢી સુધી ભોગવવાં પડશે એની તો કલ્પનાએ કરી શકાતી નથી.

'કેન્સર ના ઉપચાર'' ના રૂપાળા નામે કરવામાં આવતી નારીનાં દિવ્ય અવયવોની આવી ઘોર ઉપેક્ષા સત્વરે બંધ નહીં થાય, તો કદાચ ગણતરીનાં વર્ષોમાંજ આપણે સમગ્ર સ્ત્રી જાતિના જ નહીં, સમગ્ર માનવજાતિના અસ્તિત્વનો નિર્દય રીતે વિધ્વંસ કરવા સુધીની કક્ષાએ પહોંચી ગયા હોઈશું.

નારીનાં સુંદર કોમળ અંગોની સરખામણીમાં બેડોળ અને રૂક્ષ લાગતો કરચલો પણ, હકીકતમાં એક નિર્મળ, નિર્દોષ, સૌંદર્યનું જ પ્રતિક છે, કુદરતની અદભૂત કળા, કારીગીરીનો જીવંત નમૂનો છે, એ હકીકત પાને પાને પુરવાર કરે છે **"કેન્સર ગીતા"**.

--------------x--------------

# "ગુરૂ દક્ષીણા"

## NATURE OF CANCER (NOC) (902 Pages)

*AUTHORS :*

**DR. MANU KOTHARI**

**DR. LOPA MEHTA**

છ હજાર ચારસો જેટલા જગ-પ્રસિધ્ધ, પ્રતિષ્ઠિત અને સુશિક્ષિત વૈજ્ઞાનિકો, ડૉકટરો અને વિવેચકોના રેફરન્સ આપીને લખાયેલ આ ગ્રંથમાં કેન્સર વિષે જે માહિતી આપવામાં આવી નથી, એ માહિતી કંઈ ઉપયોગમાં આવે એવી પણ નથી.

કેન્સર ગીતાનું સમગ્ર લખાણ નેચર ઑફ કેન્સરના ગ્રંથ પર આધારિત છે. જ્યાં જ્યાં અન્ય પુસ્તકોમાંથી લખાણ લેવામાં આવ્યું છે, ત્યાં ત્યાં એ પુસ્તકોનો વેગળો ઉલ્લેખ કર્યો જ છે, પરંતુ એકંદરે કેન્સર ગીતા એ નેચર ઑફ કેન્સરની એક ટચુકડી આવૃત્તિ જ છે. ડૉ. મનુ કોઠારી અને ડૉ. લોપા મહેતા એ મારા રોજે રોજના વ્યવસાયમાં પણ હંમેશા મને અમૂલ્ય અને જરૂરી માર્ગદર્શન આપ્યું છે. પણ કેન્સર ગીતાના લખાણમાં એમના માર્ગદર્શન બદલ હું જીવનભર એમનો ઋણી રહીશ.

--------------X--------------

*જન્મ જેટલો સુંવાળો છે એટલું જ મૃત્યુ દયાળુ છે. જન્મ લઈને જીવી જાણનારને માના ખોળામાં જે નિરાંતથી બાળક સુઈ જાય એટલા વ્હાલથી મૃત્યુ પોતાના અંકમાં સમાવી લે છે.*

## અસલીયતને ઓળખી લઈએ

કેન્સર એ હવે ફક્ત નિષ્ણાતો પુરતો મર્યાદિત રહેલો શબ્દ નથી રહ્યો. એ ઘરે ઘર અને વ્યક્તિએ વ્યક્તિને અંગત રીતે સ્પર્શી જતો ૧૧૧ વિષય બની ચૂક્યો છે. અને એટલેજ એની અસલીયત ઓળખવાનો જેટલો હકક નિષ્ણાતોને છે, એટલોજ નહી, બલ્કે એથી વધુ હકક દરેક સામાન્ય માનવીને પણ છે જ.

કેન્સર સામેના યુધ્ધનાં મોરચે જે અસ્ત્રો, શસ્ત્રો, આયુધો અને ઔષધિઓ ઉપયોગમાં લેવામાં આવે છે એ ફક્ત બુઠ્ઠાં અને નિરુપયોગી જ નહી બલ્કે કેન્સર ન હોય તો ઉપજાવવામાં, કે હોય તો વધુ વકરાવવામાં વધઉ ઉપયોગી પુરવાર થયાં છે.

"હાર્યો જુગારી બમણું રમે" એ ઉક્તિ અક્ષરશ: લાગુ પડતી હોય તેમ રોજ મોટાંને મોટાં ઑપરેશનો કરાયે જાય છે, વધઉને વધુ વિષારી દવાઓ દર્દીઓના પેટમાં ઠલવાતી જાય છે, અને વધઉને વધુ જલદ લાઈટેના મારા દેવાતા જાય છે.

"વેળાસર નિદાન" એક મહાન બકવાસ પુરવાર થયું છે. રેડીયો થેરેપી અને કેમો થેરેપી એન્ટી કેન્સર નહીં એન્ટી પેશન્ટ - દર્દીનાં દુશ્મન સમાં બની ગયાં છે. Immuno Therapy ઈમ્યુનો થેરેપી નો આખો સિધ્ધાંત જ પાયા વગરનો પુરવાર થએલ છે. તો હોર્મોન થેરેપી Hormone Therapy ફાયદા કરતાં નુકસાન વધુ કરવા માટે પ્રખ્યાત છે. નિર્દોષ પ્રાણીઓ પર અખતરા કરી, ઉધાર કે ઉછીનું કેન્સર દાખલ કરી, એ કેન્સર મટાડવાના જે દાવાઓ કરાય છે તે માનવ જાત માટે સાવ નિષ્ફળ જ પુરવાર થયા છે, એટલું જ નહી, હજારો લાખો ને કરાડોનો હિસાબે જાનવરોની નિર્દય, નિર્મમ, ક્રૂર હત્યાના કારણરૂપ બન્યાં છે.

કેન્સરની અસલીયત ઓળખવાનો આ જ સમય છે. એના વિષે ઉભી કરવામાં આવેલી ભ્રામ ભયાનક જાળને તોડવાનો સમય પાકી ગયો છે. આ પુસ્તકના પાને પાને આવો એ અસલીયતને અંગત રીતે ઓળખી લઈએ.





**DR. PRAGNA PAI**
DEAN
SHETH G. S. MEDICAL COLLEGE
& K. E. M. HOSPITAL, PAREL,
BOMBAY

## કેન્સર ગીતા
## ની
## પ્રસ્તાવના

"બિમાર વ્યકિત "કેટલું જીવે છે" ?
એ મહત્વનું નથી.
એ "કેવું જીવન જીવે છે ?"
એજ વધુ અગત્યનું છે."
**SAYS DR. PRAGNA PAI**

---------------X---------------

ભારત અને ભારત જેવા અન્ય વિકાસશીલ દેશોમાં ઘણી વ્યકિતઓ, અપૂરતાં પોષણનો, ચેપનો અને સંસર્ગજન્ય રોગોનો ભોગ બને છે.

આ રોગોનો ઉદ્‌ભવ અને તેના ફેલાવાનું કારણ મુખ્યત્વે ગરીબી અને કંઈક અંશે અજ્ઞાન છે. વિકસિત અને સમૃધ્ધ દેશોમાં વધારે પડતું ઝડપી જીવન, વધુ પડતો આહાર, વધુ પડતા મોજ શોખ અને કૃત્રિમ રહેણીકરણી માંદગીને નોતરે છે.

હાર્ટ એટેક, બ્લડ-પ્રેસર અને કેન્સર જેવી માંદગી ગરીબ અને સમૃધ્ધ બન્ને પ્રકારના દેશોમાં સામાન્ય છે, તેવું ન કહી શકાય, છતાં પણ તે અસામાન્ય તો નથીજ.

વર્ષોનાં સંશોધનો પછી પણ કેન્સર માટેના સફળ ઈલાજ શોધવા વૈધકીય તજ્ઞો હજી પણ ફાંફાં મારે છે. સરખી ઉંમરની બે વ્યકિતને એક જ અવયવનું, એક સરખો તબકકો ધરાવતું કેન્સર થયું હોય અને બન્ને ના એક સરખા ઉપચાર કરવામાં આવે, તો પણ ઈલાજની - ટ્રીટમેન્ટની અસર રોગ પર, તેના ફેલાવા પર કે આયુષ્ય પર કેટલી થશે તે ધારવું કે જાણવું અને ભાખવું અશકય છે.

આધુનિક ઉપકરણોથી થતી ખર્ચાળ તપાસ, તેનાથી પણ વધારે ખર્ચાળ ઈલાજ અને છેવટે ઈલાજની નિષ્ફળતા, દર્દીનાજ ન નહી, એના કુટુંબના ભાવિને પણ ધૂંધળું બનાવી દે છે.

આ સર્વે હકીકતોને ધ્યાનમાં રાખી, કુટુંબની રહી સહી બચતનો ઉપયોગ દર્દી માટે કરવો, કે તેના કુટુંબ માટે કરવો તેનો નિર્ણય ડૉકટરે અને દર્દીએ સાથે મળીને કરવો જરૂરી છે.

ગમે તે ભોગે જીંદગી લંબાવવાની ઘેલછા છોડી, બિમાર વ્યકિત 'કેટલું જીવશે ?'' તેને બદલે 'કેવું જીવશે ?'' તેનો વિચાર કરી મહેનત ખર્ચ ઉપાયો અને દર્દીએ ભોગવવી પડતી યાતના વગેરેનું વળતર મળશે કે નહીં તેનો ખ્યાલ રાખવો અત્યંત આવશ્યક છે.

ડૉ. મનુ જપીએ 'કેન્સર ગીતા' માં આ બધાજ પ્રશ્નોની ઝીણવટથી છણાવટ કરી છે. કેન્સર વિષે જાણવા, સમજવા અને વિચારવા લાયક વિગતો લેખકે બહુ સરળ શૈલીમાં પીરસી છે.

કેન્સર ગીતાનું વાચન, વાંચકોને કેન્સર સામે તેમજ કેન્સર સાથે જીવવાનું અને ઝઝૂમવાનું જ્ઞાન તેમજ નૈતિક હિંમત આપશે એવી અપેક્ષા.



**તમે પુછો છો- એટલે કહું છું**
**જે દેખાય છે, એટલું જ કહું છું.**



# મારે કંઈક કહેવું છે

## કેન્સર ગીતા......
## શા માટે ?

જગદ્જનની મા પાર્વતી અને ભોળા શંભુ કૈલાસ પર્વત પરની એમની પર્ણકુટિની ઓસરીમાં બેઠાં છે.

સામે આંગણામાં કાર્તિકેય અને ગણેશજી રમે છે. રમતાં રમતાં બે ભાઈઓ ઝગડી પડ્યાં આપસમાં કંઈ સમાધાન થયું નહીં એટલે ફેંસલો કરાવવા માતાપિતા સામે આવી ઉભા રહ્યા.

ગણેશજી તો પટ કરતાં માના ખોળામાં બેસી કાર્તિકેય વિરુધ્ધ ફરિયાદ કરવાં મંડી પડ્યાં, એટલે સાવ સહજ રીતે પાર્વતીએ કાર્તિકેયને ઠપકો આપ્યો. ''તું તો મોટો છું - નાનાભાઈને રોવડાવાય ?''

કાર્તિકેયને ખોટું લાગી ગયું.

ગણેશ તો લાડકો છે, માના ખોળામાં બેસી મસ્કો માર્યો એટલે માએ કોણ સાચો છે તે જોયાં વગર મને ખોટી રીતે દબડાવ્યો.....ને એ તો ભાઈ રીસાઈ ગયા..... ''હા...હા,'' મોઢું ચડાવીને કાર્તિકેય બોલ્યાં. ''ગણેશ તો તમને મારાં કરતાં વધારે વહાલો છે ને ? એટલે એનો વાંક હોય તો પણ તમે તો મને જ વઢવાનાં.....''

શિવજી હસી પડ્યા.....બોલ્યા :

''એવું નથી બેટાં, તમે બન્ને અમને સરખાજ વ્હાલા છો''

પણ કાર્તિકેય માન્યા નહીં. એમણે એમની હઠ પકડી રાખી.

એ કહે "ખાત્રી આપો, અમે બન્ને સરખા વહાલાં છીએ... જોઈએ તો અમારી પરીક્ષા કરો... અને ખોટાં ઉપરાણાં લેવાનાં બંધ કરો."

બાળસહજ હઠ આગળ શિવજી ઝૂકી ગયાં."ઠીક છે તારી ઈચ્છા જ હોય તો આપણે તમારાં બન્નેની પરીક્ષા જ લઈ લઈએ - પણ પરીક્ષા કેવી રીતે લેવી તે પણ કાર્તિકેય તું જ નક્કી કર, નહીં તો પાછું એમ કહેશે કે એમાં પણ પક્ષપાત જ કર્યો"

કાર્તિકેય રાજી થઈ ગયા, ગણેશજી કરતાં પોતે બધી રીતે ચડિયાતા છે એ એમને પુરવાર કરવું જ હતું. એ કહે: "તમારાં ચરણસ્પર્શ કરી આર્શિવાદ લઈ અમે બન્ને પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવીએ. જે વહેલો આવી જાય તે તમને વધુ વહાલો, બોલો છે કબૂલ ?"

ગણેશજી એ સૂપડા જેવડાં કાન ફફડાવ્યા, ને સૂંઢ થી છીંકો મારી વિરોધ કર્યો

"અરેરે, આ તો સરાસર અન્યાય જ કહેવાય. મારૂ આ ગજમૂખ અને દુંદાળો દેહ લઈને જ્યાં બેઠો હોઉં છું ત્યાંથી ઉભોય થઈ શકતો નથી તો પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની તો વળી વાત જ ક્યાં આવી ?"

કાર્તિકેય કહે : "પિતાજીએ આદેશ આપ્યો છે, પરીક્ષાની રસમ મારે જ નક્કી કરવાની છે. હું કહું તેમજ પરીક્ષા લેવી હોય તો લ્યો, નહીં તો સીધેસીધું કહી દ્યો કે બધી જ વાતમાં તમને એમનો જ કક્કો ખરો લાગે છે ?"



શિવજીએ જગદંબા સામે જોયું. પાર્વતીએ મીઠું મધુરૂં સ્મિત કરી આંખોનાં પોપચાં ઢાળી મૂક સંમતિ આપી.

ને કાર્તિકેયે માતા-પિતાની ચરણરજ માથે ચડાવી, આશિર્વાદ લઈ કૈલાસ પર્વત ના ઢાળે ઢાળે દોડવા માંડ્યું.....

ગણેશજી તો હજુ માના ખોળામાં જ બેઠેલા હતા. એ શાંતિથી પેલા દૂર દૂર આંખોથી ઓઝલ થતા કાર્તિકેય ને જોઈને સૂંઢ નીચે છૂપાએલા હોઠોમાં હસતા હતા.

જાણે જરાય ફિકર ન હોય તેમ આસ્તેથી માના ખભાનો ટેકો લઈ એ ઊભા થયા. ઘરમાંથી બે આસન લાવી બાજુ બાજુમાં મુકી, માત-પિતાને એના પર બેસવાં વિનંતી કરી - બન્ને બેઠાં એટલે એમનાં ચરણસ્પર્શ કરી નમન કર્યાં અને માતા-પિતાની ફરતે ડોલતા ડોલતા પ્રદક્ષિણા ફરવા મંડી પડ્યા.

હજુ તો પેલો કાર્તિકેય હિમાલયની તળેટીમાં ય નહીં પહોચ્યો હોય તેટલી જ વારમાં તો ગણેશજી એ ગજરાજની મલપતી ચાલે શિવ-પાર્વતી ફરતે એક નહીં બે નહીં ને એકવીસવાર કુડાળાં ફરી લીધાં, ને થાકીને લોથપોથ થઈ હાંફતાં હાંફતાં 'ધફ' દઈને માના ખોળામાં બેસી પાર્વતીના પાલવથી પસીનો લૂછવા માંડ્યા.....

★ ★ ★

કેન્સરના વિષયમાં નિષ્ણાત થવા માટે ઈંગ્લેંડ, અમેરિકા, કે સ્વીડન-સ્વીટઝર્લેંડ જેને જવું હોય, તે ભલે જાય.

કેન્સર થવાનાં કારણોનાં મૂળ શોધવા, એની વિવિધ શાખાઓ

ઓળખવા કે એનાં ફળ ફૂલ અને પાંદડાઓને છોલી નાખવા, ફૂટી બાળવા, કે કાપા કાપી કરવાં જેને જે કરવું હોય તે ભલે કરે બાપલા.

જયાં સુધી કેન્સર નામના શબ્દને લાગે વળગે છે ત્યાં સુધી, જેને કેન્સર વિષે ખરેખર કંઈ જાણવું છે, સમજવું છે, એના માટે હજારેક પાનાનું આ એક પુસ્તક જ બસ છે. અને એ પુસ્તકનું નામ છે.

**NATURE OF CANCER નેચર ઓફ કેન્સર**

**કેન્સરની પ્રકૃતિ - કેન્સરોપનિષદ**

૬૪૦૦ થી વધુ, દુનિયાભરના અત્યંત પ્રતિષ્ઠિત કેન્સર નિષ્ણાતોના ખૂબજ ઉંડાણપૂર્વક કરેલ અભ્યાસ અને શોધખોળના ફળસ્વરૂપ, અલભ્ય સમર્થનો ટાંકી લખાયેલ આ ગ્રંથના લેખકો છે ડૉ. મનુ કોઠારી અને ડોકટર લોપા મહેતા.

નેચર ઓફ કેન્સર ના ગ્રંથ વિષે ફકત એકજ વાકયમાં કહું તો જરાય અતિશયોકિતનો દોષ વહોર્યા વગર એમ ઈમાનદારી પૂર્વક કહી શકાય કે -

**"છેલ્લાં પચાસેક વર્ષોમાં કરોડો રૂપિયાના ખર્ચે દુનિયાભરમાં કેન્સર વિષે જેટલું સાહિત્ય લખાયું છે એ બધું ત્રાજવાના એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં NOC નો હજાર પાનાનો આ ગ્રંથ મુકો, તો આ બીજું પલ્લું જરૂર નમી જશે."**

સરેરાશ મહિનાનો એક, એવા છેલ્લા સત્તાવીસ વર્ષોથી મારી પાસે કેન્સરના દર્દીઓ આવતા રહ્યા છે. એમાંના એકે એકને, કેન્સરનું નિદાન થયું હોય, તે ઘડીથી માંડી એક પછી એક આવતા વિષમ તબકકાઓનો સાવ નજીકથી અભ્યાસ કરવાનો મને અનાયાસે યોગ પ્રાપ્ત



થયો છે. એ કેન્સરના દર્દીઓની, માનસિક, શારિરીક અને આર્થિક યાતનાઓની કથાઓ મેં નિરાધાર, લાચાર અને નિરૂપાય થઈને સાંભળી છે. રીબાઈ રીબાઈને જીવી રહેલા એ દર્દીઓને જ્યારે મૃત્યુએ પોતાના અંકમાં સમાવી લઈ એમની યાતનામાંથી છૂટકારો અપાવ્યો છે, ત્યારે એમના પાછળ મુકેલા સ્વજનોની માનસિક ત્રસ્ત અવસ્થા મેં ચીરાતા હદયે જોઈ છે અને આર્થિક દારિદ્રતા કકળતી આંતરડીએ અનુભવી છે.

આમાંનો એકે એક દર્દી, ખૂબજ અનુભવી અને હોશિઆર નિષ્ણાત ગણાતા ડૉકટરોની છેલ્લામાં છેલ્લી અદ્યતન ઉપચાર પધ્ધતિ લઈ રહ્યો હતો. મન મજબૂત કરી દર્દમાંથી મુકિત મેળવવાની એક માત્ર આશાથી એ આ બધીજ યાતનાઓ ભોગવી રહ્યો હતો.

અને છતાં

અને છતાં, ન તો એ એના કેન્સરના દર્દમાંથી મુકત થઈ શકતો હતો કે ના એની અને કુટુંબીજનોની યાતના ને હળવી કરી શકતો હતો.

આમ કેમ થતું હશે ? વિજ્ઞાન આટલું આગળ વધ્યું હોવા છતાં એક કેન્સર જેવા મામુલી દર્દમાંથી દર્દીને હેમખેમ ઉગારી કેમ નથી શકાતો...? આવા સાવ નપૂંસક પ્રશ્નોનો ઉત્તર મને કયાંય કહેતાં કયાંય મળતો ન હતો અને.....

કેન્સરના દર્દીઓની રોજે રોજ લંબાતી જતી કતારોને હું નિ:સહાય, નિરૂપાય, નિરાધાર અને લાચાર બનીને જોયા કરતો હતો.....

આ પરિસ્થિતિમાંથી મને NOC ના ગ્રંથે ચમત્કારિક રીતે ઉગારી લીધો એમ હું કહું તો એમાં લેશ માત્ર અતિશયોક્તિ નથી.

હાથમાં આવ્યું એટલું કેન્સર વિષેનું સાહિત્ય વાંચી જવું. ક્યાંય કહેતાં ક્યાંય પણ પેલા પ્રશ્નોનો ઉત્તર મળી જાય તો....કેટલાં બધાં દર્દીઓની કેટલી બધી યાતનાઓનો અંત લાવી શકાય....એ ભાવનાથી પેલા મરજીવાઓની માફક હું કેન્સર સાહિત્યના સાગરના પેટાળમાં ઉપરાઉપરી ડૂબકીઓ મારતો હતો તેવામાં જ અનાયાસે સ્વાતિ નક્ષત્ર માં છીપલાએ ઝીલેલું વર્ષાનું મોતીમાં રૂપાંતર પામેલું એવું પુસ્તક NOC મારા હાથમાં આવ્યું અને....

કંગાળ ચિંથરેહાલ અવસ્થામાં જીવતા પેલા અલ્લાઉદ્દીનને 'જાદુઈ ચિરાગ' મળ્યું ને એની સૂરત-મૂરત પલટાઈ ગઈ એમ....

જેમ જેમ NOC નાં પાનાં ફેરવતો ગયો તેમ તેમ 'સીમ સીમ ખુલ જા' ની જેમ પેલી ગુફા પરની અડીખમ શિલા ખસકતી ગઈ. અને એના પાને પાને ઠસો ઠસ ભરેલાં હીરા, મોતી અને પરવાળાં ના દિવ્ય તેજથી આંખો ઉભરાઈ ગઈ, અને હૈયું છલકાઈ ઊઠયું.

NOC ના ગ્રંથમાં ભરેલાં અભ્યાસના રત્નોમાં એક પણ રત્ન પેલાં ચાલીશ ચોરોએ લૂંટફાટ કરીને આણેલું ન હતું- એમાંનું એક એક મોતી તો મરજીવાઓ એ મહામૂલા રત્નાકરના પેટાળમાં ડૂબકીઓ પર ડૂબકીઓ મારીને જીવના જોખમે એક એક કરીને વિણેલું હતું. અને એ નિયતિના નિયમ પ્રમાણે જ હોય તેમ મારા હાથમાં આવ્યું હતું.

આ પુસ્તકનો અક્ષરે અક્ષર હું ચાવી ચાવીને હજમ કરી ગયો છું. એનું એક એક વાક્ય મારા લોહીમાં ભળી ગયું છે. અને મારા સમગ્ર અસ્તિત્વના જ્ઞાનતંતુઓનો એક એક સંવેદનશીલ તાર આ પુસ્તકના લખાણને અમલમાં મુકતી વેળાએ રણઝણી ઉઠે છે.



જ્યાં જ્યાં એ પુસ્તકના લખાણને સલાહ રૂપે મેં પેલા અભાગીયા કેન્સરના દર્દીઓને આપ્યું છે, અને એનાં જે જે રૂડાં પરિણામો નજરે જોયાં છે, રૂબરૂ હુબહુ અનુભવ્યાં છે, એનાથી NOC પ્રત્યેની મારી શ્રધ્ધા દિનપ્રતિદિન વધતી જ ગઈ છે, દ્રઢ બનતી ગઈ છે. અને આ પુસ્તક કેન્સર ગીતા એનો જીવંત પુરાવો છે.

આમાંનો એક એક કેન્સરનો દર્દી આજે આપણા બધાની વચ્ચે 'જીવંત' છે. એ જીવે છે એટલું જ નહીં, એ ખાય છે, પીએ છે, બોલે છે, ચાલે છે, હરે છે, ફરે છે, અરે વાર તહેવારે મહેફીલોમાં મન ભરીને નાચે છે, જીવનનાં બધાજ રંગ સામાન્ય માનવીની જેમ માણે છે, એટલું જ નહીં, એનાં બાલ-બચ્ચાં, કુટુંબીજનો, સગાંવ્હાલાં, કોઈ કહેતાં કોઈ પર 'પેલી' યાતનાઓનો ઓછાયો પણ જોવાં મળતો નથી.

જે પુસ્તકના લખાણના અભ્યાસથી અપાયેલી સલાહથી હું પેલા સેંકડો રીબાતા જીવોમાંના આંગળીને વેઢે ગણી શકાય એટલે જીવોને પણ હસતાં, રમતાં કરી શકતો હોઉ તો એ પુસ્તક મારે મન 'ગીતા' જેટલું જ પવિત્ર છે. જેના પર હાથ મુકી સોગંદ ખાઈ શકાય એટલું મહાન છે.

★ ★ ★

રામાયણ અને મહાભારત પણ ધાર્મિક ગ્રંથોતો છે જ. શિવપુરાણ કે ગરૂડપુરાણ પણ ઓછા ઉતરે એવાં નથી- પરંતુ એ બધામાં ગીતા જેટલું ઉંડાણ ભાગ્યેજ સાંપડે છે.

જ્યારે ગીતા ને માનવ જીવનના અણુએ અણુ સાથે સીધો અને અંગત સંબંધ છે. એ આત્મા અને પરમાત્માની ફીલોસોફી છે. એ

શરીર અને આત્માના સબંધોની થીયરી છે. એ મન અને માનવીને એકરૂપ બનાવતી સોનેરી કડી છે.

અને એટલે મારા પુસ્તકનું નામ હું આપું છું.

'કેન્સર ગીતા'

ભુલશો ના ! સદીઓથી ગીતા ને લાખો લોકો વાંચતા આવ્યા છે. હજારોએ એના પર એમની આગવી ટીપ્પણીઓ પણ કરી છે. જુદા જુદા માનવીઓએ એના જુદા જુદા અર્થો તારવ્યાં છે. અને કદાચ એટલે જ

ગીતા એ ગીતા છે.

એ કાંઈ સામાન્ય ધાર્મિક ગ્રંથનું થોથું નથી અરે, એતો જીવન જીવવાની એક અજોડ જડીબુટ્ટી છે.

--------------X--------------

પરિક્રમા કરીને જે સ્થળેથી યાત્રાની શરુઆત કરી હોય તે જ બિંદુ પર પાછા આવનારને જેટલો આનંદ સહજ રીતે થવો જોઈએ, એટલોજ આનંદ માનવી જ્યારે જીવનનું ચક્ર પુરું કરે છે ત્યારે થવો જોઈએ. એક ભર્યા ભર્યા જીવનની સાર્થકતાની એ નિશાની છે. નિયતિના નિયમ પ્રમાણે ચાલતા ચક્રનું એમાં સન્માન છે, અને પેલા પરમકૃપાળુ પરમાત્માને ચરણે અર્પેલી એક ભાવભરી અંજલિ છે.



# REFERENCES

જે જે અમૂલ્ય અને અલભ્ય પુસ્તકોમાંથી કેન્સર ગીતાના લખાણ માટે અવશ્યક માહિતી મેળવી છે, અને સુંદર જીવંત ઉપયોગી ચિત્રો પ્રાપ્ત થયાં છે એની અત્યંત આભાર સહ નોંધ લઉં છું.


1. Nature of Cancer (NOC) Vol 1.
*Dr. Manu Kothari & Dr. Lopa Mehta*

2. Cancer Myths & Realities
*Dr. Manu Kothari & Dr. Lopa Mehta*

3. Cancer, Principles & Practice of Oncology
Vol 1 & 2.
*Vincent T. De Vita Jr.*
*Samuel Hellman*
*Steven A Rosenberg.*

4. Pathology of the Female Genital Tract.
*Ancel Blanstein*
*Springer-Verlag*

5. Advances in Medical Oncology
Research and Education Vol. VI
Basis for Cancer Therapy - 2.
*Editor M. Moore*

6. Disease of the Breast - 3rd Edition
*Haagensen*

7. Fundamentals of Cancer Chemotherapy
*Marion D. Cridland*

8. Leukemia - 5th Edition
*Edward S. Henderson*
*T. Andrew Lister*

9. Leukemia and Non-Hodgkin Lymphoma
*Editor : D. S. Crowther*
10. Clinical Gynaecological Oncology
*Edited by : John H. Shephard*
*John M. Monaghan*
11. Controversies in Cancer
Designs of Trials and Treatment
*Edited by : Henri Tagnon MD*
*Maurice J. Staquet MD*
12. Life Science Library Publications
A. The Human Body
B. Stress
C. Cell
D. Light & Vision
E. The Physician
F. Health & Disease
13. The World Book - **Encyclopaedia**
14. Encyclopaedia Britanica
15. Quantum Healing
*Deepak Chopra*
16. Krsna - Various Issues
*Iscon Publications*
17. Geeta Dharma **ગીતા ધર્મ**
18. Various Magazines - Various Issues
A. Reader's Digest
B. National Geography
C. Discover India
D. Swagat
E. The India Magazine
F. Signature
19. **AVAYAV DARPAN - અવયવ દર્પણ**
20. **ANTI TENSION - એન્ટી ટેન્શન**




## અનુક્રમણિકા


| નં. | નામ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | ધૃતરાષ્ટ્ર | ૨૬ |
| ૨. | ગાંધારી | ૨૯ |
| ૩. | કેન્સરાર્જુન | ૩૧ |
| ૪. | શ્રી કૃષ્ણ | ૩૩ |
| ૫. | સંજય | ૩૪ |
| ૬. | અધ્યાય પહેલો - ઉત્પત્તિ યોગ | ૪૨ |
| ૭. | અધ્યાય બીજો કુરુક્ષેત્ર યોગ | ૫૮ |
| ૮. | જ્ઞાનની વ્યાખ્યા શું ? | ૮૦ |
| ૯. | અધ્યાય ત્રીજો - લક્ષણ યોગ | ૮૬ |
| ૧૦. | કારણોની કરુણ કથની | ૯૨ |
| ૧૧. | અધ્યાય ચોથો - નિદાન યોગ | ૧૦૫ |
| ૧૨. | ભણતર V/S. ગણતર | ૧૨૮ |
| ૧૩. | અધ્યાય પાંચમો - આગાહી યોગ (Prognosis) | ૧૩૨ |
| ૧૪. | નૈતિક બંધન | ૧૪૦ |
| ૧૫. | અધ્યાય છઠ્ઠો - નારીત્વ-પ્રતિક-યોગ | ૧૪૬ |
| ૧૬. | મયુરી-કોકિલા-હંસા (તીન દેવીયાં) | ૧૫૬ |
| ૧૭. | અધ્યાય સાતમો - સ્તન યોગ (ગાંઠ શાસ્ત્ર) | ૧૬૩ |
| ૧૮. | સ્તન કેન્સર વિષે - નિષ્ણાતોનાં મંતવ્યો | ૧૭૫ |
| ૧૯. | અધ્યાય આઠમો - (મગજ) ભેજાં-યોગ | ૧૭૬ |
| ૨૦. | જુઠાંણાં નો ખજાનો | ૧૮૧ |

| નં. | નામ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૨૧. | અધ્યાય નવમો - મલ્ટીપલ કેન્સર યોગ | ૧૮૫ |
| ૨૨. | વૈદ તારું વૈદું કર - | ૧૯૦ |
| ૨૩. | અધ્યાય દસમો - લ્યુકેમિયા-યોગ | ૧૯૨ |
| ૨૪. | ગુદાનું કેન્સર | ૨૦૫ |
| ૨૫. | અધ્યાય અગિયારમો - બોન મેરો ટ્રાન્સ્પ્લાન્ટ યોગ | ૨૦૮ |
| ૨૬. | આધુનિક ફ્લોરેન્સ નાઈન્ટીન્ગેલની વ્યથા | ૨૧૫ |
| ૨૭. | અધ્યાય બારમો - સારવાર યોગ | ૨૧૯ |
| ૨૮. | ઈલાજ ન કરવો એ પણ ઈલાજનો જ એક પ્રકાર છે | ૨૩૪ |
| ૨૯. | અધ્યાય તેરમો - જીવન-યાત્રા યોગ | ૨૪૨ |
| ૩૦. | બગદાદ નો ખલિફ | ૨૫૦ |
| ૩૧. | અધ્યાય ચૌદમો - પામરતા યોગ | ૨૫૭ |
| ૩૨. | દીપ-જ્યોતિ | ૨૬૧ |
| ૩૩. | અધ્યાય પંદરમો - વેકસીન યોગ (ભાગ-૧) | ૨૬૬ |
| ૩૪. | અધ્યાય સોળમો - વેકસીન યોગ (ભાગ-૨) | ૨૭૫ |
| ૩૫. | મનોવ્યથા એક કેન્સર નિષ્ણાતની | ૨૮૬ |
| ૩૬. | અધ્યાય સત્તરમો - કોષ-નિર્વાણ યાત્રા યોગ | ૨૮૮ |
| ૩૭. | મુક્ત હુએ બદનામ | ૨૯૫ |
| ૩૮. | અધ્યાય અઢારમો - દશાદેશ યોગ | ૩૦૦ |
| ૩૯. | ઈતિશ્રી | ૩૦૩ |
| ૪૦. | બિલાડીનો ઘંટ - ડૉ.મનુ કોઠારી. ડૉ.લોપા મહેતા | ૩૦૪ |
| ૪૧. | અને ફરી મળીએ એ પહેલાં | ૩૧૨ |




# ધૃતરાષ્ટ્ર

કેન્સર ગીતાનો ધૃતરાષ્ટ્ર એ સામાન્ય માનવી છે. એ જન્માંધ છે. એટલે જન્મ્યો ત્યારથીજ પોતાના શરીર વિષે અજ્ઞાન છે.

આ ઘોર અંધકારભરી અજ્ઞાનતાના પરિણામે, પોતાના હકનું હોવા છતાં એણે ઘણું બધું ગુમાવ્યું છે. અને જે ગુમાવ્યું છે, તે તેનું અમૂલ્ય સ્વાસ્થ્ય છે. અજ્ઞાનતામાં અખતરાઓ કરી કરી ગુમાવેલું સ્વાસ્થ્ય એને યેન-કેન પ્રકારે પાછું મેળવવું છે. અને એ પાછું મેળવવા માટે એણે જીંદગીભર ધમપછાડા કર્યા છે, સારા સારનો વિવેક ગુમાવ્યો છે.

એણે જે કંઈ 'જોયું' છે, (જ્ઞાન પ્રાપ્ત કર્યું છે) તે બીજાની દ્રષ્ટિથી જોયું છે. એને જે કંઈ બતાવવામાં આવ્યું છે એની અસલીયતની એને જરાપણ જાણ નથી. દુર્ભાગ્યે એના સલાહકારો શકુનિઓ અને દુર્યોધનોજ છે. એને જે કંઈ સંભળાવવામાં આવે છે એમાં ભારોભાર સ્વાર્થ અને અર્થ ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે. આમ એને જે કંઈ 'બતાવવામાં' કે 'સંભળાવવામાં' આવે છે એનાથી એનું સ્વાસ્થ્ય પાછુ મેળવવાના બદલે એ દિન-પ્રતિદિન વધુ ને વધુ અસ્વસ્થ બનતો જાય છે. એની શંકાઓનું નિવારણ થવાને બદલે એના ગુણાકાર થતા જાય છે. એનો ભય ટળવાને બદલે વધુને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરતો જાય છે.

સરી જતા સ્વાસ્થ્યને જાળવવામાં નિષ્ફળ જતાં એની ધીરજ ખૂટતી જાય છે, અધિરાઈ વધી જાય છે, અને એ રીતસરના હવાતીયા મારવાના ચાલુ કરી દે છે.

સારાસારનો વિવેક તો એ કેદા'ડાનો ભૂલીજ ગયો છે એટલે દાવ-પેચ અને ભેદ-ભરમના આશરા લેવા માંડે છે. એ સામે આવીને ઉભેલા નગ્ન સત્યને ઓળખવા પણ આનાકાની કરે છે. સ્પષ્ટ દિવા જેવી હકીકતો અપનાવવા પણ અખાડા કરે છે.

શરીર અને મન પરનો સંયમ ગુમાવી બેઠેલો ધૃતરાષ્ટ્ર ''પોતાના શરીરના અણુએ અણુ ને, ક્ષણે ક્ષણે કોઈ લૂટી લેશે'' એવા ભયમાં સતત ફફડતો જ રહે છે.

પેલા શકુનિઓ અને દુર્યોધનોએ એના કાનમાં લાઉડસ્પીકરોનાં ભૂંગળા ગોઠવ્યાં છે. દુનિયાભરની બિમારીઓ એના શરીરના એક એક અવયવને ફોલીને ખાઈ જવા તત્પર થઈને બેઠેલી છે, એવું એને ખૂબજ મોટા Amplify કરેલા અવાજે પેલા કાનમાં ફીટ કરેલા લાઉડસ્પીકરો વાટે જણાવાય છે.

તૂં લૂટાઈ જશે, બરબાદ થઈ જશે, તારૂં મગજ અસ્થિર છે, તારૂં હૃદય કમજોર છે, તારી આંખોતો અંધ છે જ, તારા ફેફસામાં કાણાં પડી ગયાં છે, તારૂં લીવર સડેલું છે, કીડની ફુટેલી છે, જઠર તો સાવ માયકાંગલું જ છે, આંતરડાં અટપટાં અનાડી છે.

ટેન્શનથી સંભાળજે, એ તારા મગજને ગાંડુ કરી નાખશે, બ્લડપ્રેશરથી તો આઘા જ રહેવું, લકવો થઈ જશે, આ ખાવ ને પેલું ના ખાવ, ઈન્વેસ્ટીગેશન કરાવો, રીપોર્ટોના ઢગલા કરો, ગોળીઓના ગોડાઉન ભરી દ્યો, અંગ-ઉપાંગો કપાવી નાખો, બદલાવી નાખો, જીવવું છે ને.....? તો અમે કહીએ તેમ કરો ....નહી તો ?

પેલા અજ્ઞાનના અંધકારમાં જીવતા ધૃતરાષ્ટ્રનું, સામાન્ય



માનવીનું જીવવું હરામ થઈ જાય છે.

આવા એક એક ધૃતરાષ્ટ્રને નજરમાં રાખી હું કેન્સર ગીતા લખું છું.

જે ઘોર અજ્ઞાનના અંધકારમાં જીવનને વિકૃત બનાવી નાખતા અવાજો એણે સાંભળ્યા છે, તેમાં ફક્ત એક જ, હકીકતોનો, સચ્ચાઈનો અને આશાનો સૂર હું એના કાન સુધી પહોંચાડી હૃદયમાં ઉતારી શકીશ, કે અંધકારમાં સત્યને ખોળવા ફાંફા મારતા ચક્ષુઓમાં દિવ્ય પ્રકાશનું એક કિરણ રેલાવી શકીશ તો મારૂં લખાણ સાર્થક થયું લેખીશ.

---------------X---------------

*સામાન્ય કોષોથી ગુંથાએલા સ્નાયુઓ (Tissues) અને કેન્સરથી નિપજતી સ્નાયુઓની ગાંઠ વચ્ચે કોઈ મૂળભૂત રાસાયણિક મેળવણીનો તફાવત હોવાના નિર્ણયાત્મક પુરાવાઓ ઉપલબ્ધ નથી.*

*બન્ને વચ્ચે જે કંઈ તફાવત છે ને કોષોની સંખ્યા (Quantity) નો છે, ગુણધર્મો (Quality) નો નહીં.*

# ગાંધારી

પતિ અને પત્નિ બન્ને એકબીજાનાં પૂરક છે. સ્ત્રી વિના પુરૂષ કે પુરૂષ વિના સ્ત્રી અધુરાંજ રહે છે.

ધૃતરાષ્ટ્ર તો જન્મથીજ અંધ હતો, પાંગળો હતો, અને પરણ્યો ત્યાં સુધી એને એનું પોતાનું કહી શકાય તેવું કોઈજ ન હતું.

એ અડધીયા, અપૂર્ણ અને અપંગ ભરથારને, જો એકાદી, આંખોએ દેખતી અર્ધાંગિનિ મળી જાય, તો એની જીવનની સઘળી ઉણપો ભરપાઈ થઈ જાય એમ હતું. એને બીજાના દોરવાયા દોરવાવું પડતું, બીજાનું બોલેલું માનવું પડતું, કહેલું કરવું પડતું એ બધીજ લાચારીઓનો એક ઝટકામાં અંત આવી જાત જો, એની પત્નિ બનીને આવેલી આંખોએ દેખતી ગાંધારીએ સ્વેચ્છાએ આંખે પટ્ટી બાંધી ન હોત તો....

કૌરવોના પક્ષમાં ધૃતરાષ્ટ્રના અંધાપાને લીધે પથારો પાથરીને જામી પડેલા એક પણ શખ્સ ને ગાંધારીને પટ્ટી છોડી દેવાની સલાહ આપવામાં રસ ન હતો. ગાંધારી દેખતી આંખે આંધળી રહે એમાંજ એ બધાની ખીચડી રંધાતી હતી.

અને એ એક ઈંચની કપડાની પટ્ટીએ કેટકેટલા અનર્થો ઉભા કર્યા ?

મારી ગીતામાં ધૃતરાષ્ટ્ર જેમ સામાન્ય માનવી છે, જે પોતાના શરીર વિષે અજ્ઞાત છે, તેમ, એજ સામાન્ય માનવીઓના સમૂહનો એક ભાગ/અંગ છે ગાંધારી...

આ વર્ગની દરેકે દરેક વ્યક્તિ ''જોઈ શકે છે'' પણ ''જોવા





ગાંધારીને દોરતી દાસી
ફક્ત બે જ આંગળની આ પટ્ટીએ યુગે યુગે કુરુક્ષેત્રો સર્જ્યાં છે

...રી શકે
...જી શકે
...ક્તિનો
...વહોરી
...તો પણ
...ડી....
...ી ગાંઠ
... છે -
...ે મોઢે
...ન્સરની
...ી સતી



ગાંધારીની આંખે પટ્ટી બાંધેલીજ રહે તોજ પાસા પોબારા પડે ને ?



માગતી નથી" એ ભણેલ છે, શિક્ષિત છે, વાંચી શકે છે, વિચારી શકે છે, બુધ્ધિમાન છે, સારા સારનો વિવેક જાણે છે, સાચું ખોટું સમજી શકે છે, બધીજ રીતે શકિતમાન હોવા છતાં એને એની એક પણ શક્તિનો ક્યાંય પણ ઉપયોગ કરવોજ નથી.

સમાજના આ આંખે પટ્ટી બાંધી સ્વેચ્છાએ અંધાપો વહોરી લેનારા આ વર્ગને મારે કશું જ કહેવું નથી.

આવી એક તો શું - આવી સેંકડો ગીતાઓ લખાશે તો પણ એમાંનો એક અક્ષર પણ એ પટ્ટીની આરપાર પહોંચી શકશે નહી....

મુબારક હો એમને એમની એ પટ્ટી.

--------------X--------------

*દેખાવમાં સારી લાગતી હોય, સામાન્ય જણાતી હોય તેવી ગાંઠ ટ્યુમર (Tumour) છે, અને તે ભલી - ભોળી - નિર્દોષ છે - Benign છે, ગભરાવાની જરૂર નથી એમ કહી એના બે મોઢે વખાણ કરવામાં આવે છે - વિકૃત લાગતી દરેક ગાંઠ કેન્સરની છે, Malignant છે એમ ઠોકી બેસાડવામાં આવે છે.*

*આનો અર્થ તો એવો થાય કે રૂપાળી લાગતી દરેક સ્ત્રી સતી સાવિત્રી છે અને બેડોળ લાગતી બધીજ સુર્પણખા છે.*

# કેન્સરાર્જુન

આંકડાશાસ્ત્રીઓનું એમ માનવું છે કે દર પાંચ માણસે એક માણસને કેન્સર થાય છે.

હમ દો-હમારે દો ના આ જમાનામાંય એમ જોવા જઈએ તો એક ઘરમાંજ પાંચ માણસો હોય અને સાવ દેશી હિસાબનું ગણિત પકડીએ તોય એનો સીધો સાદો અર્થ એવો થયો કે 'ઘેર ઘેર કેન્સર' હોવું જોઈએ.

આટલાં વ્યાપક પ્રમાણમાં જે બિમારી ફેલાયેલી હોય એ વિષે સાવ અંધકારમાં રહેવું કે એની અસલીયતથી અજ્ઞાત રહેવું એ સરાસર ગુન્હો છે.

એટલે પેલા પાંચમાંથી, પાંચ પાંડવોમાં ના એક એવા અર્જુનને જ કેન્સર લાગુ પડયું છે એમ માની લઈએ.

પેલા ઝાડ પર બેઠેલા પક્ષીની જમણી આંખ વિંધવાની હતી ત્યારેય એ પરીક્ષામાં પહેલા નંબરે પાસ થયો હતો ને દ્રૌપદી ના સ્વયંવરમાં થાંભલા પર બાંધેલા ત્રાજવામાં બે પગ થમાવી નીચે પાણીના હોજમાં પડતા પ્રતિબિંબને જોઈ ઉપરની ચકકર ચકકર ફરતી માછલીને વિંધવાની હતી - એમાં પણ પેલા પાંચેયમાં એજ મેદાન મારી ગયો....

હવે આવા એક નંબરના ખેલાડીને જયારે એમ કહેવામાં આવે કે "તને કેન્સર થયું છે, ઉઠ ઉભો થા, હથિયાર હાથમાં લે અને શરૂ કર કેન્સર સામે આંધળી લડાઈ !" તો હું નથી માનતો એ આંખ બંધ કરીને એ હુકમ માનવાનું શરૂ કરી દે.



એ કંઈ પેલો હાર્યો જુગારી યુધિષ્ઠિર નથી કે, ઉતાવળીયો ભીમ નથી. એ તો અર્જુન છે. અને એ ગાંડીવ ને ઉઠાવી એની પણછ ચડાવી ટણણણ કરતો ટંકાર કરે તે પહેલાં.....

"આ કેન્સર શું છે, તે એને સંપૂર્ણ અને સ્પષ્ટપણે જાણી લેવું છે."

ભલે ભિષ્મપિતામહ શંખ ફુંકયા કરે, દુર્યોધન ઉતાવળો થયા કરે, દુઃશાસન દેકારા દેયા કરે, કે શકુનિ મામો શંકા લાવ્યા કરે....

"મારા રથને બે સેનાઓ વચ્ચે લઈને ઉભો કરો" એ સારથિ શ્રી કૃષ્ણને આદેશ આપે છે"

અને પછી ટાઢા પેટે, ઉંચી નીચી થતી અઢાર અક્ષૌહિણી સેનાની જરાય પરવા કર્યા વગર એ પૂછે છે.

"હું આ કેન્સર સામે લડું તે પહેલાં મને એ તો સમજાવો કે એ કેન્સર છે શું ?"

કેન્સર ગીતાની લીટીએ લીટીએ અને પ્રકરણે પ્રકરણે એજ તો સમજાવ્યું છે....

પાંચમાંથી એક, જેને કેન્સર થયું છે એને તો આ લખાણ ઉપયોગી થશેજ પણ બાકીના પેલા મુંઝાયેલા ચાર ને પણ એ એટલુંજ ઉપયોગી થઈ પડશે.

"ગીતા કસમ"

---------------X---------------

# શ્રી કૃષ્ણ

**યદા યદા હી ધર્મસ્ય**
**ગ્લાનિર્ભવતિ ભારત:**
**અભ્યુથ્થાનમ્ ધર્મસ્ય**
**સંભવામિ યુગે યુગે !!**

નામ રૂપ ઝૂઝવાં- બાકી હોય તો એ એક નો એક જ- બધાનો જ જાણીતો અને માનીતો.

પેલો દ્વિધામાં પડેલો અર્જુન શ્રી કૃષ્ણને શરણેજ શું કામ ઝૂકયો ?

એનાથી વયમાં અને અનુભવમાં મોટા એવાં અન્ય વડિલો કયાં નહોતાં ?

ત્રણ ત્રણ પેઢી જોઈ ચુકેલા ભિષ્મપિતામહ હતા, સ્વગુરૂ દ્રૌણાચાર્ય હતા, ધર્મરાજ યુધિષ્ઠિર હતા, કૃષ્ણ જ શા માટે ?

સમગ્ર કુરૂક્ષેત્રના યુધ્ધ મેદાનમાં એ કૃષ્ણ એ એક જ એવી વ્યકિત છે, જેણે હાથમાં શસ્ત્ર ધર્યુ નથી. એને કોઈ લાભા લાભો જ્યા જ્યૌ માં દિલચસ્પી નથી.

કોઈને જીતાડીને એના રાજયમાં ભાગ પડાવવો નથી.

★ ★ ★

કેન્સર ક્ષેત્રે ચાલી રહેલાં કુરૂક્ષેત્રોમાંથી અગર કેન્સરાર્જુનો ને યોગ્ય માર્ગદર્શન, સહી દિશા સૂચન મેળવવું હશે તો એમને કૃષ્ણથી વધુ સારો સારથિ બીજો કોણ મળશે ?

અને સૌમ્ય વ્યવસાયોમાં જ્યારે જ્યારે અધર્મ અંધાધૂંધી આચરતો હોય છે, ત્યારે આવા કૃષ્ણો અવતાર લઈ ચૂકયાજ હોય છે.



સંભવામિ યુગે યુગે

ય
ગ
અ
સં

જ જાણ

ઝૂકયો

નહોતાં

દ્રૌણાચ

છે, જેણ
દિલચસ

માર્ગદશ
સારથિ

આચર



# સંજય

કેન્સર એ અગર કોઈ રોગ હોય, અને એના ઈલાજો વિષે ઉંડાણમાં અભ્યાસ કરવાનાં મહાકાય વિશ્વવિધાલયો હોય, તો એમાંના કોઈ એકનો પણ હું સામાન્ય વિધાર્થી પણ નથી, હું લાંબી ચૌડી ડીગ્રી ધરાવતો નિષ્ણાત પણ નથી. એટલું નમ્ર પણે સ્પષ્ટ કરી દેવાની રજા લઉં છું.

અને છતાં કેન્સર વિષે મારો નાતો છેલ્લાં સત્તાવીશ વરસથી ખૂબજ નજીકનો, અંગત કહી શકાય એટલો નજીકનો રહયો છે એ પણ એટલીજ સ્પષ્ટ હકીકત છે.

જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી મારવાનો કોઈ ઠરાવિક વ્યકિતઓનો ઈજારો નથી. કુદરતે માનવીને જન્મ વેળાએજ અન્ય અવયવોની જેમ મગજ નામનું પણ એક અત્યંત સંવેદનશીલ અવયવ આપેલું છે. આજ મગજ જેટલું શીખી શકે છે એટલું જ વિચારી પણ શકે છે.

શિક્ષણ, એ તો પથ દર્શક છે, દિશા-સૂચક છે. એ જ શિક્ષણ લીધા પછી એને અમલમાં મુકતા પહેલાં એના પર વિચાર કરવા હરેક વ્યકિત પોત પોતાની રીતે મુકત છે, સ્વતંત્ર છે. શિક્ષણનો પ્રભાંવ એટલો તીવ્ર તો ન જ હોવો જોઈએ કે વિચારશકિત બુઠ્ઠી થઈ જાય, બુધ્ધિ કુંઠિત થઈ ભ્રષ્ટ થઈ જાય, અને માનવીનું લાગણીઓનું તંત્ર જડ થઈ જાય.

કેન્સર વિષે તો તમે પણ ઘણું બધું જાણતા હશો. તમારી જ ઑફીસમાં કામ કરતાં કર્મચારીઓમાંના કોઈને કે એમનાં મિત્ર-મંડળ,

આડોસી-પાડોસી, સગાવ્હાલાં કે કુટુંબનું જ કોઈ એકાદ જણ એની ઝાપટમાં સપડાયું હશે. અરે આ પુસ્તક વાંચનારી એકાદી વ્યકિત પોતે પણ કદાચ કેન્સરની સારવારની યાતનામાંથી પસાર થઈ રહી હશે.

એટલે, કેન્સર વિષે જાણવાનો જેટલો અધિકાર ડૉકટરોને છે, મેડીકલ સ્ટુડન્ટસને છે કે નિષ્ણાતોને છે એટલો જ, બલ્કે એથી પણ વિશેષ અધિકાર દરેકે દરેક માનવીને પણ છે જ. અને આપણે એને જેટલું નજીકથી ઓળખીશું એટલું આપણા બધાંનું જીવન વધુ સરળ બનશે.

મુકંદ લીમંિટડ ના દવાખાનામાં મારી પાસે આવતી દર દસ વ્યકિતમાંથી એક, કેન્સર વિષેની ચર્ચા કરવા, જાણકારી મેળવવા આવતી હોય છે, એમ અંદાજે કહું તો અતિશયોકિત નથી. આવી એકાદ વ્યકિતની જ આપણે વાત કરીએ તો આપને ખ્યાલ આવી જશે કે

"હું કેન્સરના પ્રેમમાં કેમ પડયો ?"

મોટા ઔધોગિક કારખાનાઓમાં સામાન્ય રીતે અવારનવાર વેકસીનેશન કેમ્પ્સ, બ્લડ ડોનેશન કેમ્પસ, આઈ-ચેક અપ વિગેરે કરવામાં આવતાં હોય છે. આવી જ રીતે કેન્સર ડીટેકશન કેમ્પ (Cancer Detection) પણ યોજવામાં આવે.

ત્રણ થી ચાર હજાર કામગારો, હજારેક સ્ટાફના માણસો અને એમનાં કુટુંબીજનો મફતમાં થતું આ ચેક-અપ કરાવવા લાઈન લગાવે.

હસતાં રમતાં આવતાં આ માનવીઓના નખમાં પણ રોગ ન દેખાતો હોય, પણ જેવું એમનું પોતાનું ચેક-અપ કરાવવા, તપાસવાના ટેબલ પર સુવે કે તુરત એમની આંખોમાં એક અજ્ઞાત ભય ડોકાતો દેખાય.



ચેક-અપ નું રૂટિન (Routine) પુરુ થઈ જાય, અને જયારે એ તપાસવાના રૂમમાંથી બહાર આવે ત્યારે એક ન સમજી શકાય છતાં સ્પષ્ટ દેખાઈ આવે એવી anxiety ઈંતેજારી એમના ચહેરા પર અંકાયેલી હોય.

રીપોર્ટમાં શું આવશે ? નેગેટીવ હશે કે પોઝીટીવ ? પોઝીટીવ હશે તો પછી શું ? આવા જાત જાતના પ્રશ્નોના વમળમાં એ રીપોર્ટ હાથમાં આવે ત્યાં સુધીના વચ્ચેના ત્રણચાર દિવસો સુધી ઘૂમરાયા કરે - કાચા ધાગા પર લટકતી તલવાર નીચે સૂતો હોય તેમ....

આ વચ્ચેના વેઈટીંગ પીરીયડનાં દિવસોમાં એ જેટલી વાર બને એટલી વાર દવાખાનામાં આવે. જાણે એનો રીપોર્ટ પોઝીટીવ જ આવવાનો છે એમ સમજી "હવે પછી શું કરવું ?" એમ પુછપરછ ચાલુ કરી દે. સાવ સહજ રીતે એના આખા કુટુંબની પરિસ્થિતિ હાલ કેવી સુખી છે અને કેન્સર નું નિદાન થશે તો કેવી બેહાલ થઈ જશે એની કલ્પનાઓ કરવાનું શરુ કરી દે. એમના જ કોઈ સગાને ગળાનું કેન્સર નિદાન થયું પછી બે વરસમાં જ કેવી રીતે રીબાઈ રીબાઈને મરી ગયો એનું વિગતવાર વર્ણન કરી નાખે.

આવી રીતે પ્રાથમિક તપાસ કરવામાં આવેલી વ્યકિતઓમાંથી પાંચથી દસ ટકા વ્યકિતઓને 'વધુ તપાસ' (Further Check-Up) માટે હોસ્પીટલમાં બોલાવવામાં આવે.

આવી રીતે બોલાવવામાં આવી હોય તેમાંથી ફકત એક જ વ્યકિતની આપણે વાત કરીએ. સગવડ ખાતર આપણે એનું નામ માધુરી રાખીએ.

માધુરી, ઉમ્મર પાંત્રીસ વરસ, બે ગલગોટાં જેવાં બાળકોની માતા. શરીરે સાવ સાજી નરવીને તંદુરસ્ત-હસમુખી અને મળતાવડી-ગ્રેજ્યુએટ થએલી. છેલ્લાં દસ વરસથી કંપનીના કોમ્પ્યુટર વિભાગમાં પ્રોગ્રામર તરીકે કામ કરે.

એનું Routine રૂટિન ચેક અપ થયું- બીજા બધાં ટેસ્ટ સાથે PAP TEST પણ થયો. વેજીનલ સ્મીઅર, સ્વાબ ટેસ્ટ નાં રીપોર્ટ માં ગર્ભાશયના દ્વાર (Cervix) પર થોડી એબનોર્મલીટી (Abnormality) દેખાઈ અને એને હોસ્પીટલમાં બાયોપ્સી (Biopsy) માટે બોલાવવામાં આવી.

પછી શું થયું એ વિગતવાર લખવા બેસું તો આ પુસ્તક જેટલાં બીજાં દસ પુસ્તકો પણ ઓછાં પડે.

જે દિવસે એને હોસ્પીટલમાં બોલાવવામાં આવી તે જ દિવસથી જાણે એના નામનું ડેથ વોરંટ ઈસ્યુ (Death Warrent) થઈ ચૂકયું હતું.

એનાં સાવ નજીકનાં કુટુંબીઓએ, સગાવ્હાલાં અને ઑફીસનાં સહ-કર્મચારીઓએ એને એક (Gone Case) 'થોડા દહાડાની મહેમાન' તરીકે રજીસ્ટર કરી દીધી હતી.

એના પતિએ પોતાની ઑફીસમાંથી શરૂઆતમાં ચાલુ પગારે અને ધીરે ધીરે વગર પગારે રજાઓ મુકવા માંડી. એનો કામ પરનો રીપોર્ટ ખરાબ આવવાથી એનું પ્રમોશન અટકી ગયું. બેદરકારીના મેમો પર મેમો આવવા લાગ્યાં.

એનું પોતાનું અને માધુરીનું બેંક બેલેન્સ તો શરુઆતના જ દિવસોમાં અવરજવર અને સારવાર દવાઓના ચકકરમાં જ ઓગળી ગયું હતું - હવે તો એનાં પ્રોવીડન્ટ ફન્ડ, સોસાયટીની લોનો, મિત્રો-સગાવ્હાલાં



પાસેથી લીધેલાં ઉધાર ઉછીના પૈસા પણ ઓછા પડવા લાગ્યાં.

એની આંખો ગોખલામાં ઊંડી ઉતરી ગઈ, ગાલમાં ખાડા પડી ગયાં મરવાને વાંકે હજુયે જીવતો હતો ખરો.

છોકરાં બાપડાં બિચારાં બની ગયાં - કદી અડોસ-પડોસમાં તો કદી પિયર સાસરીયામાં, અનાથ-આશ્રમમાં મુકે તેમ મુકાય. એમનો અભ્યાસ ખડી પડયો, કપડાં મેલાં ઘેલાં - ફાટ્યાં તૂટ્યાં શરીર પર લટકતાં - અરે ન્હાવાનુંય બે-બે ત્રણ ત્રણ દિવસ સુધી કોઈ નામ ન લેતું.

અને પેલી માધુરી - પેલી હસતી રમતી આનંદી માધુરી - ?

કન્સલટન્ટસનાં ચકકર, રેડીયોથેરેપી, કીમોથેરેપી, હોસ્પીટલોમાં એડમીશન્સ, પહેલાં માઈનર અને પછી મેજર અને પછી એનાથી મોટાં સૂપર-મેજર ઑપરેશનો કરાવી ત્રણ વરસમાં, આડત્રીસ વરસની ભર યુવાનવયે મરી ગઈ.

એ તો મરી ગઈ.... પણ એની આજુબાજુનાં બધાંને મારતી ગઈ. માનસિક રીતે, આર્થિક રીતે અને સામાજિક રીતે પણ પાયમાલ કરતી ગઈ.

આવી તો લાખો માધુરીઓ રીબાઈ રીબાઈ ને યાતનાની ચીસો પાડતી પાડતી અકાળે-કમોતે મરે છે. એક એક માધુરીનું મૃત્યુ પેલા કેન્સર નામના ભૂતને વધુને વધુ વિકરાળ સ્વરૂપ આપતું જાય છે.

આવી જ કોઈ એકાદી માધુરીને તો તમે પણ સાવ નજીકથી ઓળખતાં હશો. એમાંની કોઈનું આખે આખું ગર્ભાશય કાઢી નાંખ્યું હશે તો કોઈની ઓવરી, કોઈનું એકાદું ફેફસું ચૂંથી નાંખ્યું હશે તો કોઈનું સ્ત્રીત્વ

અને માતૃત્વ ના પ્રતિકરૂપ આખે આખું સ્તન છુંદી નાખ્યું હશે.

આમાંની મોટાં ભાગની માધુરીઓએ શરમ અને યાતનાના જીવતા દોઝખમાંથી મરીને મુકિત મેળવી હશે, તો વળી મરવાને વાંકે જીવતી કોઈક અભાગિયણ શમણાંની ધગધગતી રાખ શરીરે ચોળી ભાગ્યને દોષ દેતી (નિ)શ્વાસ લઈ રહી હશે.

તમે તેનો નિશ્વાસ નો સૂસવાટા ભર્યો ભયંકર અવાજ સાંભળ્યો છે કે નહીં તે મને ખબર નથી પરંતુ મેં એ અત્યંત જાગૃત અવસ્થામાં અનુભવ્યો છે.

વસ્ત્રો ઉતારી બાથરૂમમાં બેસી ભરયુવાનીમાં સૌંદર્યથી ભ્રષ્ટ થયેલી એ ભાર્યા જયારે એના છૂંદાયેલા સ્તન પર હાથ મુકે છે, ત્યારે એની નાભિના ઉંડાણમાંથી, સમગ્ર વિશ્વની કેન્સરની સંસ્થાઓને બાળીને ભસ્મ કરીદે તેવો ધગધગતા લાવારસ જેવો નિશ્વાસ ઉછાળા મારતો ઉભરાઈ આવે છે.

યુવાન પુરુષોને કે વયસ્કોને પણ આ કેન્સર-ખાં ઓએ પાયમાલ કરવામાં પાછું વાળીને જોયું નથી. આશાભર્યા કંઈક ભરયુવાનીમાં થનગનતા યુવાનોનાં ગળા લાઈટોથી દાઝેલાં મેં જોયાં છે. કોઈનું થાયરોઈડ, તો કોઈનું પ્રોસ્ટેટ, કોઈનું પેન્ક્રીયાઝ તો કોઈનું બ્લેડર અરે મગજ જેવા મગજને પણ ખોતરી નાંખતાં એમનું રૂંવાડુંય ફરકતું નથી.

અગત્યના અવયવોની કાપકુપી કરવાની તો જાણે એક રીતસરની સ્પર્ધા જ માંડવામાં આવી છે.

આખે આખા શરીરનું - સાવ કુમળી વયનાં ફુલ જેવાં બાળકોનું લોહી છાસવારે બદલવું - અરે હાડકાનાં પોલાણમાં આવેલા ગર્ભને ફેંદી



નાખવો.

કુરુક્ષેત્રના યુધ્ધને પણ શરમાવે એવું આ કેન્સર નામના એક કોષ સામેનું તુમુલ યુધ્ધ-

એના નામ માત્રથી ભલભલા મહારથીઓનાં કાળજા ભયથી ફફડી ઊઠે છે, ગાત્રો શિથિલ થઈ જાય છે, હાથે પગે પસીનો છૂટી જાય છે, ભૂખ ઉડી જાય છે, ઉંઘ હરામ થઈ જાય છે, બુધ્ધિ બ્હેર મારી જાય છે - શેષ જીવન એક મહાભયંકર બોજ બની જાય છે.

ફકત કેન્સરના દર્દીઓનોજ નહીં - એની સાથે સંકળાયેલાં નાનાં બાળકોથી માંડી જીવનની સંધ્યાએ ઉભેલાં એમનાં આપ્તજનો એ બધાંની લાગણીઓ, ભાવનાઓ, ત્રાસ, શંકાઓ, ભય, જાણે એ મારાં પોતાનાં જ સ્વજનો હોય એમ મને સ્પર્શી ગયાં છે.

એમને કેન્સરનો પડછાયો પડયો એ પહેલાનું અને સારવાર કરીને મરી ગયો હોય તે દરમિયાનનું અને પાછળનું જીવન મારી લાગણીઓ ને મૂળમાંથી હચમચાવી ગયું છે.

આ સ્વાનુભવે મને ઘણું ઘણું શીખવ્યું છે. જે શિક્ષણ દુનિયાની કોઈ યુનિવર્સિટી કોઈને આપી શકતી નથી એ સાવ સહજ રીતે મારા વ્યવસાયની ખુરસી પર બેઠાં બેઠાં સામે ચાલીને મારી પાસે આવ્યું છે.

અને એ જ આસન પર બેસી પેલાં દીર્ઘ-દિવ્ય દ્રષ્ટિ વાળા સંજયની જેમ, આ વિષય ને જાણવાની જીજ્ઞાસા રાખનારા ધૃતરાષ્ટ્રોને હું જે કંઈ જોઈ રહયો છું, તેનું અસલી સ્વરૂપમાં યથાશકિત બયાન કરું છું.

★ ★ ★

## સહૃદયી સ્પષ્ટતા

કેન્સર ગીતા માં જે કંઈ લખવામાં આવ્યું છે તે કોઈપણ વ્યકિત કે સંસ્થા પરના દ્વેષ, ઈર્ષ્યા કે રોષથી લખવામાં આવ્યું નથી. કે નથી એમાં લખેલ કોઈ પણ શબ્દ મનન કે વિચાર કર્યા વિના લખ્યો હોય તેવો.

આજ ક્ષેત્રમાં ખૂબજ પ્રતિષ્ઠિત એવા જે વૈજ્ઞાનિકો, તબીબો અને શોધકોએ મનન પૂર્વક, વિચારપૂર્વક અભ્યાસ કરી જે તારણો પ્રસિધ્ધ કર્યાં હોય એને મેં વાંચ્યાં છે - કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર એના પર વિચાર કર્યો છે, મારી સામાન્ય સમજમાં એ લખાણ Accept થયું હોય, Absorb થયું હોય તે પછી એને મેં મારી સમજ પ્રમાણે Interprete કરી આપની સમક્ષ રજુ કરવાનું સાહસ કર્યુ છે.


આવાજ નિષ્ણાતોના જે લખાણો મને સમજાયાં નથી, મારી સામાન્ય બુધ્ધિએ કબુલ કર્યા નથી અને જે વાંચીને વાંચકો દ્વિધામાં મુકાઈ જાય, ગુંચવાડો ઉભો કરે એવાં લખાણો નો સમાવેશ કરવાનું મેં ઈરાદાપૂર્વક ટાળ્યું છે.

અને એટલે આ પુસ્તકનું સમગ્ર લખાણ બીજા નિષ્ણાતોના લખાણો પર આધારિત હોવા છતાં જેને અંગ્રેજીમાં PRE DIGESTED (સમજપૂર્વક પચાવીને લખેલું) કહે છે, તેવું છે. એટલી નમ્રતા પૂર્વક સ્પષ્ટતા કરી લઉં છું.

---------------X---------------

*કેન્સરની સારવાર તરીકે, ઈલાજ રૂપે આપવામાં આવતાં રેડીએશન, દવાઓ, કેમોથેરેપી, વાયરસીસ, હોર્મોન્સ અને વેકસીન્સ થી પણ કેન્સર થાય છે. એ પુરવાર થઈ ચુકયું છે.*

નોર્મલ સેલ અને કેન્સર સેલ



સામાન્ય કોષ અને કેન્સર કોષની દ્વિભાજીત થવાની પ્રક્રીયા - સામાન્ય કોષને ભાગે એક નિશ્ચિત કાર્ય કરવાનું હોય છે, જ્યારે કેન્સર કોષ ક્યા કારણસર વૃધ્ધિ પામે છે તે હજુ સુધી સમજી શકાયું નથી.



# અધ્યાય પહેલો - ઉત્પત્તિયોગ

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે - સમવેતા યુયુત્સવ :**
**મામકા : પાંડવાશ્ચૈવ, કિમ કુર્વત સંજય !**

માનવીની રગ રગમાં વ્યાપી ગએલું અને એની સમગ્ર જીંદગી દરમિયાન જાગ્રુત કે સુષુપ્ત અવસ્થામાં ભય પમાડતું આ 'કેન્સર' શું છે એની અસલિયત જે હું જાણતો નથી તે, હે સંજય મને સમજાવીને કહે :

જીવ જગત જેને કહેવાય, એવા આ પૃથ્વીના પટ પર વસતો પ્રત્યેક જીવ કેન્સર સાથે એક અથવા બીજી રીતે જોડાયેલ છે. આ જીવોમાં ઝાડ-પાન, જીવ-જંતુ, પ્રાણી-પક્ષી અને અલબત્ત માનવી એ બધાનો જ કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાવેશ થઈ જાય છે.

પ્રત્યેક જીવને કુદરતે જીવનનો એક સમય નિશ્ચિત કરી આપેલ છે. અને એટલે જ જેમ બીજ રોપવાથી ફણગો ફુટી છોડમાંથી વૃક્ષ બને છે, ફળ આપે છે અને કાળે કરી સુકાઈને ક્ષય પામે છે, એમ માનવ શરીર માના ગર્ભમાં આકાર લઈ જન્મે છે, જીવે છે કાળે કરી ક્ષીણ થાય છે અને પંચમહાભૂતમાં વિલીન થઈ જાય છે.

જન્મ - જીવન અને મૃત્યુ એનાં કોઈ કારણો હોય નહીં- સમગ્ર વિશ્વની કોઈ એક ગૂઢ શકિત જેનું એક ખૂબજ સૂક્ષ્મતાથી ચોકસાઈપૂર્વક નિયંત્રણ કરી શકે છે એના આધારે જ આ જન્મ-જીવન મરણનું ચક્ર એકધારૂ વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે છે.

કોઈપણ જીવ, "શા માટે જન્મ્યો ?" એમ આપણે પુછતા

નથી કે એનું કારણ શોધવા ફાંફાં મારતા નથી તો પછી આપણે ''એ શું કામ મરી ગયો ?'' આમ કર્યું હોત તો એ ન મરત'' એવા અસંગત પ્રશ્નો પુછવાનો શા માટે હઠાગ્રહ રાખીએ છીએ ?

જન્મના પ્રમાણપત્રમાં (Birth Certificate) Cause of Birth ની કોલમ આપણે રાખતા નથી. જન્મને આપણે સૃષ્ટિની એક અકળ અદ્‌ભૂત રચનાના અફર નિયમ તરીકે સ્વીકારી લઈએ છીએ.

પછી શા માટે (Death Certificate) મૃત્યુના પ્રમાણપત્રમાં Cause of Death મૃત્યુનું કારણ લખવાનો આગ્રહ રાખીએ છીએ ?

આ આગ્રહ એટલો બધો તીવ્ર હોય છે કે કદાચ જો મૃત્યુનું કારણ દેખીતું-સ્પષ્ટ રીતે સમજવામાં આવે એવું ન હોય તો મૃત માનવીનું મુડદું ચૂંથી ને પોસ્ટ-મોર્ટમ કરીને જ છોડીએ છીએ.

મૃત માણસને માટે આપણે 'દેવ થઈ ગયા'' એવો શબ્દ વાપરીએ છીએ. જેના પાર્થિવ દેહમાંથી પવિત્ર આત્માએ વિદાય લીધી છે એ દેહના એક એક અવયવને ચૂંથી નાખી ફેંદી નાખી યેન કેન પ્રકારે મૃત્યુનું કારણ શોધી કાઢવાનો એક પ્રકારનો પાશવી કહી શકાય એવો આનંદ મેળવીએ છીએ.

શંકાસ્પદ અટપટા સંજોગોમાં મૃત્યુ પામેલ માનવીના મૃત્યુનું કારણ મારી મચડીને શોધી કાઢયા પછી જાણે એક મહાન પરાક્રમ કર્યું હોય એવી બહાદુરી બતાવતાં લાજ પણ આવતી નથી- અરે કોઈ કોઈ વાર તો પેલા આર્કીમીડીઝ ની જેમ 'EUREKA' ની બુમો પાડતા પાડતા નાગા થઈ રસ્તા પર દોડવાનું જ જાણે બાકી રાખીએ છીએ.

શા માટે ?... શા માટે Cause of Death મૃત્યુના કારણની



કોલમમાં સાવ સીધી સાદી, સાચી સ્પષ્ટ ભાષામાં આપણે એમ લખીને સંતોષ માનતા નથી કે ? THE PERSON DIED, BECAUSE HE WAS BORN ''એ મૃત્યુ પામ્યો કારણ કે એ જન્મયો હતો.''

મૃત્યુ ને પ્રવેશવા માટે દસ હજાર દરવાજા છે. અને શાસ્ત્રો પુરાણો ચીસો પાડી પાડીને કહી ગયાં છે કે જે - ક્ષણ-ઘડી નિશ્ચિત કરેલી હોય છે એમાં એક ઘડીનો પણ વિલંબ થતો નથી.

જન્મ માટે ફકત એક જ કારણ હોય છે. સ્ત્રી અને પુરૂષ - પુરૂષ અને પ્રકૃતિનો સંગમ થાય અને એક નવો જીવ આકાર પામી આ પૃથ્વી પર અવતરે.

પરંતુ જન્મ વેળાએ તો એ જીવને આકાર આપવાનો હોય છે. એનું સમગ્ર અસ્તિત્વ ઘડવાનું હોય છે. એવું અસ્તિત્વ જે જીવન દરમિયાન એને ક્ષણે ક્ષણે ઉપયોગી થવાનું હોય. આ ઘડતર કરવામાં કુદરતને એક નિશ્ચિત સમય જોઈએ છે.

જયારે મૃત્યુમાં ''ઘડી જ'' મહત્વની છે ''કારણ'' નહીં. એ ઘડી, જયારે જીવને - આત્માને શરીરમાંથી છૂટો કરી - અમુક નિશ્ચિત કરેલા સમયે એને બીજે કયાંય પ્રસ્થાપિત કરવાનો હોય છે.

અને એ માટે મૃત્યુને તમને નોટીસ કે ચેતવણી આપવાની જરૂર જણાતી નથી. કદાચ એટલા માટે જ એણે પેલા દસ હજાર દરવાજાની ચાવી પોતાના હસ્તક જ રાખેલી છે -

અને એવા દસ હજાર દરવાજાઓમાંનો એક છે.

'કેન્સર'

આંકડાશાસ્ત્રીઓ નું માનવું છે કે દર પાંચ જીવોમાંથી એક ને કેન્સર લાગુ પડે છે.

આ વિધાન નો સીધો-સાદો અને સ્પષ્ટ અર્થ એ થયો કે મૃત્યુના પેલા દસ હજાર દરવાજામાંથી કેન્સર નામનો આ એક દરવાજો વધુ સગવડ ભર્યો હોવો જોઈએ.

કુદરતના કોઈ પણ ક્રમમાં, કોઈપણ રચનામાં ક્યાંય કહેતાં ક્યાંય વિકૃત્તિ છે જ નહીં. બારીકાઈથી નિરીક્ષણ કરશો તો આ વાત મારે વિગતવાર સમજાવવાની જરૂર નહીં પડે. સાવ સૂક્ષ્મ જણાતી કીડીથી માંડી હાથીની રચના જુઓ કે બીજમાંથી ફણગો ફુટીને ઉછરતા તોતિંગ વડના ઝાડને જુઓ. જીવ માત્રનો બારીકાઈથી અભ્યાસ કરનારા સેંકડો વૈજ્ઞાનિકો એ વાતને સમર્થન આપશે કે કુદરતને દરેકે દરેક વાત એકદમ પરફેક્ટ PERFECT જ મંજુર છે. રતીભાર પણ એની રચનામાં કે કાર્યમાં કચાશ જોવા નહીં મળે.

કેન્સર જેવાં મૃત્યુનાં સર્વસાધારણ કારણોમાં પણ કુદરતના Perfection નું આપણને દર્શન થાય છે.

આવો જરા કેન્સરને ઉપર ઉપરથી સર્વ પ્રથમ ઓળખી લઈએ, જેથી એના ભિતરનાં સૌંદર્ય ને ઓળખવું સહેલું થઈ પડે.

સમગ્ર વિશ્વમાં પ્રાથમિક ઘટકો Primary Elements વિષે અવયવ દર્પણમાં આપણે વિગતવાર ચર્ચા કરી હતી.

માનવી જયારે ગર્ભમાં આકાર લઈ રહયો હોય છે તે વેળાએજ એના શરીરમાં ગુણાકાર પધ્ધતિએ વૃધ્ધિ પામતા પેલા કોષો (Cells) જુદા જુદા આકાર લેવાનું શરુ કરે છે.



વિવિધ પ્રકાર ના આકાર લઈ રહેલા આ બધા જ સામાન્ય કોષો માંના એકે એક કોષમાં એ સમયે જ સાવ સુષુપ્તાવસ્થામાં કોઈપણ જાતની ડખલ કે ગરબડ કર્યા વિના કેન્સર ના કોષો પણ અસ્તિત્વમાં હોય જ છે.

એટલે Fundamentally પ્રાથમિક રીતે એક વાત સિદ્ધ થઈ જાય છે કે :

કેન્સરના કોષ એ કોઈ અન્ય રોગના જંતુઓની જેમ માનવ શરીરમાં બહારથી આક્રમણ કરતાં- જબરજસ્તીથી શરીરમાં પ્રવેશી બિમારી પેદા કરતાં કોઈ ખતરનાક વિષાણુ કે જીવાણુ -VIRUS કે BACTERIA નથી.

આ કેન્સર પેલા પાંચ જીવોમાંથી ફક્ત એક જણને પોતાનું પ્રિય પાત્ર બનાવવાનું નકકી કરે છે. ત્યારે એ કોઈ પક્ષપાત બતાવતું નથી કે નથી જોતું જીવો જીવો માં કોઈ ભેદભાવ.

હકીકતમાં તો 'કેન્સર' થી મૃત્યુ પામવું પડે એ કદાચ સૌથી વધુ કુદરતી, સૌમ્ય અને ઈજ્જતભર્યું મૃત્યુ ગણાવું જોઈએ. બીજા શબ્દોમાં આ જ વાત કહીએ તો કેન્સરથી મૃત્યુ પામનારા માનવીઓને "વિશિષ્ઠ પ્રકારના" Previleged Persons ની કક્ષામાં મુકવા જોઈએ.

પણ કેન્સર ખુદ આ બાબતમાં ખુબ જ નિષ્પક્ષ છે એ કોઈ વી.આઈ.પી.ની શેહમાં દબાય તેવું નમાલું નથી.

એટલે જ એ રાજા કે ભિખારી, ગરીબ કે તવંગર ડૉકટર કે પેશંટ જેવા કોઈ ભેદભાવ માન્ય રાખતું નથી. એ ઉમરનો તફાવત પણ કબુલ કરતું નથી. દમ કે ટીબી જેવા રોગોથી જેમ વૃધ્ધાવસ્થામાં મૃત્યુ થાય

છે તેમ કેન્સર વયની પણ કોઈ સીમાઓ બાંધતું નથી. એ સ્ત્રી અને પુરુષ ને સમાન હકક આપવામાં માને છે.

અતિત ના અન્ય ઘટકોમાં નું એક કેન્સર જીવ માત્રના અન્ય ઘટકો સાથે હંમેશાં એકધારું સંવાદ કરતું જ હોય છે. આ અબજો ઘટકોમાં જે પહેલાં અસ્તિત્વમાં હતા, હાલ મોજુદ છે અને ભવિષ્યમાં હવે પછી જે નવા આવશે એ બધાજ ઘટકોનો સમાવેશ થઈ જાય છે. ટૂંકામાં કહીએ તો કેન્સર એક સમગ્ર કાળચક્રની કાયમી કડી છે - લીન્ક (Link) છે. કેન્સર કેવળ આશ્ચર્યજનક રીતે અદ્ભૂત જ નહીં કલ્પનાતિત રીતે અલૌકિક પણ છે.

કેન્સર જેવા ઘટકની સરખામણીમાં ઉતરવાની લાયકાત ધરાવતું કોઈ ઘટક હજુ સુધી થયું નથી, છે નહીં કે થશે પણ નહીં. અરે એ તો એટલી મહાન ગૂઢ અને વિરાટ શકિત છે કે પામર માનવી એને આજ દિવસ સુધી ઉપર ઉપરથી પણ ઓળખી શકયો નથી - તો એને ઓળખીને એના પર પ્રભુત્વ મેળવી એનો નાશ કરવાનું સામર્થ્ય તો એનામાં હોઈ જ કેમ શકે ?

કેન્સર કોષના આટ આટલાં ગુણગાન ગાવા પાછળનું કારણ પણ આપણે જાણી જ લઈએ -

ઉપર ઉપરથી ઓળખાણ કરી લીધા પછી આવો જરા એને વધુ નજદીકથી ઓળખી લઈએ..

Cell - કોષ વિષે અવયવ દર્પણના પ્રકરણ "જીવ માં જીવ હું" માં આપણે ઘણી બધી ચમત્કારિક લાગે તેવી સત્ય હકીકતો વાંચી હતી નહીં ?



શરીરના અબજો કોષોમાંનો એક એક કોષ, સ્વયં એક મોટા મહાનગર જેટલો જીવંત છે, કાર્યશીલ છે અને સમજદાર છે એવું પણ તમને જણાવવામાં આવ્યું હતું.

ગર્ભધારણ વેળાએ ફકત સ્ત્રીબીજ ઓવમ અને શુક્રબીજ સ્પર્મ (Sperm) આ બે જ કોષોનું મિલન ગર્ભાશયની ઉપર આવેલ ફેલોપીન ટ્યુબમાં થાય છે.

જેવા આ બે મળે છે કે તુરત એક ચમત્કારિક રાસાયણિક ક્રીયા શરુ થઈ જાય છે. અને ભેગા મળેલા આ બે, સ્ત્રી અને પુરુષ બીજ એમનામાં છુપાએલા ક્રોમોસોમ્સ ની મદદથી ગર્ભ ને આકાર આપવા માટે જરૂરી એવા અન્ય કોષોનું ઉત્પાદન કરવાના કાર્યમાં લાગી જાય છે.

હવે શરીરને જુદા જુદા આકાર આપવા માટે, શરીરના જુદા જુદા અવયવોને પોત પોતાનું વેગ વેગળું કાર્ય ખૂબજ ચોકસાઈ પૂર્વક કરી શકે તેવાં ઘડવા માટે કોષો પણ જુદા જુદા પ્રકારના ઘડવાનું જરૂરી બને છે.

આવા જુદા જુદા પ્રકારના ઘડાતા કોષોને આપણે બે વિભાગમાં વહેંચી શકીએ.

૧) પહેલો પ્રકાર : એવા કોષો કે જે શરીરને આકાર આપી જન્મ ધારણ કરે ત્યાં સુધીમાં, એને સમગ્ર જીવન ભર ચાલે એટલા પ્રમાણમાં વૃધ્ધિ કરી, પોતાનું કાર્ય સંભાળી લે છે. જન્મ વેળાએ એ જેટલા પ્રમાણમાં છે એટલાજ પ્રમાણમાંજીવનભર રહે છે, વૃધ્ધિ પામતા નથી કે એમની સંખ્યામાં વધારો થતો નથી.

૨) બીજા પ્રકારના કોષો એવા છે કે સત્તત વિભાજિત થઈ ગુણાકાર

પદ્ધતિએ એમની સંખ્યામાં વૃદ્ધિ કરતા જ જાય છે.

આ રીતે સત્તત વૃદ્ધિ પામતા કોષોની બીજી એક ખાસિયત એ છે કે એમના અસલી રૂપનું રૂપાંતર કરી બીજા પ્રકારનું રૂપ પણ ધારણ કરી શકે છે.

ઉદાહરણ : ગર્ભમાં લીવરનું ઘડતર કરનારા કોષ ફેફ્સાના કે હૃદય ઘડતર કરવાના કોષો કરતા ભિન્ન પ્રકારના હોય છે. આંખના જોવાનું કાર્ય કરનારા કોષો કરતાં સુંઘવાનું કે સાંભળવાનું કાર્ય કરનારા કોષો જુદા પ્રકારના હોય છે.

કોઈ અકળ કારણોસર આ બધાજ વૃદ્ધિ પામી શકતા કોષો એક પ્રકારના કોષોમાંથી બીજા પ્રકારના કોષોમાં રૂપાંતર થઈ શકવાની ક્ષમતા ધરાવે છે. અને આ રૂપાંતરની ક્રીયા વખતે એમને એમની અસલીયત જતી કરી નવું રુપ ધારણ કર્યુ હોઈ તે કોષોનું નિર્ધારીત કાર્ય ઉપાડી લેવું પડે છે - એમના મૂળ લક્ષણો પણ બદલવાં પડે છે.

અવયવ દર્પણ ના કોષોના પ્રકરણમાં એ પણ વાંચ્યું કે દરેકે દરેક કોષમાં એમનાં પોતાના ક્રોમોસોમ્સ વસેલાં હોય છે - જેમાં એ જ માનવીના સમગ્ર શરીરની રચના અને કાર્યપદ્ધતિ વિષેની અઢળક માહિતી ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે.

હવે ખુબીની વાત એ છે કે આપણા શરીરના વિવિધ ભાગોમાં વસેલા અબજો કોષો ભલે દેખાવે, લક્ષણે કે કાર્યપધ્ધતિએ ભિન્ન ભિન્ન હોય, પણ એ દરેકે દરેક કોષમાં પેલા ક્રોમોસોમ્સ જીન્સ (Genes) ની સંખ્યા અને માહિતી એક સરખા પ્રમાણમાં અકબંધ (Intact) જળવાઈ રહે છે.



આ પુસ્તક સામાન્ય માનવી (Lay man) ને માટે લખવામાં આવ્યું છે એટલે હવે પછીનાં પ્રકરણોમાં આવતું સરળતાથી સમજી શકાય એ હેતુ સર થોડું પુનરાવર્તન કરી પછી આગળ વધીએ તો ઠીક રહેશે.

આપણે જોયું કે ગર્ભાધારણના સમયની ક્રીયાથી શરુઆત થએલ, સમય જતાં ગુણાકાર પદ્ધતિએ વૃદ્ધિ પામેલ અને શરીરના ઘડતરની ક્રીયા વેળાએ એક પ્રકારના કોષમાંથી રૂપાંતર પામી બીજા જ પ્રકારના લક્ષણ ધારણ કરનાર અબજો કોષો આપણા શરીરના અણુએ અણુમાં વ્યવસ્થિત રીતે ફેલાઈને ગોઠવાઈ જાય છે.

ચામડીના સ્તર પર, સ્નાયુઓમાં, હાડકાના પોલાણોમાં, આંખ, કાન, નાક, જીભ વિગેરે ઈન્દ્રીયો ના મગજ સાથેના સીધા જોડાણમાં, મગજ, હૃદય, હાયપોથેલેમસ, પીટ્યુટરી, ફેફસાં, થાયરોઈડ, થાયમસ, લીવર, જઠર, મુત્રપિંડ, પેન્ક્રીયાઝ, એડ્રેનલીન, આંતરડાં વિગેરે વિગેરે સમગ્ર શરીરના અણુએ અણુમાં આવા વિવિધ પ્રકારના વૃદ્ધિ પામેલા અને રૂપાંતર થએલા અબજો કોષો વ્યવસ્થિત રીતે ગોઠવાઈને પોતપોતાનું કાર્ય ખૂબજ ચોકસાઈપૂર્વક કરતા હોય છે.

આટલું સમજયા પછી - વૃદ્ધિ પામતા પેલા શરીરના સામાન્ય કોષો અને કેન્સર કોષો વચ્ચેનો તફાવત વધુ બારીકાઈથી જોઈએ.

અગાઉ જણાવ્યા પ્રમાણે પેલા રૂપાંતર પામતા એકે એક કોષમાં રહેલાં ક્રોમોસોમ્સ માં એ દરેકે દરેક કોષને કેન્સરના કોષમાં પણ રૂપાંતર કરી શકાય એવી માહિતી અને સગવડ હોય છે જ.

અને કોઈ અકળ કારણોસર, આપણાજ શરીરના અબજો કોષોમાંનો કોઈપણ એક, વૃધ્ધિ અને રૂપાંતર પામવાની ક્ષમતા વાળો

કોષ કોઈ એક ક્ષણે સામાન્ય કોષ માંથી કેન્સર કોષમાં રૂપાંતર પામે છે.

રૂપાંતર પામેલો આ કેન્સર કોષ શરીરમાં વસેલા બીજા અબજો કોષોની સરખામણીમાં કંઈક જુદો તરી આવે છે.

એ દેખાવે કરચલા જેવો હોય છે.

સામાન્ય કોષ અને કેન્સર કોષ ને જુદા જુદા ઓળખી લીધા પછી આપણે આપણાજ શરીરના એક ભાગ જેવા આ બે પ્રકારના કોષોની થોડી સરખામણી પણ કરી લઈએ.

કેન્સરના કોષોનું કદ-સાઈઝ પણ સામાન્ય કોષો જેવડું જ હોય છે. (૧/૧૦૦ મી. મી. જેટલો વ્યાસ ધરાવે છે.)

એમની એકમાંથી બે એમ વિભાજીત થવાની ઝડપ Speed **પણ સામાન્ય કોષો જેટલી જ હોય છે.**

અન્ય સામાન્ય કોષોમાં, મૂળ કોષમાંથી વિભાજીત થતા કોષોમાં એક પ્રકારનું સામ્ય દેખાય છે. એ Identical હોય છે, જ્યારે કેન્સરના કોષમાંથી વિભાજીત **થઈ વૃધ્ધિ પામતો દરેકે દરેક કોષ** પોતાની એક અલગ ખાસિયત ધરાવતો હોય છે. કોઈપણ બે કેન્સરના કોષ એક સરખી ખાસિયત ધરાવતા જોવામાં આવતા નથી.

પેલા સામાન્ય કોષો સતત જાગૃત અને ક્રીયાશીલ હોય છે, એમના ભાગે આવતું બધું જ કામ તેઓ કુશળતાથી ઉપાડી લેતા હોય છે. એ બધા જ વૃધ્ધિ પામે છે, ક્ષીણ થઈ જાય છે ને ક્ષય પામે છે ત્યાં સુધી સતત કાર્ય કર્યા જ કરતા હોય છે જ્યારે કેન્સરમાં રૂપાંતર પામેલો કોષ એક બાજુ જડ થઈ બેસી જાય છે. એ સતત વૃધ્ધિ પામ્યા



સિવાય બીજું કંઈ Productive કે Active કાર્ય કરતો નથી. અને કરતો હોય તો હજુ સુધી એ જાણવામાં આવ્યું નથી.

આમ એક બાજુ એ જડ થઈને બેસી પડી વૃધ્ધિ કરતો કેન્સરનો કોષ એની મરજીમાં આવે તે શરીરના અન્ય કોઈ ભાગમાં જઈને પણ બેસી જાય છે. અને એટલેજ એક જગ્યાએથી ઓપરેશન કરીને કાઢી નાખવામાં આવેલી ગાંઠ શરીરમાં અન્ય જગ્યાએ ફુટી નીકળેલી જોવામાં આવે છે.

હકીકતમાં સામાન્ય કોષના કામ કરવાના કે હલન ચલન કરવાના કોઈ નિયમો કેન્સરના કોષને લાગુ પડતા નથી.

કેન્સરના કોષમાં પરીવર્તન પામેલા કોષોમાં પણ પેલા ક્રોમોઝોમ્સની સંખ્યા અને પરિણામ તો પેલાં સામાન્ય કોષ જેટલાંજ હોય છે પરંતુ એના દેખાવ અને વર્તનમાં આમૂલ પરિવર્તન આવી જાય છે.

આપણે જોયું કે શરીરના અન્ય સામાન્ય કોષમાં કોઈપણ એક કોષ રૂપાંતર પામી કેન્સર કોષ બની શકે છે.

આ રૂપાંતર - પરિવર્તન એટલું બધું અચાનક અણધાર્યું અને શાંત -(Silent) હોય છે કે એ ક્યાં, ક્યારે અને શું કામ થાય છે તે જાણી જ શકાતું નથી અને એટલે જ એ પરિવર્તન થતું અટકાવી શકાતું પણ નથી.

એવી જ રીતે પરિવર્તિત થએલ કેન્સર કોષને ફરી પાછો એના અસલી સ્વરૂપમાં પણ ફેરવી શકાતો નથી.

કેન્સર કોષની આ લાક્ષણિકતાઓએ જ એને એક વિશિષ્ઠ દરજ્જો આપી દીધો છે. અને આપણે એ દરજ્જો (Superiority) ઓળખી જ લેવો જોઈએ અને એની કદર કરવાનું, માન (Respect) આપવાનું પણ શીખી લેવું જોઈએ.

Latest Research છેલ્લામાં છેલ્લી શોધખોળો પરથી એ પણ પુરવાર થયું છે કે નિદાનશાસ્ત્રી કેન્સરના કોષને ઓળખી એને પકડી પાડી એની પર 'કેન્સર' નો રબર સ્ટેમ્પ મારે તે પહેલાં તો એ દર્દીના શરીરમાં બે થી વીસ વરસ જેટલું જુનું થઈ ચૂક્યું હોય છે અને સાવજ સુષુપ્તાવસ્થામાં કોઈપણ જાતનો ઉપદ્રવ ક્યાં વિના કે પીડાકારક બન્યા વિના એક બાજુએ પડી રહયું હોય છે.

સાવ સાજી નરવી લાગતી વ્યકિતને પણ ભવિષ્યમા કેન્સર થશે કે નહીં, એનો કોઈ પણ સામાન્ય કોષ કેન્સર કોષમાં રૂપાંતર પામશે કે નહીં એવી જાતની શોધ કરવામાં પણ નિષ્ણાતોને નિષ્ફળતાજ મળી છે.

જેને Pre-cancer check-up કેન્સર થયા પૂર્વની તપાસ કહેવામાં આવે છે એવા કેસોમાં પણ આવી ભવિષ્યવાણી કોઈ કરી શકતું નથી.

સામાન્ય કોષો અને કેન્સર કોષોની સરખામણી જરા વધુ બારીકાઈથી કરી લઈએ.

પેલા સામાન્ય કોષો જે વૃધ્ધિ પામવાની ક્રીયા સતત કર્યા કરે છે તે શરીરમાં જયાં જયાં, જયારે જયારે, જેટલા પ્રમાણમાં જરૂર પડે, ત્યાં ત્યાં, ત્યારે ત્યારે, એટલા જ પ્રમાણમાં વૃધ્ધિ પામવાનું કાર્ય કરે



છે.

ઉદાહરણ : શરીરમાં શ્વેતકણો કોઈ કારણસર ઓછાં પડતાં હોય તો શરીર થોડો ગરમાવો પેદા કરી એની ખોટ પુરી કરી દે છે. (જુઓ અવયવ દર્પણ - પ્રતિકાર શકિત)

જયારે કેન્સરના કોષો શા કારણસર વૃધ્ધિ કરે છે તે સમજમાં આવતું નથી.

અકારણ (?) વૃધ્ધિ પામતા આ કેન્સર કોષોની થોડીક ખાસિયતો, વિશિષ્ઠતાઓ અને બેજોડતાઓને પણ આવો ઓળખી લઈએ.

નામ બિચારાનું કેન્સર એટલે જાણે એ એક મહાભયંકર રાક્ષસ જેવું વિકરાળ પ્રાણી હોય અને જોતાં જ બિહામણું ભય પમાડે તેવું લાગતું હોય એમ લાગે - પણ હકીકતમાં એવું કશું જ નથી.

એની અસલીયત પણ પેલા બેડોળ લાગતા છતાં નિર્દોષ નિરુપદ્રવી કરચલા જેટલી જ સૌમ્ય અને સરળ છે.

દરીયા કિનારે માછીમારોના પાંચ સાત વર્ષની ઉમરના છોકરાંઓને મેં કરચલા સાથે, રમકડાની સાથે રમતાં હોય તેમ રમતાં જોયાં છે - તમે પણ જોયાં હશે.

તમને કે મને કરચલાને જોઈને ચીતરી ચડતી હશે કે સૂગ ચડતી હશે. એ નિર્દોષ નાનાં ભૂલકાંઓને એમની સાથે રમવાનું મન કેમ થતું હશે ?

કારણ સ્પષ્ટ છે, એ બાળકોએ કરચલાની અસલીયત ઓળખી

લીધી છે. આપણે ઓળખી શકયા નથી....

પણ ત્યારે એટલા માટે તો આ પુસ્તક હું લખી રહયો છું. કેન્સરની અસલીયત શું છે તે આ પુસ્તક પુરુ કરતાં પહેલાં તમે પણ જાણી જશો અને પેલાં છોકરાંવની જેમ કેન્સરને હથેળીમાં રમાડતા થઈ જશો.

આવો, થોડા વિષયાંતર પછી ફરી પાછા મૂળ વાત આવી જઈએ.

હા... તો કેન્સરની થોડી વિશિષ્ઠતાઓને આપણે જોઈ લઈએ.

બધાંજ કેન્સર એક સરખાં લાગતાં હોવા છતાં કોઈપણ બે કેન્સર એક સરખાં (Identical) હોતાં નથી.

દરેકે દરેક કેન્સર એની પોતાની એક આગવી વિશિષ્ઠતા-પ્રતિભા ધરાવે છે. એના કોષોની રચના, ગોઠવણી એની વર્તણૂક પણ કેન્સરે ને કોષે કોષે ભિન્ન ભિન્ન હોય છે.

અરે એક જ વ્યકિતના શરીરમાં બે જુદે જુદે ઠેકાણે દેખાતી એક સરખી ગાંઠ પણ સ્વભાવે, રચનાની દ્રષ્ટિ એ કે ગોઠવણીની દ્રષ્ટિએ સાવ ભિન્ન ભિન્ન હોય છે.

અવયવ દર્પણ ના શરુઆતના પ્રકરણોમાં આપણે જોયું કે દુનિયામાં અવતરનારૂં પ્રત્યેક બાળક પોતાની સાથે પોતાની એક આગવી ઓળખ લઈને જ જન્મે છે, જીવે છે ને વિલય પામે છે. કોઈ પણ બે બાળકો - અરે જોડીયાં બાળકો પણ બધી જ રીતે એક સરખાં હોતાં નથી. બરાબર એ જ નિયમ કેન્સરને પણ ચૂસ્ત રીતે લાગુ પડે છે. એને



જનરલાઈઝ (Generalise) કરી જ શકાતું નથી.

કોષ વિષે આટલું જાણ્યા પછી - કેન્સર કોષ વિષે એટલું સ્પષ્ટ પણે કહી શકાય કે 'કેન્સર કોષ એ કોષ છે જે એની આગવી રીતે કેન્સર કોષ તરીકે વર્તે છે.''

કેન્સર નો દરેકે દરેક કોષ પોત પોતાની રીતે આગવું વૈશિષ્ઠ ધરાવતો હોવાથી એના વિશે કંઈ અનુમાનો પણ બાંધી શકાતાં નથી - એટલે કે એ કોષ એક જગ્યાએ પડયો પડયો વર્ષોનાં વર્ષો સુધી કોઈ પણ જાતના ઉપદ્રવ વગર બેસી રહેશે કે ત્યાંથી ઉઠીને બીજે જઈ બેસશે ?

જે જે નિષ્ણાતોએ કેન્સર કોષોના કદ અને આકાર કે ગોઠવણી-રચના ને આધારે અનુમાનો બાંધ્યાં છે તે બધાં જ છેતરાંમણાં પુરવાર થયાં છે.

કેન્સર કોષની શરીરના અન્ય સામાન્ય કોષો સાથેની સરખામણીમાં આપણે એક અગત્યની વાત કરવાની બાકી રાખી -

બાકી એટલા માટે રાખી કે એ ખુબ જ અગત્યની ધ્યાનમાં રાખવા જેવી અને જેના પર આ સમગ્ર પુસ્તકનો આધાર છે, એવી એ બાબત છે.

તો આવો આ અધ્યાયનું સમાપન કરતાં પહેલાં એ પણ જાણી જ લઈએ.

કેન્સર કોષ એ આપણા જ શરીરમાંના સામાન્ય કોષમાંથી રૂપાંતર પામેલો શરીરનો અબજો કોષોમાંનો એક કોષ છે અને એટલે જ

એની રચના, રાસાયણિક ક્રીયા, એની પોતાની રોગના જંતુઓ સામેની પ્રતિકાર શક્તિ બધું જ શરીરના અન્ય સામાન્ય કોષોને મળતું આવે છે. માનવ શરીરમાં કયાંય પણ એ અન્ય રોગનાં જંતુઓની જેમ ઉપદ્રવ કરી શરીરના સામાન્ય કોષોને મારી નાખતો નથી.

અરે એટલે સુધી કે શરીરની ભીતરમાં જ્યાં જ્યાં કેન્સરની ગાંઠો ઓપરેશન કરીને કાપીને કાઢી નાખવામાં આવે છે ત્યાં ત્યાં કપાએલા એ ભાગને પાછો સાંધવામાં, જોડી દેવામાં - રૂઝ લાવવમાં પણ શરીરના અન્ય સામાન્ય કોષોની જેમ જ કેન્સરના કોષો પણ પોતાનો ફાળો નોંધાવે છે.

કેન્સર કોષ ના પ્રથમો અધ્યાય નું સમાપન કરતાં કરતાં એટલું કહી દઉં કેન્સર કોષ એ કેન્સર કોષ છે.

એ કેન્સર કોષની માફક વર્તે છે કારણ કે તે કેન્સર કોષ છે . અને એ કેન્સર કોષની માફક એટલા માટે વર્તે છે કારણ કે તે કોષની માફક વર્તવા માટે ઘડાયેલો છે.

---------------X---------------

કેન્સર નિવારણ (Prevention) ની ચર્ચાંઓ એવા તબકકે પહોંચી ગઈ છે કે હવે આપણે કેન્સર ન થાય એટલા માટે, ખાવાનું, પીવાનું, સંભોગનું સુખ ભોગવવાનું, અરે શ્વાસ લેવાનું સુધ્ધાં બંધ કરી દેવું પડશે.



# અધ્યાય બીજો - કુરુક્ષેત્ર યોગ

કાર્પણ્ય દોષો પહતસ્વભાવ:
પૃચ્છામિ ત્વામ્ ધર્મસંમૂઢચેતા:
યચ્છ્રેય : સ્યાન્નિશ્ચિતમ્ બ્રુહિ તન્મે
શિષ્યસ્તેહમ્ શાધિ માં ત્વાં પ્રપન્નમ્ !!

કેન્સરાર્જુન ઉવાચ્

કેન્સર વિષેના અજ્ઞાનના દોષથી ભ્રમમાં પડી ગએલા સ્વભાવવાળો અને આ ક્ષેત્રે જે ચાલી રહયું છે તે હકીકતોથી અણજાણ હું આપને પુછી રહયો છું મને વિગતવાર સમજાવી મારૂં કલ્યાણ કરો.....

## કોણ શું કરી રહયું છે ?

આપણાજ અસ્તિત્વના એક અંગ સમા, સાવ સામાન્ય, નિરુપદ્રવી અને શાંત સ્વભાવના કેન્સર કોષને ઓળખવા, પકડી પાડવા, મારી નાખવા કે કાપી નાખવા, દુનિયાભરના વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો જાણે એક બીજાની હરીફાઈમાં ઉતર્યા છે.

વિજ્ઞાનનો મૂળભૂત સિધ્ધાંત કુદરતને સાવ નજીકથી ઓળખવાનો છે. એને જેટલા ઉંડાણથી ઓળખીએ એટલું આપણે આપણું જીવન એ અટપટી કુદરત સાથે તાલમાં તાલ મિલાવી જીવી શકીએ.

વિજ્ઞાન ના કોઈ પણ સિધ્ધાંતમાં કુદરતની વિરુધ્ધ જવાની,

કુદરતને બદલી નાખવાની કે કુદરતની કોઈપણ ક્રીયાનો જડમૂળથી નાશ કરવાનો સમાવેશ થતો નથી.

અને છતાં પણ દુઃખ અને શરમની વાત તો એ છે કે આપણા વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો હકીકતમાં આ ન કરવા જેવું જ કરી રહયા છે. એટલું જ નહીં પણ સામાન્ય માનવીનું જીવન, એમની શોધખોળો ને અમલમાં મુકવાને પરિણામે વધારેને વધારે ગુંચવાડાભર્યું અને દુષ્કર બનાવી રહયા છે.

કેન્સર માટે વિવિધ ક્ષેત્રોમાં શું શું થઈ રહયું છે એની ફક્ત એક ઉડતી ઝલક જોઈશું તો આ વાત સહેલાઈથી સમજાઈ જશે.

કેન્સર વિષે આજ દિવસ સુધી જે કંઈ લખવામાં આવ્યું છે તેનાથી જગતભરની લાયબ્રેરીઓ ખદબદી ઉઠી છે. આ સાહિત્યમાં જુદા જુદા લેખકોએ છાસવારે આમજનતા માટે બહાર પાડેલાં વિવિધ પુસ્તકોનો સમાવેશ નથી. કે નથી એમાં છાપાંઓમાં કે સામયિકોમાં રોજ નવા નવા આવતા લેખોનો પણ સમાવેશ. પુસ્તક વિક્રતાઓનાં કબાટોકેન્સરની ચોપડીઓથી ઠાંસી ઠાંસીને ભરેલાં છે. દર વર્ષે કેન્સરના નામે જ માત્ર સાત લાખ લેખો જુદા જુદા સામયિકોમાં પ્રકાશન પામે છે.

આ સાહિત્યની એક લીટી પણ સામાન્ય માનવીના કેન્સર વિષેના જ્ઞાનમાં વધારો કરતી નથી કે નથી કેન્સર વિષેના એવા એક પણ પ્રશ્નનો ઉત્તર આપતી - ઉલટ એ વાંચનથી એના મનમાં પડેલી ગુંચવાડાની ગાંઠો વધુ ને વધુ ગુંથાતી જાય છે.

૧૯૬૮ માં અમેરીકાએ સીધી કે આડકતરી રીતે કેન્સરના નામે ૧૫ અબજ ડોલરનો ખર્ચ કર્યો.



અમેરીકામાં કેન્સર અંગે ફક્ત સંશોધનો (Research) કરવાનો વાર્ષિક ખર્ચનો આંકડો એક અબજ ડોલર થશે અને ફુગાવાને ધ્યાનમાં લેતાં એમાં દર વર્ષે દસ કરોડ ડોલરનો વધારો કરતા જવું પડશે.

૧૯૬૮ માં કરવામાં આવેલા ૧૫ અબજની સરખામણીમાં ૧૯૭૮ માં એ વધીને ૧૩૦ અબજ ડોલરની મર્યાદા વટાવી ગયો. આમાંનો મોટા ભાગનો ખર્ચ નિદાન, પુનર્નિદાન સારવાર અને પુનઃ સારવાર ના ઉપયોગ માટે થયો.

આ થઈ અતિ વિકસિત અને સમૃધ્ધ દેશની વાત. હોય, એમને પરવડે છે એટલે ભલે કરતા....

જરા આવો આપણે આપણા દેશની અને એની લાઈનમાં બેસી શકે એવા બીજા દેશોની વાત પણ કરીએ.

ભારત પાકિસ્તાન અને ઈજીપ્ત જેવા દેશોમાં જયાં બહુજન સંખ્યા ગોઝારી ગરીબીમાં જીવે છે, ત્યાં પણ કેન્સર નામ પડે છે ત્યારે ગરીબીનું નામ અભેરાઈએ ચડાવી દેવાય છે અને અત્યંત આધુનિક અને મોંઘીદાટ સારવારોનો આશરો લેવાય છે.

એશીયાની સૌથી મોટી અને વિશ્વભરમાં જાણીતી એવી જ એક હોસ્પીટલની વાત કરીએ. આ હોસ્પીટલમાં જ કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ પણ આવેલું છે અને બન્ને એકબીજા સાથે સંકળાયેલાં છે.

આ બન્ને સંસ્થાઓનું ભેગું મળી, કેન્સરને નામે શોધખોળો કરવાનું, સારવાર કરવાનું વાર્ષિક બજેટ ૧૯૬૮ માં ૦.૫ કરોડનું હતું જે ૧૯૮૯ માં વધીને ૧૮ કરોડનું થયું. ૧૯૯૧માં એ આંકડો ૨૬.૪૨ કરોડ સુધી પહોંચી ગયો છે.

આ જગ્યાની ભયંકર તંગીના (Scarcity) જમાનામાં આ સંસ્થાઓનું ક્ષેત્રફળ (Floor Space) જે ફક્ત કેન્સરના જ ઉપયોગમાં લેવાય છે એને પણ માપી જ લઈએ.

૧૯૬૮ માં એ ક્ષેત્રફળ ૧૮૬૧૦ સ્કેવર મીટર હતું. જે વધારીને ૧૯૮૯ માં ૩૬૫૯૧ સ્કવેર મીટર કરવામાં આવ્યું - જમીન પર તો સંકડાસ હતી જ પણ આકાશ તો ખૂલ્લું હતું ને ?

૧૯૯૧ માં એક ગગનચૂંબી ઈમારતના રૂપમાં ૫૩૮૮૭ સ્કવેર મીટરનું ક્ષેત્રફળ ધરાવતી એક વિશાળ મહાકાય સંસ્થા બની ગઈ.

હવે જરા ધ્યાનથી વાંચો.

૧૯૯૧ માં સંસ્થાએ પોતાની સુવર્ણ જયંતિ ઉજવી. એની યાદગીરીમાં એક સ્મરણિકાનું પ્રકાશન કરવામાં આવ્યું જેમાં ગૌરવપૂર્વક જાહેર કરવામાં આવ્યું કે

આ સંસ્થા કેન્સરના વિષયની શોધખોળમાં (Research) કેન્સરની સારવારમાં (Treatment) અને કેન્સર વિષેના અભ્યાસમાં (Education) પુરા દેશમાં ખુબજ મોખરે ઉભેલી સંસ્થા છે.

મતલબ કેન્સર નામના કોષ ને કેમ મારવો, કાબુમાં લેવો કે કાપી નાખવો એ વિશેની શોધખોળ પાછળ અહિં વધુમાં વધુ અખતરાઓ-ઈલાજો થાય છે અને વધુમાં વધુ નાણાં ખરચાય છે.

આ સંસ્થામાં આખા દેશમાંથી વધુમાં વધુ કેન્સરના દર્દીઓ સારવાર લેવા આવે છે અને એ સંખ્યામાં રોજને રોજ વધારોજ થતો જાય છે. સાહજીક જ છે કે આ રોજે રોજે વધતી જતી સંખ્યાને પહોંચી



વળવા વધુ ને વધુ નિષ્ણાતો પેદા કરવા જોઈએ જ, એટલે આ સંસ્થા એ કાર્ય પણ એટલું જ ચોકસાઈપૂર્વક કરી રહી છે.

આ બધું કંઈ મફતમાં તો થતું નથી - એટલે પેલી સ્મરણિકામાં આ સંસ્થા એ પણ સ્પષ્ટ પણે જણાવીજ દે છે કે એમને નાણાની વધુમાં વધુ જરૂર છે. છુટે હાથે દાન આપવાને પાત્ર સારૂં કાર્ય કરતી અગર જો કોઈ એકમાત્ર સંસ્થા હોય તો તે આ છે.

હવે પડદો ઉચકી થોડી પાછળની હિલચાલ પણ જોઈ જ લઈએ.

ઉપર જણાવેલ કરોડો રૂપિયાના બજેટના નાણામાંથી મોટા ભાગના નાણાં આ સંસ્થાએ એક પ્રાયોગિક (Experimental) લેપ્રસીની રસીની શોધખોળ પાછળ વાપર્યા હતાં (કેન્સરને અને લેપ્રસીને શું સંબંધ છે ? એવો સવાલ નહિં પુછો તો ચાલશે)

જે હેતુ (કેન્સર) માટે આ નાણા ફાળવવામાં આવ્યાં હતાં તે બિચારા કેન્સરને મટાડવાની શોધખોળો માટે આ ખજાનાના કોથળામાંથી કોઈ નોંધપાત્ર મ્યાઉં મ્યાઉં કરતું બિલાડું નિકળવાનું જાણવામાં આવ્યું નથી.

આપણે ૧૯૯૧ ના ૨૬.૪૨ કરોડના આ સંસ્થાના બજેટની વાત કરી. આ સાલ ૯૨ ની છે આવતી ૧૯૯૩ની સાલ સુધીમાં આ બજેટ નો આંકડો ૪૦ કરોડ સુધી પહોંચી જવાની ધારણા છે.

ફરી પાછા સમારંભો યોજાશે, સ્મરણિકાઓ બહાર પડશે - લાખો દરદીઓને આપેલી અધતન સારવારોની લાઉડસ્પીકરો દ્વારા જાહેરાતો થશે - અધતન (Latest) શોધખોળોને નામે - ચમત્કારિક ઔષધિઓને નામે વધુને વધુ વિષારી ઔષધિઓ દર્દીઓના પેટમાં જશે. વધુને વધુ

કેન્સરના કોષોને બાળી નાખનારા નવા નવા મશીનોની આયાતો થશે અને....

"અમને વધુ ને વધુ નાણાંની જરૂરત છે."

"અમારી સંસ્થા માનવ જાત ને કેન્સર નામના દૈત્યના પાશમાંથી છોડાવવા રાત્રીને દિવસ ઉજાગરા કરી લોહીનું પાણી કરી રહી છે અમને વધુને વધુ મદદ કરો" એવી દર્દભરી વિનંતિઓ કરવામાં આવશે અને જેમ જેમ સમય વિતતો જશે તેમ તેમ કેન્સરની અત્યંત આધુનિક સારવારના નામે વધુને વધુ દરદીઓથી હોસ્પીટલોના વોર્ડો ઉભરાતા જશે. આજુબાજુની ફુટપાથો પર દર્દીઓના પથારા લંબાતા જશે, પેલી બહુમાળી ઈમારતો પર બીજા પાંચ-પચીસ માળ ચણાઈ જશે.

કેન્સરને નામે ખીચડી પકાવતી અનેક સંસ્થાઓની આ તો એક માત્ર ઝલક છે - અબજો ડોલરના ખર્ચે તૈયાર થતી કોઈ Film નું આ તો ફકત એક રીલનું ટ્રેલર (Trailor) છે. તમને અસલી ચિત્ર જોવાની હું ભલામણ પણ કરતો નથી, મારી હિંમત જ ચાલતી નથી.

કેન્સરની આધુનિક ગીતા તરીકે જેને જગતભરમાં ઓળખવામાં આવે છે એ ચોપડીનું નામ છે Cancer - Principles and Practice of Oncology (કેન્સર પ્રેકટીસ અને સિધ્ધાંતો) આ પ્રતિષ્ઠિત - કેન્સર નિષ્ણાતોના ધર્મગ્રંથ ના Editors તંત્રીઓ છે કેન્સર જગતની ત્રણ પ્રખ્યાત મહાન વિભૂતિઓ - જેમનાં નામ છે :
(૧) ડી વીટા, (૨) હેલમન (૩) રોઝનબર્ગ

આ બાઈબલમાં વૈજ્ઞાનિકો, સંશોધનકારો, ડોકટરો અને



નિષ્ણાતો-સ્પેશીઆલીસ્ટો મળી ૧૫૮ જેટલી વ્યકિતઓના લેખોના સમાવેશ કરવામાં આવ્યા છે.

આ ગ્રંથના પાનાંની સંખ્યા ૨૫૦૦ (અઢી હજાર પાના) છે.

મસ મોટો, ઉચકવોય ભારે પડે એવા આ ગ્રંથમાં ખૂબજ બારીક ટાઈપમાં ગીચો ગીચ છપાએલી એક એક પાના પરની બે બે કોલમોમાં કેન્સરનું સાહિત્ય ખીચોખીચ ઠાંસી ઠાંસી ને ભરેલું છે.

સાહજિક જ તમે માની લેશો કે તો પછી આ ગ્રંથમાં અત્યાર સુધી જાણવામાં પણ ન આવ્યું હોય તેવું ઘણું બધું લખાણ હશે - એમાં, કેન્સર પર હાથવેંતમાં વિજય મળી જશે એવી ચમત્કારિક શોધો વિષે એલાન કરવામાં આવ્યું હશે. સરળ ઉપાયો એમાં પાને પાને સૂચવવામાં આવ્યા હશે - કેન્સરને સારૂં કરવાની સરી જતી આશા ને દૃઢ કરતાં લખાણો હશે......

"સાવ ભોળા અને ના સમજ છો તમે !"

આ મહાન - મહા મહાન ગ્રંથની શરુઆતની પ્રસ્તાવનાજ વાંચો તો તમારા બધાજ ભ્રમ ભાંગીને ભૂકકા થઈ જશે.

એ પ્રસ્તાવનામાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે અત્યાર પહેલાનાં સો વર્ષોમાં જે કંઈ કહેવાઈ કહેવાઈને, કહોવાઈને કુચો થઈ ગયું છે - એજ ફરી ફરી ને કહેવામાં આવ્યું છે. જે સાંભળીને મારી અને તમારી પેઢી અને એની પહેલાંની બે પેઢીના કાનમાં ધાક પડી ગયા છે એનાથી વિશેષ એ પ્રસ્તાવનામાં કશુંજ નથી.

ઉદાહરણ : એમાં લખ્યું છે.

૧) Early diagnosis and treatment વહેલું નિદાન અને વહેલી સારવાર કેન્સરને નાબુદ કરવામાં અસરકારક નિવડે છે.

૨) થોભો અને રાહ જુઓ - અમે પ્રયત્નો કરી રહયા છીએ - અત્યંત આધુનિક અને નાટ્યાત્મક ફેરફારો કેન્સરને મટાડવાના ક્ષેત્રે આકાર લઈ રહયા છીએ - બસ થોડી રાહ જુઓ - આધુનિક ઈલાજો હાથ-વેંતમાં છે.

૩) આ આધુનિક શોધખોળોથી કેન્સરના દર્દીઓનું મૃત્યુનું પ્રમાણ અમે ઘટાડી દઈશું - અને કેન્સરના દર્દીઓને વધારેને વધારે લાંબુ આયુષ્ય જીવવામાં મદદ કરીશું (આમાં "યાતનામય જીવન જીવવા માટે મજબૂર કરીશું"- એ વિધાન ઉમેરવાનું એ મહાશયો ભૂલી ગયા છે)

જેમ Cancer - Principles & Practice of Oncology એ એક બાઈબલ જેવો પવિત્ર અને પ્રતિષ્ઠીત ગ્રંથ ગણાય છે એવાજ એક બીજા પુસ્તકની પણ વાત સાથે સાથે જ કરી લઈએ.

આ પુસ્તકના લેખક છે RALPH MOSS એ ઓ Sloane Kattering Institute ના પબ્લીક એફેર્સ ના આસિસ્ટન્ટ ડાયરેકટર છે. એમના પુસ્તકનું નામ છે Investigative Book.

હવે સ્લોન કેટરીંગ ઈન્સ્ટીટ્યુટનું નામ આવ્યું એટલે થોડો વખત હાથમાંની કલમ થંભી ગઈ. અરે....આ નામ તો કયાંક સાંભળ્યું હોય તેવું યાદ આવે છે....નહીં....? હા....બરાબર એજ....હવે યાદ આવ્યું....

પેલી 'બરસાત' - 'આગ' અને 'આહ' જેવા અમર થઈ ગએલા ચલચિત્રોની નાયિકા નરગીસ....



એને કેન્સર થયું હતું ને આ જ સ્લોન કેટરીંગમાં એને સારવાર આપવામાં આવતી હતી એવું છાપામાં વાંચવામાં આવ્યું હતું - એ જ બરાબર એજ....

જેમ પેલું પુસ્તક કેન્સરના બાઈબલ તરીકે ઓળખાય છે તેમ આખી દુનિયાના કેન્સર પ્રેમીઓનું મક્કા - (હજ કરવાનું સ્થળ) હોય તો એ એકજ આ સ્લોન કેટરીંગ ઈન્સ્ટીટ્યુટ.

હવે આવી Highly Prestigious વ્યકિતઓ ના લખેલ પુસ્તકો વિષે વિવેચન કરવું એ કંઈ ખાવાના ખેલ તો નથી જ. અને મારા જેવા ઐરાગૈરા નથ્થુખેરાનું... એ કામ પણ નહીં.

એટલે આપણે એવી એક વ્યકિત ઈમાનદારી પૂર્વક શોધી કાઢીએ જે આ બધા લેખકો જેટલીજ માનનીય, પ્રતિષ્ઠિત, અભ્યાસી અને અનુભવી હોય.

આવી એક વ્યકિતનું નામ છે DR. LINUS PAULING - ડૉ. લીનસ પોલીંગ

ડૉ. લીનસ પોતે બબ્બે વાર નોબેલ પ્રાઈઝ વિજેતા બની ચૂકયા છે અને કેન્સર ક્ષેત્રે એ ખૂબજ સન્માનિત અને પ્રતિષ્ઠીત વ્યકિત ગણાય છે. એમના વિદ્વાન હોવા વિષે તો શંકા નથી જ પણ એમના વિવેચનની તટસ્થતા વિષે પણ બે મત નથી.

ખૂલ્લં ખૂલ્લા એઓ જયારે એક ખૂબજ પ્રતિષ્ઠિત સંસ્થાના એક ખૂબ જ વિદ્વાન અને પ્રતિષ્ઠિત હોદ્દેદારના લખેલ પુસ્તક વિષે કંઈ પણ વિવેચન કરે ત્યારે એમાં ભારોભાર જવાબદારીભર્યું વલણ અપનાવેલું હોય જ એમાં તલભાર પણ શંકા લાવવાને કારણ નથી.

અને આપણા લખાણમાં ડૉ પૉલીંગ ના લખાણની એક રજમાત્ર વિકૃતિ ન થાય એ માટે આપણે આ વિવેચન એમના જ શબ્દોમાં વાંચીએ.

Quote : અંગ્રેજીમાંથી અનુવાદ.

જે રીતે કેન્સરની સંસ્થાઓ, ડૉકટરો અને સરકારે ત્રણેએ ભેગા મળી અમેરિકાની જનતાનો ક્રુર વિશ્વાસઘાત કર્યો છે તે ફકત ધૃણાસ્પદ નથી આઘાતજનક પણ છે.

દરેકે દરેક વ્યકિત એ સ્પષ્ટપણે જાણી લેવું જરૂરી છે કે 'કેન્સર વિરુધ્ધનું યુધ્ધ'' (WAR AGAINST CANCER) એ એક મહાન કૌભાંડ છે (IS LARGELY FRAUD) અને નેશનલ કેન્સર ઈન્સ્ટીટ્યુટ અને અમેરીકન કેન્સર સોસાયટી એ બન્ને સંસ્થાઓએ અમેરીકાની જનતાને પધ્ધતિસર મૂર્ખ-ઉલ્લુ જ બનાવી છે.

આ એજ જનતા છે જેણે આ ત્રણેય સંસ્થાઓને (બે કેન્સરની અને ત્રીજી સરકાર) હંમેશાં ભરોસો રાખી ઉદાર દિલે સહકાર આપ્યો છે.''ભરોસાની ભેંસ પાડો જણે એ કહેવત જો અક્ષરશ: લાગુ પાડવી જ હોય તો આનાથી વધુ સારી અને સાચી રીતે બીજે કયાંય લાગુ નહીં પાડી શકાય.'' Unquote

--------------X--------------

કેન્સરના વિવિધ લેખો-પુસ્તકોની અને સાહિત્યની વાતો કરવા બેઠા છીએ તો કેટલાક એવા સારા દાખલા પણ જોઈ લઈએ જયાં લેખકોએ પ્રજાને-સામાન્ય માણસને સ્પષ્ટ વાત કહેવામાં જરાય સંકોચ ન રાખ્યો હોય.



Journal of Clinical Oncology ના પ્રખ્યાત સામયિક ના જાન્યુઆરી ૧૯૯૧ ના એક તંત્રી લેખમાં અત્યંત આક્રોશ સાથે આ નગ્ન સત્ય કહેવામાં આવ્યું છે.

Quote : (અંગ્રેજીમાંથી અનુવાદ)

જે ડોકટરો આડેધડ રેડીઓથેરેપી અને કીમોથેરેપી નિર્દોષ ભોળા દર્દીઓને સૂચવવામાં ખૂબ જ ઉત્સાહી અને ઉતાવળા હોય છે એ જ ડૉકટરો પોતાના જ ઘરમાં આગ લાગી હોય તેને બુઝાવવા પેટ્રોલનો ઈસ્તેમાલ કરતા નથી.

આ એજ ડૉકટરો છે જેમણે દુનિયાભરના કેન્સર ઉપરના વિવિધ ઈલાજો કેટલા નિષ્ફળ ગયા છે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે - આ એજ નિષ્ણાતો છે જેમણે લાખો રૂપિયા ખર્ચી, જીવનનાં અત્યંત અમૂલ્ય વર્ષો બગાડી, કેન્સર પર કરવામાં આવતા ઈલાજો દરદીને વધુ ને વધુ ખતરનાક-યાતનાદાયક પુરવાર થયાનું જાણ્યું છે - અભ્યાસ કર્યો છે.

શું તેઓ એમ સમજી બેઠા છે કે એમની અને એમના સગાવ્હાલાંઓની જીંદગીની કિંમત પેલા ભલા ભોળા નિર્દોષ દરદીઓ કરતાં વધુ કિમતી છે ? Unquote

અગાઉ આપણે એક અણગમતો શબ્દ ''કૌભાંડ'' વાપર્યો સીમેન્ટ કે બોફોર્સના કૌંભાડો દૈનિકોના પાનાં ને પાનાં ભરી વર્ષોનાં વર્ષો સુધી ચર્ચાય છે.

કદાચ એકાદા માનવીની લોભ-લાલચ ની વિકૃતિ વધુ પડતી ઉછાળા મારી ક્ષણભર એની સારાસારની વિવેક બુધ્ધિને વિચલિત કરી નાખતી હશે એમ માની આપણે એને ''મુંદ્રા સ્કેન્ડલ'' ની જેમ ભૂલી

જઈએ છીએ - અરે 'ક્ષમા' આપી દેવાની ઉદારતા પણ બતાવીએ છીએ.

પરંતુ

જયારે લાખો નકલોનો ફેલાવો ધરાવતા પ્રતિષ્ઠિત દૈનિકો અને સામયિકો ઢાલની બે બાજુનો વિચાર કર્યા વિના અણજાણ પ્રજાને કોઈપણ એક વિષયની માની લીધેલી ઉજળી બાજુ જ બતાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એને સહેલાઈથી માફ કરી શકાતી નથી.

આવા લખાણો ફકત પૉલીશ કરેલા સોનાની જેમ ચકચકતાં જ હોતાં નથી એમાં વળી ખોટાં હીરા મોતી પણ જડેલાં હોય છે - જે વાંચી, વાસ્તવમાં પેલા ભોળા વાચકો (આશાવાદી દર્દીઓ) ભરમાઈ જાય છે ભૂલવામાં પડી જાય છે છેતરાઈ જાય છે.

કેન્સરનું નામ પડતાની સાથે મરવાને વાંકે જીવી રહેલા પેલા લાખો જીવો પછી એ લખાણને વળગીને પોતાની જાત પર અખતરા કરવાના શરુ કરી દે છે.

એપ્રિલ ૨ થી ૮, ૧૯૮૯ ના મુંબઈના એક વેળાના પ્રતિષ્ઠિત અઠવાડિક ઈલસ્ટ્રેટેડ વીકલી ની કવર સ્ટોરીમાં બિનધાસ્ત, જરા પણ ખચકાટ રાખ્યા વગર આવું કંઈક લખવામાં આવ્યું છે.

જેનું મથાળું Head Lines વાંચતા સાથે જ કોઈપણ વ્યકિત એ લખાણ પર આંધળો વિશ્વાસ મુકવા મજબૂર થઈ જાય છે.

એમાં લખે છે

Quote :

How Indian Doctors are now successfully beating



back the big C (C = Cancer)

ગુજરાતીમાં અનુવાદ

(ક - કેન્સરનો ક) ક ની મહાન જટીલ સમસ્યાનો સફળતાથી સામનો કરવા ભારતીય ડોકટરો કેટલા શકિતમાન-સફળ છે-વાંચો....'' આ લેખમાં લખેલ છે 'રેડીયો થેરેપી ખૂબ જ અસરકારક છે''

--------------X--------------

હજુ તો ઈલસ્ટ્રેટેડ વિકલીના આ લેખની શાહી પણ સુકાઈ નથી ત્યાં Nature નામના સામાયિકના ઑકટોબર ૧૯૮૯ ના અંકમાં લખાય છે..

Quote : ગુજરાતીમાં અનુવાદ

રેડીયોથેરેપી થીજ હૃદયરોગની બિમારીઓ એટલી હદે બગડી બેસે છે કે માનવી મરી જાય છે અરે એટલું જ નહીં, કેટલાંક સાવ સુષુપ્ત અવસ્થામાં, જરાય તકલીફ ન આપતાં હોય તેવાં કેન્સરો રેડીયોથેરેપી થી વધુ વકરે છે.

Unquote

TIME નામના અમેરીકાના અત્યંત પ્રતિષ્ઠિત સામાયિક ના જાન્યુઆરી ૧૯૯૧ ના અંકની એક કવર સ્ટોરી માં લખે છે

Quote અંગ્રેજીમાંથી અનુવાદ

સ્તનનું કેન્સર એ એક ન સમજી શકાય તેવી વિષમ સમસ્યા જ રહી છે. અમેરીકાના બે પ્રમુખોની પત્નીઓ બેટી ફોર્ડ અને નાન્સી રીગન જેવી પ્રતિષ્ઠિત નારીઓને સ્તનના કેન્સરની ગાંઠોએ બાકાત રાખી નથી.

Unquote

આજ લેખમાં રેડીયોથેરેપી અને કેમોથેરેપી ના વધુ પડતા ઉપયોગ વિષે પણ સાવચેતી રાખવા સૂચન આપવામાં આવ્યું છે -

પ્રશ્ન એ થાય છે કે ઈલસ્ટ્રેટેડ વીકલીનો લેખ વાંચ્યા પછી કેટલાં ડૂબતા જીવોએ પેલું સાવ નિરર્થક, નકામું ફોફા જેવું તરણુ ઝડપી લીધું હશે ? એ રેડીયોથેરેપીના પરીણામે કેટલા વિનાકારણ રીબાયા હશે ? અને પેલા ધસમસતા પ્રવાહમાંથી સલામત બચીને કેટલા બહાર આવ્યા હશે ? - કેટલા ડૂબી ગયા હશે ? મરી ગયા હશે ?

ઈલસ્ટ્રેટેડ તો અટપાઈ ગયું. જવાબ કોણ આપશે ?

ઘનઘોર કાળી વાદળીઓમાં પણ એકાદી રૂપેરી લકીર દેખાતીજ હોય છે તેમ કેન્સરનાં આવાં સાવ ભ્રામક-ગુંચવાડો ઉભો કરતાં વિધાનોમાં લંડનનું 'પ્રેકટીશનર' એના ફેબ્રુઆરી ૧૯૭૯ના અંક ના એક લેખમાં લખે છે.

Quote : ગુજરાતીમાં અનુવાદ.

એટલું જરૂરથી યાદ રાખજો મોટાભાગના માનવીઓને એમની જીંદગી દરમિયાન કોઈપણ જાતનું કેન્સર કદી થતું જ નથી.'' Unquote

---------------X---------------

પોકળ અર્થહીન અને ગેરમાર્ગે દોરવામાં એકલાં સામયિકો કે પ્રચાર માધ્યમો જ જવાબદાર છે તેવું નથી. ઘણાબધા - ઘણીબધી રીતે એક યા બીજા કારણોસર એમાં પોતાનો ફાળો આપે જ છે.

આવો ત્યારે એમાંના થોડાને પણ ઓળખી જ લઈએ.

આપણે જેને સુપરમેન, સુપર પાવર અને લગભગ બધું જ



શક્ય બનાવી શકનાર માનવીઓ માની બેઠા છીએ એમના પર પણ એક દયાભરી નજર કરી જ લઈએ.

૧૯૬૯ની સાલમાં અમેરીકન કોંગ્રેસે 'કેન્સર વિરુદ્ધ' રીતસરની લડાઈ જ જાહેર કરી.

એજ વેળાએ અમેરીકન કેન્સર સોસાયટીએ જનતાને વિશ્વાસમાં લઈ આ ઝુંબેશ ઉપાડી લેવા નાગરીકોની ટુકડીઓ તૈયાર કરી. એમણે જનજાગૃતિના (Public Awareness) મોહિમ માટે છાપાનાં પાનાં ને પાનાં ભરી જાહેરખબરો આપી.

કરોડો અબજો ડોલરની આ જાહેરખબરોમાં એમણે એવી ડંફાસ મારી કે

''અમે ૧૯૭૬ સુધીમાં કેન્સર નામના રાક્ષસ પર અચૂક વિજય મેળવીશું.

૧૯૬૯ થી ૧૯૭૬ સુધી જાહેરખબરો દ્વારા આ કાર્ય જોરશોરથી જારી રહ્યું - અને એમાં MR. NIXON YOU CAN CURE CANCER (તમે મહેરબાની કરી પુછશોના આમાં નિક્ષન કયાંથી આવ્યો ? -)

ઠીક છે આવ્યા તો ભલે આવ્યા - સ્વાગત કરીએ - પણ આગળ વાંચશો તો જા.ખ. માં લખેલા લખાણમાંથી તમને આ પ્રશ્નનો જવાબ Between the lines મળી જશે.

Quote :

Mr. Nixon - You can Cure Cancer. If prayers are heard in heaven this prayer is heard the most. Dear God -

PLEASE NOT CANCER Still more than 318000 Americans died of Cancer last year (1968). This year MR. PRESIDENT you have in your power to bring the END OF THIS CURSE (New York Times - DEC. 9, 1969)

ગુજરાતીમાં અનુવાદ

અગર જો આકાશમાં ખુદા પ્રાર્થનાઓ સાંભળતો હોય તો આ પ્રાર્થના ખુબ જ ધ્યાન દઈને સાંભળે "કેન્સર લઈ લે - અમારે એ નથી જોઈતું."

(પણ પેલા ઉપરવાળાએ કંઈ સાંભળ્યું નહીં - કશો વાંધો નહિં - નીચેવાળો તો છે ને ?)

છતાં ગયા વરસે -(૧૯૬૮ માં) ૩૧૮૦૦૦ - ત્રણ લાખ અઢાર હજાર અમેરીકન નગારિકો કેન્સરથી મરી ગયા.

આ વરસે મી.પ્રેસીડન્ટ !

તમે સત્તા પર છો - અને તમને આ કેન્સરનો શ્રાપ હંમેશને માટે દુર કરવાના 'શ્રી ગણેશ' કરવાની સંપૂર્ણ સત્તા આપીએ છીએ.

ન્યુર્યોક ટાઈમ્સ, ૯ ડીસેમ્બર'૬૯

Dr. Randolp Lee Clerk ડૉ. રેન્ડોલ્પ લી કલર્ક એક ખુબજ પ્રસિધ્ધ પામેલા કેન્સર નિષ્ણાત છે. તેઓ YEAR BOOK OF CANCER નું કેટલાય વર્ષોથી તંત્રી પદ સંભાળે છે.

આ સાહેબે ખૂબજ આત્મવિશ્વાસ થી એલાન કર્યું

"અમને વરસના એક બીલીયન ડોલર, દસ વરસ સુધી આપો - અમે કેન્સર પર વિજય મેળવીને જ જંપીશું - "



પણ પેલા ઉપરવાળાએ આવી અર્થહીન પ્રાર્થનાઓ સાંભળવાનું ક્યારનુંય માંડી વાળ્યું છે. તેથી કંઈ ફરક પડતો નથી. આ પૃથ્વી પર કેટલાય એવા માનવીઓ છે જે પોતાને ડાયરેક્ટ પેલા ઉપરવાળાના ૧૧૧ તરીકે ગર્વથી ઓળખાવે છે.

એટલે અમેરીકાના સર્વસત્તાધીશ પ્રમુખ શ્રી મી. પ્રેસીડેન્ટે આ યાચના ખૂબજ પ્રેમથી ધ્યાનપૂર્વક સાંભળી અને એનો તુરત અમલપણ કર્યો.

૧૯૭૧ ના ડીસેમ્બરની ૨૩મી તારીખે અમેરીકાના સર્વેસર્વા મહેરબાન મહાશય શ્રી નીક્ષન સાહેબાને તુરત જ કાયદો પસાર કરી એના પર એમની સત્તાની મહોર મારી દીધી.

The National Cancer Act "રાષ્ટ્રીય કેન્સર ધારો" રાતોરાત અમલમાં મુકાઈ ગયો.

વરસના બીલીયન ડોલર અમેરીકા જેવા માલદાર દેશ માટે "દરીયે મે ખસખસ" જેવી વાત હતી.

વળી અમેરીકા એની બસોમી વર્ષગાંઠ ૧૯૭૬માં અત્યંત ધામધુમથી ઉજવવા થનગની રહ્યું હતું.

પ્રમુખશ્રીએ સમગ્ર દેશવાસીઓને આહ્‌વાહન આપ્યું "વ્હાલા દેશવાસીઓ !

અરે ! આપણેતો અણુશાસ્ત્રના નિષ્ણાતો - આપણે તો માનવીને પૃથ્વી પરથી ચકલીની માફક ઉડાડી ચંદ્રની ધરતી પર ચાલતો કરી શકવાની મહા-મહાન શકિત ધરાવનારી પ્રજા - અશકય નામનો કોઈ

શબ્દ આપણા શબ્દકોષમાં હોય જ નહીં. તૈયાર થઈ જાઓ ! કમર કસો !

હે અમેરીકાવાસીઓ

એક સાવ તુચ્છમાં તુચ્છ-નજરે દેખી પણ ન શકાય તેવું સામાન્ય જંતુ - નામે કેન્સર, આપણી મહાશકિતને પડકાર કરી રહયું છે ચેલેન્જ કરે છે - શરમની વાત છે - આપણા જેવી મહાન સત્તાનું આ એક હડહડતું અપમાન છે તમારા શસ્ત્રોની ધાર તેજ કરો, તમારી બુધ્ધિને કદી ના લીધી હોય તેવી ઉપયોગમાં લો, મસળી નાખો - ચગદી નાખો કેન્સર નામના આ તુચ્છ જંતુને - એવું મસળો કે એનું અસ્તિત્વ જ આ પૃથ્વીના પટ પરથી નાબુદ થઈ જાય - ખોડ ભૂલી જાય - ફરી માથું ઉચકવાનું નામ પણ ના લે -

આખરે આપણો દેશ અમેરીકા છે. આપણી તાકાતને અકકલની બરોબરીમાં કેન્સર તે વળી શું વિસાતમાં ?

--------------X--------------

અમેરીકાએ એની બસોમી વર્ષગાંઠ ધૂમધામથી ઉજવી - દુનિયાભરના મહાનમાં મહાન શકિતશાળી રાષ્ટ્રોએ અમેરીકા જેવા ધનવાન બળવાન અને અકકલવાન દેશને પ્રશંસા અને અહોભાવથી નવડાવી દીધો

પણ....

આ બધા તમાશામાં પેલા કેન્સરના જંતુને નાબુદ કરવાનું શું થયું ? એ વાત ભૂલમાં પણ કોઈએ યાદ કરી નહીં.

વરસના બીલીયન ડૉલર - લેખે આટલા વર્ષો ભેગા કરી કઈ



ગટરમાં વહી ગયા એ કોઈએ પુછ્યું નહીં - પુછવાની ઈચ્છા હોય તોય પુછી શકતું નહતું કારણ ?

કારણ....

આટલા વર્ષોમાં કેન્સર આખે આખું તો ઘેર ગયું - કેન્સરના 'ક' ને એક અછડતો લસરકોય નહોતું કરી શકયું - અમેરીકા -

લાઈફ નામના અમેરીકાના પ્રતિભાશાળી મેગેઝીને આ બસોમી વરસગાંઠના માનમાં એક ખાસ અંક બહાર પાડયો ને એમાં અમેરીકાની બસો વર્ષોની મોટામાં મોટી એકસો સિધ્ધિઓની એક યાદી પ્રકટ કરી

પણ.....

એ ગૌરવભરી યાદીમાં કેન્સર સામે ચાલી રહેલી લડતનો સુધ્ધાં કયાંય ઉલ્લેખ ન હતો (સિધ્ધિનો તો હોય જ કયાંથી ?)

TIME ના ૨૬ ઓગસ્ટ ૧૯૯૧ ના મેગેઝીનમાં પણ અમેરીકન વૈજ્ઞાનિકોએ હાંસલ કરેલી સિધ્ધિઓના છૂટે મોઢે વખાણ કરવામાં આવ્યાં - સાથે સાથે નિષ્ફળતાઓની પણ શેહ શરમ વગર કબુલાત કરી -

કોણ જાણે કેમ - આ નિષ્ફળતાની યાદીમાં પણ પેલું બાપડુ બિચારૂં કેન્સર કયાંય જોવામાં આવ્યું જ નહીં.

વાસ્તવમાં પેલા ત્રણ વરસના બાળકનૈયાએ મામા કંસને પછાડીને મારી નાખ્યો હતો તેમ કેન્સર નામના સૂક્ષ્મ જંતુએ અમેરીકા જેવી મહાસત્તાને ધૂળચાટતી કરી દીધી હતી -

કયા મોઢે - કોણ એનો ઉલ્લેખ કરે ભલા ?

અને

જયારે અમેરીકા એની સ્વસિધ્ધિઓના ગુણગાન અને મિથ્યાભિમાનમાં રાચી રહયું હતું ત્યારે કેન્સર નામનું જંતુ એની મૂછોમાં મરક મરક હસી રહયું હતું -

કેન્સરને જંતુ તરીકે ઓળખાવવું એ એક ગુન્હો છે - વધારે માનભર્યો શબ્દ તો એ છે કે કેન્સર એક કોષ છે - એક એવો કોષ જે જીવંત તો છે જ, ઉપરાંત એનામાં માનવીના જન્મ પહેલાંની, ગર્ભધારણ પછી આકાર લેતા બાળકની, જન્મયા પછીની વ્યકિતના સમગ્ર જીવનની અને એને વિલય પ્રતિ દોરી જતી રજે રજ ક્રીયાની માહિતી ભરપૂર પ્રમાણમાં ભરેલી પડેલી છે.

અરે એને હજુ આપણે પૂર્ણ પણે ઓળખી પણ શકયા નથી તો એને નાબૂદ કરવાના ફાંફા મારવાથી શું વળવાનું છે ?

કેન્સરને એક તુચ્છ જંતુ સમજી મારી મચડી નાખવાની કોશિષ કરતી એક વિશ્વની મહાસત્તા અમેરીકાની આપણે વાત કરી, તો આવો આ વિષયમાં થોડી વધુ જાણકારી પણ મેળવી જ લઈએ.

વિશ્વમાં મહાસત્તાઓનો ઈજારો કંઈ એકલા અમેરીકાનો નથી. અન્ય રાષ્ટ્રો પણ પોત પોતાની રીતે 'મહાન' કહેવડાવવા એકબીજાની હરીફાઈ કરતાં જ હોય છે. હંસાતુસીના આ દાવપેચમાં તો કેટલાય દેશો ગજા ઉપરાંતની દોડમાં ભાગ લઈ છેવટે એમના દેશને ને એમની પ્રજાને પાયમાલ કરવામાં પાછુ વાળીને પણ જોતા નથી. (રશીયાનો દાખલો તો આપણી નજર સામે જ છે ને ?)

યુનાઈટેડ કીંગ્ડમ (U.K.) બ્રીટીશ રાજ, જેનો "સૂર્ય કદી અસ્ત"



થતો જ નથી એવું માનનારા અને પૃથ્વી પર રાજ કરવાની ઘેલછામાં જેણે

"લે ને ગઈ પૂત ઔર ખો આઈ કસમ" વાળો ખેલ ભજવી બતાવ્યો, એ સમજદાર, શાણા બ્રિટીશરોનો ઈતિહાસ પણ 'કેન્સર' ને લાગે વળગે છે ત્યાં સુધી નિરાશાજનક જ રહયો છે.

તો એમના પાડોશી એવા વરણાગીઆ ફ્રાંસ દેશમાં પણ પરિસ્થિતિ એનાથી વેગળી નથી.

ફ્રાંસના LYON શહેરમાં દુનિયાની અત્યંત પ્રતિષ્ઠિત સંસ્થા I.A.R.C. (International Agency for Research on Cancer) આવેલી છે. આ સંસ્થામાં પણ કેન્સર વૈજ્ઞાનિકો સાથે સંતાકુકડીની રમત જ રમે છે.

દુનિયાભરના બે નંબરના નાણાંનો વહીવટ કરતું સ્વીટ્ઝરલેંડ પણ છુપા છુપીની રમતમાં શું કામ પાછળ રહી જાય ?

ત્યાંની સંસ્થા U.I.C.C. (Union International Center le Cancer) પણ કેન્સર ના નામે નાણાંનો રીતસરનો ધુમાડો જ કરે છે (કોના બાપની....?)

બધાને 'કેન્સર' નામની સમસ્યાનો 'ઉકેલ' શોધવો છે.

આ મહા મહાન દેશોને અને એના મહા મહાન વૈજ્ઞાનિઓને કોણ કહે કે......

CANCER CAN NEVER HAVE A SOLUTION
BECAUSE
CANCER IS <u>NOT</u> A PROBLEM

ઓ વિદ્વાનો..... કેન્સર કોઈ સમસ્યા જ નથી. એનો વળી ઉકેલ તો હોય જ શેનો ? તો પછી આ કેન્સર છે શું ?

--------------X--------------

જાણવાની ઈંતેજારી છે ખરું ?

આવો મારી સાથે સાથે..........

--------------X--------------

કેન્સર નામની *Comodity* વસ્તુનું આપણને એટલા મોટા પ્રમાણમાં વેચાણ કરવામાં આવ્યું છે કે એની કિંમત ચૂકવવાનું આપણી તો ઠીક, આવતી દસ પેઢીઓને પણ ભારે પડી જશે.

રોજ સવારે સૂરજ ઉગે છે, ને કેન્સરને મટાડવાની એક નવી શોધ ની જાહેરાત થઈ જ જાય છે. અને છતાં કેન્સરથી મરતાં માનવીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારોજ નોંધાયે જાય છે.

ખરેખર ! કેન્સરથી મરી જનારાઓ કરતાં કેન્સર ના નામે ચરી ખાનારાંઓની સંખ્યા અનેક ઘણી વધારે છે.



## 'જ્ઞાન' ની વ્યાખ્યા શું ?

''નાઅઆઆઆ રાયણ....નાઆઆરાયણ.....''

તંબુરાના તારનો ટંકારવ કરતા નારદમુનિ ઈન્દ્રના દરબારમાં ઉતરી પડયા...

ઈન્દ્રદેવે આસન પરથી ઉભા થઈ મૂનિવર્યને પ્રણામ કરી આસન ગ્રહણ કરવા વિનંતિ કરી.

જ્ઞાન વિષેની કંઈ ચર્ચા નિકળતાં નારદમુનિએ કહ્યું

''આ બ્રહ્માંડમાં 'જ્ઞાની' તો એકજ ''

ઈન્દ્રદેવે ગર્વથી છાતી ફુલાવી, મુખ પર મહાજ્ઞાની હોવાનો ગર્વ લપેટી કહ્યું

''કોની મારી વાત કરો છો મૂનિવર્ય, હા... આ ત્રિલોકમાં કોઈ જ્ઞાન એવું નથી જે મેં પાઠ ન કર્યું હોય....''

ફરી તંબુરાના તારનો ટંકારવ થયો... આંખો બીડી જોરથી નકારમાં માથું ધૂણાવતા નારદમુનિની શિખા એરીયલની માફક ઉંચીનીચી થવા લાગી...

''નાઆઆરાયણ.... નાઆઆરાયણ....''

આસન પરથી ઈન્દ્ર અડધો ઉભો થઈ ગયો. એની ભ્રમરો પણછની માફક ખેંચાઈ. વજ્ર પર એની મૂઠીની ભીંસ વધી....

''એટલે ત્રિભૂવનમાં મારાથી વધુ જ્ઞાની પણ અસ્તિત્વમાં છે એમ કહેવા માગો છો તમે મૂનિવર્ય ?.....

ફરી તંબુરો રણકયો... ફરી માથું 'હા' માં હલ્યું ને ફરી "નારાયણ નારાયણ" મોઢામાંથી સરી પડયું...

"કોણ છે એ....નામ તો આપો ? ઈન્દ્રે પુછ્યું....

"મૂનિ ભારદ્વાજ" નારદમૂનિ બોલ્યા...

એમનું ઈકડમ્ થી તિકડમ્ કરવાનું કાર્ય પુરૂં થયું... આસન પરથી ઉભા થઈ અંતર્ધ્યાન થયા...

વાતાવરણમાં તંબુરાના તારના રણકાર ગુંજી રહયાં...ઈન્દ્રના અહમ્‌ને છંછેડતા રહયા...

---------------X--------------

ભારદ્વાજ મૂનિ આશ્રમને આંગણે બાંધેલી ગાયોને લીલુંછમ ઘાસ નીરી રહયાં છે. રૂમઝૂમ કરતો સાત થનગનતા શ્વેત અશ્વોથી દોરાયેલ રથ આવી ઉભો રહે છે. અપમાન અને ઈર્ષ્યાથી આગ આગ થતો ઈન્દ્ર એમાંથી ઉતરે છે, મૂનિ પાસે આવી પ્રણામ કરે છે.

"પધારો દેવાધિદેવ" મૂનિ ભારદ્વાજ સ્મિત સહ સ્વાગત કરતાં કહે છે..." અચાનક આજ સ્વર્ગલોકમાંથી દેહલોકમાં આગમનનું પ્રયોજન...?"

"એવું કયું જ્ઞાન છે જે મેં મેળવવાનું બાકી રાખ્યું હોય ઋષિવર્ય ?" ઈન્દ્ર પુછે છે.

"તું શું શું જાણે છે ? તે તો પહેલાં કહે " વ્હાલથી-વાત્સલ્યથી ઋષિ, ઈન્દ્ર ને પુછે છે.

"એમ પુછો કે હું શું નથી જાણતો, વેદો પુરાણો, શસ્ત્રો અસ્ત્રો,



આ લોક, ભૂ લોક પાતાળ ને બ્રહ્માંડ એના અણુ એ અણુનો હું અભ્યાસી છું-" બોલતાં બોલતાં ઈન્દ્ર ગર્વથી ફુલાતો જતો હતો ને મુનિ અમિ ઝરતી આંખે એની અધિરાઈ નિહાળી રહયા હતા.

"તારૂં આ બધું જ્ઞાન તો મહાસાગરની તુલનામાં બિંદુ સમાન છે દેવરાજ ઈન્દ્ર....જા....ફરી એક વાર જે તું નથી જાણતો તે જ્ઞાન પ્રાપ્ત કરી પાછો આવ...પછી આપણે આગળ વાત કરીશું."

ધૂંવાપૂંવા થતો રથમાં બેસી ઈન્દ્ર ઉડયો. પૃથ્વી - બ્રહ્માંડ અને પાતાળ નો ખૂણે ખૂણો ફરી વળ્યો ને વળી પાછું અઢળક જ્ઞાનનો ઉમેરો કરી ભારદ્વાજ મૂનિને મળવા આવ્યો અને નવા પ્રાપ્ત કરેલ જ્ઞાન વિષે મૂનિને જણાવ્યું.

"ઓહો...તારૂં પહેલાનું જ્ઞાન વતા આ નવું મેળવેલ જ્ઞાન બંન્ને ભેગાં કરીએ તો હિમાલયની તૂલનામાં એક કાંકરા બરાબર થાય..."મુનિવર્ય હસીને બોલ્યા.

હતાશ થઈ ઢીલો પડી ગએલો ઈન્દ્ર મૂનિ ભારદ્વાજના ચરણોમાં નમી પડયોને પુછ્યું "કૃપા કરી મને કહો, મહર્ષિ - આપ 'જ્ઞાન' કોને કહો છો ? જ્ઞાનની વ્યાખ્યા શું છે ?"

મૂનિ પ્રેમથી ઈન્દ્રને સમજાવે છે "તૂં જેને જ્ઞાન કહે છે દેવેન્દ્ર એ જ્ઞાનના તો કોઈ સિમાડા જ નથી. અરે મહાસાગર ને કિનારા હોય ને આકાશને ક્ષિતિજ હોય પણ જ્ઞાન - અનંત છે - અને એ જ્ઞાન માનવી જેટલું મેળવે છે એટલો એ વધુ ને વધુ અજ્ઞાની બનતો જાય છે. જેટલી જ્ઞાનની પ્રાપ્તિ વિશેષ એટલું એનું ગુંચવાડામાં પડવાનું પ્રમાણ વધતું જાય... પરિણામે એ જ્ઞાની બનવાને બદલે અજ્ઞાની કરતાં પણ

વધુ દુઃખી થાય. આ સાચું કે પેલું સાચું ? આ ખોટું કે પેલું ખોટું એમ એની દ્વિધાના વમળો વધુ ને વધુ ગોળાકાર ફેલાવતા જાય. આ જ્ઞાનના અતિરેક થી ઉપજેલ ગુંચવાડા એને ભૂલો ના ગુણાકાર કરવા મજબૂર કરતા રહે.. અને પોતાના પરથી જ આત્મવિશ્વાસ ઉઠી જાય... જે જ્ઞાન પ્રકાશની ગરજ સારવા માટે સર્જાએલું છે તે જ જ્ઞાન એને અંધકારના ઉંડાણમાં ખેંચીને લઈ જાય...''

''તો સાચું જ્ઞાન કયું ?'' ઈન્દ્ર વિનવણી કરી પુછે છે. એના જ્ઞાનની પાયા વિનાની ઈમારતો હલી ગઈ છે.

મૂનિવર્ય ભારદ્વાજ કહે છે : ''સાચા જ્ઞાનને મેળવવાની શરુઆત પોતાના શરીરથીજ થાય છે. સર્વ પ્રથમ તારી જાત ને ઓળખ. આ શરીર, એની રચના, એનું અણુએ અણુ શું કરે છે, શા માટે કરે છે, કેવી રીતે કરે છે અને એની રચના, કેટલી અદ્દભૂત અને અલૌકિક છે એને ઓળખી લે.

**એ ઓળખ કરતાં કરતાં જેટલું સમજાય એનું સન્માન કર અને જે સમજમાં ન આવે તે તારી સમજમાં પણ નથી આવતું એટલું મહાન છે એમ સમજી એનું ગૌરવ કર.**

આમ તારા તનને જેટલું નજીકથી ઓળખાય એટલું ઓળખી - તારા મનને ઓળખવાનો પ્રયત્ન કર...આમાં પણ તને સંપૂર્ણ જ્ઞાન તો નહીંજ મળે પણ જેમ જેમ તું તારા મનને ઓળખતો જઈશ એમ એમ સમગ્ર સૃષ્ટિના વિશાળ જ્ઞાનના ભંડારોની ભોગળો આપમેળે ફટાફટ ઉઘડતી જશે.

દુનિયાભરનું - પૃથ્વી - પાતાળ ને બ્રહ્માંડ નું જ્ઞાન મેળવવા



આજે તું જે દોડાદોડી - ભાગમ્ભાગ કરી રહયો છે તે સર્વ તારા સામે ચાલીને તારી પાસે આવશે. અરે વત્સ ...સ્વ-જ્ઞાન એજ સર્વ-જ્ઞાન છે. તારા શરીરના અણુએ અણુમાં સમગ્ર બ્રહ્માંડના એક એક ઘટક વ્યવસ્થિત રીતે ગોઠવાઈને આપ આપનું કાર્ય કર્યેજ જાય છે. એને ઓળખીશ એટલે મનના દ્વાર આપમેળે જ ઉઘડવા લાગશે - અને જયારે મનનાં દ્વાર ઉઘડે છે ત્યારે જ જ્ઞાન - સાચું જ્ઞાન મેળવવાની શરુઆત થાય છે.''

''એ શરુઆત હું શી રીતે કરું ?'' ઈન્દ્ર પુછે છે. ઋષિવર્યે પાસે પડેલું કમંડળ ઉપાડયું - પાસે વહેતા ઝરણામાંથી ઈન્દ્રને એમાં પાણી ભરી લાવવા કહયું.

''ત્વરાથી ઉઠી ઈન્દ્ર કમંડળમાં પાણી ભરી લઈ આવ્યો ને મૂનિના ચરણો આગળ મુકયું.

''આ જલમાં દ્રષ્ટિ કર - શું દેખાય છે ?''

''આ તો ડહોળું કદડા જેવું ગંધાતું કંઈ વિચીત્ર રંગનું પ્રવાહી છે. ગુરુદેવ.... ઝરણાનું પાણીતો એકદમ સ્વચ્છ અને નિર્મળ હતું.''

આશ્ચર્યમાં પડી ગએલો ઈન્દ્ર કહે છે.

''બરાબર સત્ય કહયું તેં - જળ તો નિર્મળ જ હતું - પણ કમંડળમાં કચરો હતો. જળ ભરતાં પહેલાં તેં કમંડળ બરાબર સાફ કરી ધોઈ સ્વચ્છ કરી નિર્મળ કર્યું હોત તો પેલું ભરેલું પાણી દુષિત ન થાત. હવે સમજયો ?''

ઈન્દ્રદેવે માથું ધુણાવી ના કહી. ગુરુદેવ સૌમ્ય હસ્યા.

**''આજ સુધી તેં જે જ્ઞાન મેળવ્યું છે તે બધું તારા મગજમાં**

પેલા કમંડળ ના કચરાની જેમ પડી પડીને કોહી ગયું છે, ગુંચવાડાના ગુણાકાર કરી કરી દુર્ગંધ મારતું થઈ ગયું છે. એમાં ગમે તેટલું નિર્મળ જળ પડશે તો તે જળ સ્વચ્છ રહેશે જ નહીં- એમ..."

"અત્યાર સુધી મેળવેલું તારું બધું જ જ્ઞાન તું ભૂલી જા...તારા તન ને મનને ઓળખવાની શરુઆત કર...અને જ્યારે એ પ્રાપ્ત થશે ત્યારે એ સાફ કરી કમંડળમાં એ સ્વચ્છ કરેલા કમંડળમાં ભરેલા નિર્મળ જળ જેટલું પવિત્ર અને સંપૂર્ણ હશે. અને પછી તારે એમાં કોઈ જ્ઞાનનો ઉમેરો કરવાની આવશ્યકતા જ નહીં રહે. એ સ્વયં બ્રહ્મજ્ઞાન હશે સર્વોચ્ચ જ્ઞાન હશે અને એ જ જ્ઞાન તને આ જન્મ નહી...જન્મો જન્મ ઉપયોગમાં આવશે." અસ્તુ કલ્યાણમ ભવતુ !"

--------------X--------------

કેન્સર વિષે સમજમાં ન આવે એવી એક જ વાત છે અને એ છે 'કેન્સર ખૂબ સહેલાઈથી સમજી શકાય એવું છે."

કોણ કહે છે 'કેન્સર એ આધુનિક જમાના ની પેદાશ છે ?" અરે કેન્સર તો માનવી ની ઉત્પત્તિ પહેલાં પણ અસ્તિત્વમાં હતું - છે - અને રહેશે.

બધાજ આધુનિક ઉપચારો સામાન્ય માનવીને "સલામતી" ની ભાવના આપવામાં સદંતર નિષ્ફળ પુરવાર થયા છે.



# અધ્યાય ત્રીજો

**પ્રકૃતેર્ગુણ સંમુઢા:**
**સજ્જન તે ગુણકર્મસુ !**
**તાન્ કૃત્સ્નવિદો મન્દાત્**
**કૃતત્સ્નવિન્ન વિચાલયેત !!**

પોતાને થએલ રોગથી ભય પામેલા અને વિચલિત થએલા દર્દીને, જેને આ રોગનું જ્ઞાન છે એવા વિશારદોએ, સમજણપૂર્વક રોગીને આશ્વાસન આપી એને ભયમાંથી મુકત કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

## લક્ષણ યોગ

વરસાદ કેમ પડે છે ? એનાં કારણો જાણવા પ્રયત્ન કરવો એ સારૂં કાર્ય છે. સૂર્યનાં કિરણોથી ધરતી ઉપરનાં સમુદ્રનાં ખારાં જળ વરાળ થઈ ઉંચે આકાશમાં ઉડી જાય છે, એ વરાળનાં વાદળ બંધાય છે અને ઘનઘોર વાદળ અમુક ચોકકસ ઋતુમાં ટીપે ટીપે વરસી આ પૃથ્વી પરનાં નદી નાળાં અને તળાવોને શુધ્ધ મીઠા અમૃત જેવા જળથી છલકાવી દે છે. જેનું એક એક બુંદ જીવ માત્ર ને જીવંત રાખવામાં ખૂબ જ અગત્યનું-મહત્વનું કાર્ય કરી ઉપયોગી થાય છે.

આટલું જાણ્યા પછી તો આપણો કુદરતની આ અદ્ભૂત લીલા પ્રત્યેનો અહોભાવ વધી જવો જોઈએ. આ સમગ્ર ક્રીયા એક અત્યંત ચોકસાઈ પૂર્વક કુદરત યુગો યુગોથી કોઈની પણ મદદ વગર કરતી આવી છે ને રોક ટોક વગર કર્યે જાય છે એ એક માત્ર જાંણકારી માનવી જેવા સમજદાર પ્રાણીને પેલી અકળ લીલા પ્રત્યે માનભરી દ્રષ્ટિથી જોતાં

શીખવવી જોઈએ.

હવે ધારોકે આપણે આજ જાણકારીને આ જ કુદરતના ક્રમને નાથવા માટે ઉપયોગમાં લઈએ તો ? એમાં વણસમજયા ફેરફાર કરવાનું સાહસ કરીએ તો ? વરાળ થઈને જે ઉપર જાય છે એને જ અહીથી રોકી દઈએ અકુદરતી રીતે એના પર પ્રયોગો કરીએ, ઉપરનાં વાદળાંને આમથી તેમ છીન્નભિન્ન કરી નાંખીએ ટીપે ટીપે પડતા વરસાદને ધોધમાં પડતો કરવાની ચેષ્ટા કરીએ તો ?

આવુંજ કંઈક આપણે કેન્સરની બાબતમાં કરી રહયા છીએ.

કેન્સર એ આપણાજ શરીરનો એક સામાન્ય કોષ છે, એ શરીરના અન્ય કોષો જેટલોજ જીવંત છે, ગુણાકાર કરી જાણે છે, એમાં શરીરને એક યા બીજી રીતે મદદરૂપ થવાના પણ ગુણો છે (ઓપરેશન ના ઘા રૂઝાવામાં કેન્સર કોષો પણ અન્ય કોષની માફકજ મદદ કરે છે તે આપણે આગળ કોષના પ્રકરણમાં જોઈ ગયા) - આટલું બધુ કેન્સરના કોષ વિષે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એ નિરૂપદ્રવી, નિર્દોષ કોષ ને સતાવવાનું આપણે છોડી દેવું જોઈતું હતું.

એ કોષ શરીરમાં નથી કોઈ પીડા ઉભી કરતો. શરીરના અન્ય કાર્યોમાં કોઈ રીતે ડખલરૂપ નથી થતો કે નથી અન્ય કોઈ બિમારીની જેમ માનવીને અચાનક - ઓચિંતો નોટીસ આપ્યા વગર મારી નાખતો - એવા કોષની પાછળ આદુ ખાઈને એને મારી નાખવા, મચડી નાંખવા, બાળી નાંખવા કે છુંદી નાખવા કાપકુપી કરી નાખવા માટે આ સંહાર શા માટે ?

શા માટે આ જ શોધકો પ્રજાને કેન્સરનું એનું અસલી સ્વરૂપ



બતાવતા નથી ? શા માટે એમને ધીરજથી સમજાવતા નથી કે કેન્સર કોષ નાં લક્ષણો શું છે ?

જીન્સ - Genes વિષે પણ આપણે થોડી વાતો આગળ કરી. Genetic Science, જીન્સનું વિજ્ઞાન તો એટલું બધું આગળ વધ્યું છે કે એક એક કોષમાં રહેલી માહિતી વિષે પણ આપણે ઘણુ બધું આશ્ચર્ય પમાડે તેવું જાણતા થઈ ગયા છીએ.

આ શોધખોળોમાં એ પણ જણાયું છે કે કેન્સર એ કોઈ વારસાગત રોગ કે બિમારી નથી. બાપને થયું હોય તો દિકરાને થવું જ જોઈએ એવું પણ કોઈ પ્રમાણ મળતું નથી કે મા ને છાતીનું કેન્સર હોય તો દિકરીને થવાનાં કોઈ કારણો નથી.

અગર કોઈ સંજોગોમાં આવા કિસ્સા જો જોવા મળે તો પણ એનો એવો અર્થ નથી થતો એ એ વારસાગત છે. એ મા ને દિકરીને એટલા માટે થયું કારણ કે કેન્સર દર પાંચ વ્યકિતએ એક ને થાય એટલું સામાન્ય અને સાધારણ છે. એટલે શકયતા તો એ છે કે એ મા ને દિકરી પેલાં પાંચ પાંચ માંના એક છે એટલે બન્નેને કેન્સર થયું છે. વારસામાં ઉતરે છે એટલા માટે નહીં.

એવીજ રીતે સર્વેક્ષણ - અભ્યાસ એમ પણ કહે છે કે અમુક જાતિઓમાં કે દેશોમાં અમુક જ જાતના કેન્સરનું પ્રમાણ વધારે જોવામાં આવે છે.

ઉદાહરણ : પારસી કોમ માં સ્તનનું કેન્સર થતું વિશેષ જોવામાં આવે છે. તો જાપાનીઝ પ્રજામાં હોજરીના કેન્સર કેસો વધારે નોંધાયા છે. યહુદી કોમમાં લ્યુકેમીઆનું કેન્સર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે

પણ આ બધાજ પ્રકારનાં કેન્સર અન્ય કોઈ જાતીમાં કે દેશોમાં નથી થતાં એવું પણ નથી.

તદ્ઉપરાંત મા ને દિકરીમાં થતા કેન્સરના પ્રકાર એકસરખા હોતા નથી. એમાં પણ ભિન્ન ભિન્ન પ્રકારો ખૂબજ સ્પષ્ટપણે જોવા મળે છે. અરે એક જ વ્યકિતમાં બે જુદે જુદે ઠેકાણે થએલ કેન્સરના પ્રકાર પણ એકબીજાથી ભિન્ન હોવાનું જોવા મળે છે.

આ બધું સંશોધનોથી સર્વેક્ષણોથી પુરવાર થએલું હોવા છતાં એ હકીકતો ની જાણ ભાગ્યેજ કોઈને કરવામાં આવે છે.

સામાન્ય પ્રજા તો એમજ સતત ભયમાં રહે છે કે મા ને કેન્સર હતું એટલે દિકરીએ જીવનભર એને કેન્સર થશે એવી બ્હીકમાં ને બ્હીકમાં ફફડતાં ને ફફડતાં જીવવાનું.

કોઈપણ જાતની તકલીફ ના થતી હોય તો પણ વાર તહેવારે સારા કપડાં પહેરે તેમ ચેકીંગો કર્યા જ કરવાનાં.

આવા કોઈપણ એકાદ કુટુમ્બમાં દાદાને કેન્સર થયું હોય તો એનો દિકરો ને એનો દિકરો પણ સતત કેન્સર ના નામથી ફફડતો જ રહેતો હોય છે. જે દાદાને કેન્સર થયું હતું એના પર એટલા બધા પ્રયોગો કરવામાં આવ્યા હતા કે એ રીબાઈ રીબાઈને મૃત્યુ પામ્યા હતા, એમની જીંદગીના છેવટના દિવસોમાં એમનું કષ્ટ ઘરના કોઈનાથી જોવાતું ન હતું કે સહેવાતું ન હતું. એમની સારવાર પાછળનો ખર્ચ કુટુંબમાં ત્રણ ચાર પેઢીથી ન ચૂકવાય એટલું દેવું મુકી ગયો હતો - આ બધી હકીકતો એ સમગ્ર કુટુંબ પર કેન્સરના નામનો એવો સિક્કો મારી દીધો કે નાનું છોકરું "બાવો આવશે - સૂઈ જા" એમ બ્હીવડાવેને માથે ગોદડું



ઓઢી સુઈ જાય એમ કુટુંબના માનવીઓ સતત કેન્સર ફોબીઆમાં ત્રણ પેઢીથી જીવી રહયાં હતાં.

કેન્સરની શોધખોળોના નામે જે કંઈ થઈ રહયું છે એનો પ્રચાર પણ માનવીને કેન્સરના ભયમાં વધુ ને વધુ ધકેલે છે. સામાન્ય પ્રજાને આ પ્રચારથી તો એમ જ થાય છે કે એના જીવનના બારણે કેન્સર સતત ટકોરા મારીને એને બ્હીવડાવ્યા જ કરે છે.

વૈજ્ઞાનિકોએ તો એ પણ પુરવાર કર્યું છે કે કેન્સર એ ફકત માનવીને થાય છે એવું નથી. જીવ માત્રને કેન્સર થઈ શકે છે થાય પણ છે. તમારા આંગણે બાંધેલા કોઈ પણ ગાય-ભેંસ કે બળદ-બકરીને શરીરના કોઈ પણ એક ભાગમાં ઉપસેલી ગાંઠ તમને દેખાશે - પણ એ ગાંઠથી એમાંનું કોઈ પ્રાણી મરી ગએલું અરે દુ:ખી થતું પણ જોવા નહીં મળે. તમે એ ગાંઠને કોઈ પશુ-ડોકટર પાસે તપાસાવવા કે ઓપરેશન કરીને કઢાવવાની પણ તકલીફ લેતાં નથી. ગાય કે ભેંસ ને થઈ હોય તો એનું આપેલું દુધ પીવાની પણ આનાકાની કરતા નથી - શા માટે ત્યારે માનવીને જ કેન્સરના નામથી બ્હીવડાવી મારો છો ?

કોઈ આંબાના ઝાડને થડમાં મોટી ગાંઠ દેખાય છે તો એ આંબો સુકાઈ ગએલો જોવા મળતો નથી. એના પર આવતી મીઠી મધ જેવી કેરીઓ ખાવા કોઈ આનાકાની કરતું નથી. આખરે આ કેન્સર કેન્સર કરી માનવી માત્રને બ્હીવડાવવાનું કયારે બંધ કરશો ? કોઈ જવાબ આપશે ?

'કેન્સર માનવીને મારી નાખે છે.'' એમ તો માણસ એકસીડન્ટથી પે કયાં નથી મરતો ? કેન્સર ફકત અમુક જગ્યાએ હોય છે. ગળામાં કે

અન્ન નળીમાં જયાં રૂકાવટ ઉભી કરવાને લીધે કંઈક અંશે અસુખ-અસુવિધા થાય છે, પણ એમ તો કોઈના પૈસા ઉધાર લઈ પાછા ન આપ્યા હોય તો ય કયાં અસુખ-અસુવિધા ઉભી નથી થતી ?

કેન્સરના નામે ઘણા વર્ષો સુધી અબજો રૂપિયા ખર્ચી, લાખો માનવ કલાકો બગાડી તમે ઘણું બધું જ્ઞાન એકઠું કર્યું છે - ઘણું થયું - જેટલું જાણો છો એટલું પણ એટલું બધું છે કે એ જ્ઞાન ને પરીણામે ઉભા થએલા ગુચવાડામાં સમસ્ત માનવજાતને ગુંથી લીધી છે, વણી લીધી છે - ઘણું થયું - હવે વધુ સમસ્યાઓ ઉભી ના કરો, વધુ ગુંચવાડામાં સામાન્ય માનવીને ન નાંખો, આમેય આજના જમાનામાં માનવીને ઉપાધિઓનો કોઈ તોટો નથી. કૃપા કરી એમાં રોજ નવા નવા ઉમેરા ના કરો.

ફકત વિનંતિ એટલીજ છે કે કેન્સર વિષે આજ દિવસ સુધીમાં તમે જેટલું જાણ્યું છે એની સ્પષ્ટ અસલિયત બધાંને ઈમાનદારી પૂર્વક બતાવી દો, જ્યાં જ્યાં તમે નિદાનમાં નિષ્ફળતા મેળવી છે, દ્વિધાઓ ઉભી કરી છે, એ ખૂલ્લે આમ જાહેર કરી દો, ઉપચારોનાં વિષમ પરીણામો ને જગજાહેર કરી દો, કેન્સરને અને મૃત્યુને ખાસ કોઈ અંગત સંબંધ નથી કે કેન્સર માનવીને રીબાવી રીબાવીને કે ઝટકામાં મારી નાંખતું નથી એ ખુલ્લા દિલે એકરાર કરીને જણાવી દો.

સામાન્ય માનવી 'હાઆઆશ' કરી છુટકારાનો શ્વાસ લેશે, ભયમાંથી મુકત થશે, તમારા લાખ લાખ શુક્રીયા અદા કરશે ને તમને સાચુ કહેવાનું પૂણ્ય પ્રાપ્ત થશે.



# કારણોની કરુણ કથની

''ડૉકટર મને જ કેન્સર શું કામ થયું ?'' મને કેન્સર થવાનું કંઈ કારણ..? બીજા કોઈને નહીં ને મને જ કેમ ?''

મુંઝાએલો, ગભરાયેલો, હાંફળો ફાંફળો થએલો અને જાણે કોઈ નિર્દોષ માણસને ''ફાંસીની સજા'' ફરમાવવામાં આવી હોય તેમ Shock થી સ્તબ્ધ થઈ દર્દી પુછી બેસે છે.

જાણે આ પ્રશ્નની રાહ જોઈને જ બેઠા હોય તેમ એક લાંબુ લચક લેકચર ઠોકી દેવામાં આવે છે. એનું લીસ્ટ એટલું લાંબુ છે કે દુનિયાનો દરેકે દરેક માનવી એમાંનુ કંઈને કંઈ તો કરતોજ હોય છે, અરે એમાંનું ઘણું ખરું જીવનના એક રૂટિન તરીકે કરતો હોય છે અને એ એક પણ કાર્ય અકુદરતી પણ નથી હોતું.

છેક અઢારમી સદીમાં સૌ પ્રથમ આ કેન્સરના કારણોના શ્રી ગણેશ કરવાનું માન કોઈ મહાન વ્યકિતને ફાળે જતું હોય તો એ એક ઈંગ્લેન્ડના એક સર્જન ને મળવું જોઈએ. (સારૂં છે એનું નામ યાદ નથી)

એ અત્યંત જવાબદાર માણસે એમ જાહેર કર્યું કે ''મેશ થી કેન્સર થાય છે''

હવે ઈંગ્લેન્ડ જેવા શીત પ્રદેશમાં જ્યાં છ છ મહિના સુધી સુરજ પણ નથી દેખાતો એવા દેશમાં ઘર ઘરમાં FIRE PLACE તાપણું કરવાના ગોખલા રાખવાની પ્રથા છે. ત્યારે રૂમ હીટરો અસ્તિત્વમાં ન હતાં.

આ ગોખલામાં પેટાવેલા લાકડાનો ધૂમાડો ઘરમાં ન ફેલાય

એટલા માટે એ ફાયર પ્લેસની ઉપર એક ભુંગળું, ચીમની ગોઠવવામાં આવતી. એમાંથી ધૂમાડો સીધો ઉપર થઈ હવામાં ઉડી જાય.

હવે આ ચીમનીઓમાં ધૂમાડાને લીધે એટલી મેશ વળતી કે અવારનવાર એને સાફ કરવાની જરૂર પડતી. અને અમુક વર્ગના માણસો આ ચીમની સાફ કરવામાં એક્ષ્પર્ટ હોવાથી એ એમનો વ્યવસાય થઈ ગયો હતો.

પેલા સમજદાર સર્જન મહાશયે ફટાક કરતું કહી દીધું પેલા સેંકડો ચીમની સાફ કરનારામાંના એકને. "તને કેન્સર થવાનું કારણ એ છે કે તું જયારે ચીમની સાફ કરે છે ત્યારે તારા આખા શરીરે મેશ ના લપેડા થાય છે."

ગુન્હો કર્યો હતો પેલા બિચારા ચીમની સાફ કરનારે, કારણ એ એનો રોજીરોટી નો સવાલ હતો - ને એના બાપાના બાપાના જમાનાથી - પેઢી દર પેઢી એ ચીમનીઓ સાફ કરતો આવ્યો હતો.

જાણે એક મહાન મોટી શોધ કરી હોય તેમ પછી આ બબુચકે આપેલું કારણ પ્રસિધ્ધ બની ગયું અને લોકો ચીમનીની મેશ તો ઠીક કોઈ સુંદરીના અણીઆળાં નેણમાં આંજવાના કાજળથી પણ ભડકવા લાગ્યા.

અઢારમી સદીમાં શ્રી ગણેશ થએલી "કારણો" આપવાની એ ક્રીયા ત્યાર પછી આજે વીસમી સદી પુરી થવા આવી ત્યાં સુધી એકધારી ચાલતી જ રહી છે અને એમાં એટલાં બધાં કારણોનો ઉમેરો થતો રહયો છે કે એને લખવા માટે એક આખી 'કેન્સર કારણ ગીતા" લખવી પડે. અને ખૂબીની વાત એ છે કે હજુ આ કારણ માસ્ટરો થાકયા નથી.



એ હકીકતમાં શું કરી રહયાં છે એને સાદી ભાષામાં સમજવું હોય તો મારે તમને એક વાર્તા કહેવી પડશે.

એક આંધળો માણસ છે. અમાસની ઘોર અંધારી રાતના એ એક કાજળ કોટડીમાં પ્રવેશ કરે છે. ત્યાં લાઈટ નથી, પ્રકાશનું કોઈ કિરણ નથી એટલું યે ઓછું હોય તેમ એની દિવાલો, છત અને ફરસ બધું જ કાળા રંગનું છે.

આ આંધળો માણસ કંઈક શોધી રહયો છે શોધવાને ફાંફાં મારી રહયો છે.

એ એક કાળી ટોપીની શોધમાં છે.

તમે ફટ દઈને કહેશો કે

"ઓહો એમાં શું થયું - એ આંધળો હાથ ફેલાવી પસવારી ટોપીને ફંફોળીને શોધી કાઢે અરે નસીબમાં હોય તો એના પગમાંય ટોપી ભટકાય - બસ

ફટ કરીને ટોપી જડીજ જાય વળી - તમે તો ભઈ ભારે ઉતાવળા - યાર હજુ તમે મારી વાત પુરી સાંભળીયે નથી.

હાં તો પેલો આંધળો અમાસની રાતે અંધારી કોટડીમાં જે કાળી ટોપી શોધી રહયો છે તે ટોપી "હકીકતમાં એ ઓરડીમાં છે જ નહીં"

અઢારમી ઓગણીસમી અને વીસમી સદીની અંત સુધીની કેન્સરની શોધખોળો ના સરવૈયાનું એક વાકયમાં વર્ણન કરવું હોય તો આટલું કહેવું બસ થઈ પડશે.

કેન્સરના કારણોની આ કારણપટુઓ એ જે યાદી બનાવી છે તે લીસ્ટ જો તમે વાંચો તો તમને એમ થાય કે આ પૃથ્વી પર, જમીન, હવા અને આકાશમાં એક પણ એવું કારણ નથી જેનાથી કેન્સર થવાની શકયતા ન હોય. આ યાદી વાંચતા વાંચતાં આપણને પહેલો પ્રશ્ન એજ થાય કે....અધધધ, આટલાં બધાં કારણો હોય તો પૃથ્વી પરના એક એક માનવીને ઓછામાં ઓછા ડઝન કેન્સર થવાં જોઈએ. પેલા એ જ નિષ્ણાતો કહે છે તેમ દર પાંચમાંથી એક ને નહીં....

પરંતુ આપણે તો અજ્ઞાની જીવો છીએ. જ્ઞાની પુરુષોને આવા મૂર્ખાઈ ભર્યા પ્રશ્નો પુછવાની આપણને મનાઈ છે. કાંઈ અધિકાર નથી તમને એ મહાપુરુષોને આવું પુછીને એમનું અપમાન કરવાનો. (ગુંચવાડામાં નાખવાનો એમ લખવું હતું પણ બ્હીક લાગે છે.)

ટુંકામાં અજ્ઞાની માણસોએ જ્ઞાની પુરુષો જે કહે છે તે ચૂપચાપ માની લેવું એમાંજ શાણપણ સમાયેલું છે.

પણ અજ્ઞાની જીવોને પણ જીજ્ઞાસુ થવાનો તો અધિકાર છે જ. એમાંયે જયારે એમને કેન્સર સાથે સીધી યા આડકતરી રીતે પનારા પડયા હોય ત્યારે તો વિશેષ.

તો આવો - પેલા જીજ્ઞાસુ જીવોની જીજ્ઞાસા સંતોષવા ખાતર પેલા નિષ્ણાતોએ આજ દિવસ સુધી લાખો, કરોડો અબજો નહી...અરબો રૂપિયા ખરચી ખણખોતર કરી જે કારણો શોધ્યાં છે એનાં થોડાં સેમ્પલ જોઈ લઈએ - એટલે અસલ માલનો આપણને અંદાજ આવી જશે.

પેલી ચીમની વાળી મેશથી એકડે એક કરીએ.

૧. ખોરાક અને પાણીથી કેન્સર થઈ શકે છે.



હવા - પ્રદુષિત હવાથી કેન્સર થાય છે.(પ્રદુષિત ન હોય એવી હવા આ પૃથ્વી પર કયાંય છે ખરી ?)

ધુમ્રપાનમ્ મહાદાનમ્ ગોટે ગોટે કેન્સર દાનમ્ આ પ્રચારે તો બીચારા બીડી, સીગરેટ, ચલમ કે હોકો પીનારાની કે તમાકુ ખાનારની હાલત ભૂંડી કરી નાંખી છે.

આપણે જે જમાનામાં જીવી રહયા છીએ. જેમાં ગર્ભવતી માના પેટમાં ઉછરતા બાળકથી માંડી મરણ પથારીએ સુતેલો ૮૦-૯૦ વરસનો વૃધ્ધ પણ સમગ્ર જીવન દરમિયાન એક યા બીજા કારણોસર દવાઓ ખાધા જ કરતો હોય છે. આમાંની મોટા ભાગની દવાઓથી કેન્સર થઈ શકે છે.

આશ્ચર્ય અને આઘાત પમાડે તેવી છતાં સાવ નાગી અને સત્ય હકીકત એ છે કે

જે દવાઓ અને લાઈટો કેન્સરને મટાડવા માટે આપવામાં આવે છે તે જ દવાઓ અને ક્ષ-કિરણો કેન્સર ઉભું કરવામાં મોટો ભાગ ભજવે છે.

હજુ આગળ સાંભળવાની ઈચ્છા અને તૈયારી હોય તો સાંભળો - આ નિષ્ણાતોના મત પ્રમાણે સૂર્યનાં કિરણોથી પણ કેન્સર થઈ શકે છે. અરે તમે પરણ્યાની પહેલી રાતે મધુરજની ઉજવી રહયા હોય તો સાવધાન... આ કેન્સર કારણ કાકાઓનું કહેવું છે કે તમારું વીર્ય પણ તમારી પત્નીના સર્વીક્ષના કેન્સરનું કારણ બની શકે છે.

આ તો તમને જીજ્ઞાસા હતી એટલે થોડાં સેમ્પલ પુરતાં કારણો આપવા પડયાં. પણ સામાન્ય માનવી રહયો બિચારો અજ્ઞાની - એ

કાંઈ નિષ્ણાત થોડો છે ?

એટલે એ એની સામાન્ય બુધ્ધિ પ્રમાણે પ્રશ્ન પુછે કે આ કારણો કેવી રીતે શોધવામાં આવે છે ?

એટલે આપણો સામાન્ય માનવી સમજી શકે તેવી ભાષામાં જ વાત કરીએ તો ઉદાહરણ આપવું પડે :

''છગન ના માથામાં મગન પથરો મારે તો છગનના માથામાં લોહી નીકળે.''

એ વાકયમાં લોહી નીકળવાનું સ્પષ્ટ કારણ પથરો માથામાં વાગવો એ થયું.

''ચોપાટી પર જઈને દબાવીને ભેળપુરી ખાધાં હોયને બીજે દિવસે મણીબ્હેનને ઝાડા થઈ જાય''

તો એમ ચોકકસપણે કહેવાય કે ઝાડા થવાનું કારણ વધુ પડતાં ભેળપુરી ખાવાનું થયું તે

પરંતુ આ કેન્સર કારણ નિષ્ણાતો જે રીતે કારણો બતાવે છે તે તમારી કે મારી સમજમાં સરળતાથી ઉતરી જાય તેવાં હોતાં નથી.

દા.ત. છગન ના માથામાં મગને હમણાં પથરો માર્યો હોય તો ૩૦ વરસ પછી એના માથામાં લોહી ન નીકળે. અને નીકળે તો એનું કારણ પેલો મગને મારેલો પથરો તો ના જ હોય.

કેન્સર નિષ્ણાતોનાં કારણો કંઈક આવા પ્રકારના હોય છે.

તમે ૨૦ વરસથી સીગરેટ પીઓ છો એટલે તમને ફેંફસાનું કેન્સર



થયું એમ કહે છે એ.

તમને લગ્ન કર્યા ને ૪૦ વરસ થઈ ગયાં છે અને ચાર છોકરાંય પરણી ને, એમનાં ઘેર પણ છોકરાં થઈ ગયાં છે, ત્યારે તમારા વીર્યથી તમારી પત્નીને સર્વીક્ષનું કેન્સર થયું છે એમ આ નિષ્ણાતો કારણ આપે છે.

હવે સીગરેટ પીનારા આવા સાતસોને ચાલીસ માણસોનો આ નિષ્ણાતોએ અભ્યાસ કર્યો અને એમાં એક માણસને કેન્સર હોવાનું જણાયું એટલે એમણે નકકી કરી દીધું કે સીગરેટ પીવાથી કેન્સર થાય છે.

આમ જયારે એ કેન્સર થવાનું કારણ ''સીગરેટ'' આપે છે ત્યારે એ ભૂલમાંયે એમ ખૂલાસો નથી કરતા કે બાકીના સાતસોને ઓગણચાલીસ માણસોને કેન્સર કેમ ન થયું ?

પણ આવા નાદાન પ્રશ્નો પુછવાની મનાઈ છે. નિષ્ણાતો જયારે નિદાન કરે ત્યારે શંકા લાવવાવાળા તમે કોણ.... તમારી હેસીયત શું ?

આવી રીતે પેલાં લાંબા લચક કેન્સર ના કારણોમાં નું એક પણ કારણ એવું નથી જેમાં શંકાને સ્થાન ન હોય.

વળી આજ વૈજ્ઞાનિકોએ સમય સમયે કાચીંડો રંગ બદલે તેમ આ કારણોમાં વાર તહેવારે ફેરફારો અને સુધારા વધારા કર્યા જ કર્યા છે.

આ રીતે જેટલાં કારણો શોધાયાં છે તે કારણો કઈ હકીકતથી પુરવાર કરવામાં આવ્યાં છે એ સ્પષ્ટપણે કયાંય પણ જણાવવાની એમાંનાં કોઈએ તસ્દી જ લીધી નથી.

વળી બીજી વિચિત્ર વાત એ છે કે એક વૈજ્ઞાનિકે અમુક કારણ શોધ્યું હોય તો એ જ શોધનું બીજા કોઈ વૈજ્ઞાનિક દ્વારા ખુલ્લં ખુલ્લાં ખંડન કરવામાં આવ્યું છે. અને આમ પાડા-પાડા લડે જાય છે, નિર્દોષ ઝાડોનો ખૂડદો નિકળતો જાય છે.

દા.ત. એક નિષ્ણાતે એમ શોધ્યું કે સ્ત્રીની યોનિમાં આવેલી ક્લીટોરીસની નીચે એક ચિકાશ વાળો પદાર્થ ઝરે છે (SMEEMA) એનાથી Cervix નું ગર્ભદ્વારનું કેન્સર થાય છે.

આ થીયરીને બીજા વૈજ્ઞાનિકે ખોટી પુરવાર કરી છે એના માનવા પ્રમાણે પુરુષના વીર્યને કારણે સ્ત્રીને સર્વીક્ષનું કેન્સર થાય છે.

ગમ્મતની વાત તો એ છે કે આ વીર્યની વાતને પણ અમુક નિષ્ણાતો વાહિયાત ગણાવે છે.

હવે આ બધાજ નિષ્ણાતોને કારણ ભલે જેટલાં શોધવાં હોય તેટલાં શોધે. અને પછી ભલે એ અંદર અંદર બાથં બાથા કરી કોણ ખરોને કોણ ખોટો તે નક્કી કરે - આપણને એમાં જરાય વાંધો નથી.

પણ કમભાગ્યે એવું યે નથી થતું.

જ્યારે જ્યારે આવા એકાદ કારણની "શોધ" થાય છે. ત્યારે ત્યારે દુનિયાભરમાં એ અજનબી શોધની જાહેરાત ઢોલ પીટી પીટીને કરવામાં આવે છે. (આ એકજ કારણની શોધ કરવા પાછળ લાખો રૂપિયા ખર્ચ્યા હોય એટલે એવું તો કરવું જ પડેને ભઈ)

રીતસર જાણે એક જાણીતી કંપની બઝારમાં નવો ન્હાવાનો સૌંદર્ય સાબુ વેચવાની જાહેરાત કરતી હોય તે રીતે. પ્રચારના જેટલાં હોય



તેટલાં સાધનોનો જેટલો વધુમાં વધુ ઉપયોગ કરી શકાય તે રીતે એને દુનિયાભરના ખૂણે ખૂણે પહોંચાડવામાં આવે છે.

આમાંય જાણે પ્રચાર માધ્યમો વચ્ચે એક પ્રકારની રીતસરની હરીફાઈ ચાલે છે. કોણ પહેલું આ વાત કહે છે કેટલા મોટા પ્રમાણમાં કહે છે અને કેટલી અસરકારક રીતે કહે છે એ એક ચર્ચાનો વિષય બની જાય છે.

આટલુંય ઓછું પડતું હોય તેમ, આ શોધનો તબીબી ક્ષેત્રે પ્રચાર કરવા મોટા મોટા સેમીનારો ભરાય છે કોન્ફરન્સો નાં આયોજનો થાય છે. પારિતોષિકો અપાય છે હારતોરાના ઢગલા થાય છે, તાળીઓના ગડગડાટ થાય છે.

ગલીએ ગલીએ અને ચૌરે ને ચૌંટે આમ જનતાના માનવીને આ નવા કારણની "જાણ" થાય છે.

"અરે..આ કારણ વચ્ચે તો એ છેલ્લાં વીસ વરસથી જીવે છે એ એક ભયથી - એને પણ કેન્સર હોવું જ જોઈએ એવી એક ગ્રંથિ બંધાઈ જાય છે.

અને એ ભયનો માર્યો, હાંફળો ફાંફળો થઈ નિદાન કરાવવા દોટ મુકે છે.

--------------X--------------

<u>પહેલો અંક અહિં પુરો થાય છે પણ અહિં ઈન્ટરવલ પડતો નથી.</u>

આ ક્ષણની જ જાણે ટાંપીને રાહ જોઈને ઉદરના દર આગળ

બિલાડી બેઠી હોય તેમ...

દવા બનાવનારી મહાકાય કંપનીઓ મેદાનમાં સ્ટેજ પર આવે છે.

''આ કારણ'' થી થતાં કેન્સરો માટે એમની કંપનીએ ખૂબ ખર્ચાળ રીસર્ચ કરીને એક લૅટેસ્ટ દવા શોધી કાઢી છે જે એકદમ અકસીર છે. આજ હી ખરીદીયે - જલ્દી કીજીએ......

દવાની કંપનીઓ સીધે સીધી દવાઓ દર્દીઓને ખવડાવી શકતા નથી. પેલી ટુથપેસ્ટ કે સાબુની જાહેરખબરોની જેમ દવાઓ Consumer Products નથી.

એટલે આ કંપનીઓ ડોકટરો, હોસ્પીટલો ને દવા વેચનારાઓને પોતાની નવી દવાના ગુણગાન ગાતાં રંગબેરંગી ચોપાનિયાં રવાના કરી દે છે.

મેડીકલ રીપ્રેઝન્ટેટીવ્ઝ ની ફોજોની ફોજો સેમ્પલો લઈને મેદાનમાં ઉતરી પડે છે. ડોકટરોને ફાઈવસ્ટાર હોટલોમાં કોન્ફરન્સોમાં હાજરી આપવાનાં નિમંત્રણો પાઠવાય છે, દસ દસ લીટીઓની ડીગ્રીઓ વાળા નિષ્ણાતો એમના અભિપ્રાયો રજુ કરે છે. આ દવાઓનો આટલા દર્દીઓ પર પ્રયોગ કરી જોયો છે ને અમુક અપવાદો બાદ કરતાં પરીણામો ખુબ જ સંતોષજનક આવ્યાં છે. આ દવાની આડ અસરો જરૂર છે પણ એના ફાયદાની સરખામણીમાં નુકસાની ગણકારવા જેવી નથી. અરે આ દવાએ તો એક Revolution - ક્રાંતિ નિર્માણ કરી છે.

આ ફાયદાને નુકશાનના આંકડાની માયાજાળ એટલી છેતરામણી હોય છે કે



''સારૂં થયું તો મેં કર્યું ને નુકશાન થયું તો અમે તો પહેલેથી જ ચેતવણી આપી હતી'' એમ કહી છૂટી જવાય છે.

પેલો દર્દી હાંફળો ફાંફળો થઈને નિદાનને ઈલાજ કરાવવા જેવો આ કુંડાળામાં પગ મુકે છે કે, તે જ ક્ષણથી એ પેલા Quick Sand સરી જતી રેતીના ઉંડાણમાં કમર સુધી કયારે ખૂંપી જાય છે એની એને ખબરે પડતી નથી.

અને મોટા ભાગે તો આખે આખો ગરકાવ થઈ જાય ત્યાં સુધી એ, જીતવાની આશામાં ને આશામાં પેલા યુધિષ્ઠિરની જેમ પાસા ફેંકતો જાય છે ને બધું તન મન ધન - સર્વસ્વ ગુમાવી દે છે. કદાચ અડધેથી અકકલ આવે છે તો ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

આ નાટકના રંગમંચ પર આ ધરખમ કલાકારોની સાથે સાથે વિદુષકો પણ હોય છે

''તવા ગરમ હૈ યાર, ચલો હમ ભી અપની રોટી પકા લેં'' એ સિધ્ધાંત મુજબ ''આ કારણ'', થી થતાં કેન્સર માટે અમારી પાસે પણ 'ઈલાજ' છે. હિમાલયની જડીબુટી છે કે - સિધ્ધ બાવાનો મંત્ર જપ છે. અમારે શરણે આવો એમ ઢંઢેરો પીટતા અસંખ્ય જીવો બિલાડીના ટોપ ની જેમ કે ચોમાસામાં ફુટી નીકળતાં અળસીયાં જેમ ઠેર ઠેર ઉભરાય છે - એમના એજન્ટો દ્વારા એમની આગવી રીતે જાહેરાતો થાય છે ને એ ફેલાવેલી જાળમાં જનતા સાગરમાંથી માછલીઓ ઉડી ઉડીને પડે છે.

---------------X---------------

કારણોની આ માયાજાળમાંથી બચવું હોય તો એક માર્ગ છે ખરો-

પેલું કારણ ભલે તમને લાગું પડતું હોય. લાગું ન પણ પડતું હોય, તમારે હાંફળાં ફાંફળા થવાની કે આ જાહેરાતોના બલિ બનવાની જરાય જરૂર નથી.

કારણો ની શોધના દાવાઓ પોકળ હોય છે. એમાં ઘણાં છિદ્રો હોય છે. એ બધાં જ કારણોમાં શંકા કરવાને ભરપૂર કારણો હોય છે. અને જયાં સુધી તમને ખાત્રી ન થાય કે છગનના પથરાથીજ મગનના માથામાં લોહી નિકળ્યું છે, ત્યાં સુધી એ કારણ તમને લાગુ પડે છે જ એમ માની લેવાની જરૂર નથી.

અને કારણોના દાવાઓજ પોકળ હોય તો એના વળી ઈલાજ શેના ?

વળી જેટલા ઈલાજો અકસીર છે એમ દાવો કરીને કહેવામાં આવે છે એ બધાજ ઈલાજો કેન્સરનું કારણ પણ બની શકે છે એમ પણ એ જ મહેરબાનો કહે છે -

એટલે સાવ જ સંક્ષિપ્તમાં કારણ પ્રકરણ નું સમાપન કરવું હોય તો એમ વિશ્વાસપૂર્વક કહી શકાય કે

કારણ શોધવાની કડાકૂટમાં જ ના પાડશો ભૂલમાંયે, સ્વપ્નમાં યે કોઈ નિષ્ણાત ને જઈને પુછશોના...

'કેન્સર મને જ શું કામ થયું ડોકટર, ? મને કેન્સર થવાનું કંઈ કારણ ? બીજા કોઈને નહીં ને મને જ શું કામ ?''

આવા પ્રશ્નો ઉપસ્થિત જ થતા નથી કારણ કેન્સર એ કોઈ રોગ નથી જેને થવા માટે કારણોની જરૂર પડે. કેન્સરના કોઈ જંતુ નથી.



કેન્સરના કોષ Cell હોય છે. અને આપણા શરીરમાં અબજોના હિસાબે આવા જુદી જુદી જાતના કોષો વસે જ છે.

એ અબજોમાં નો એક પણ કોષ કેમ થાય છે એવું કારણ પુછવાની આપણે જરૂર જોતા નથી તો કેન્સરના કોષ થવાનું કારણ પુછવાનું કોઈ કારણ ખરું ?

અને જેને કારણ જ ન હોય, એને વળી ઈલાજ તો હોય જ શેનો ?

---------------X---------------

૧૯૨૯માં આપણે ફકત એક જ કેન્સર થવાનું કારણ જાણતા હતા. આજે એ કારણોની સંખ્યા સેંકડોના હિસાબે છે, અને રોજ એમાં નવા કારણો ઉમેરાતાં જ જાય છે.

''સ્મીધર્સ' ની માન્યતા મુજબ ''જે વસ્તુની વ્યાખ્યા સ્પષ્ટપણે આપી શકાતી નથી એ ''કેન્સર છે'' એમ કહી ટૂંકામાં પતાવી દેવામાં આવે છે.

# અધ્યાય ચોથો

**અજોડપિસન્નવ્યયાત્સા ભૂતાનમિશ્વરોડ પિસન્ !**
**પ્રકૃતિ સ્વામિધિષ્ઠાય સંભવાન્યાત્મ માયયા !!**

હે વત્સ ! મારા જન્મો મનુષ્યોની દ્રષ્ટિએ જોવામાં આવતા નથી. હું અવિનાશી, અજન્મ તથા બધા જ પ્રાણીઓમાં પ્રાણરૂપે હોવા છતાં પણ પ્રકૃતિને આધિન રહીને યોગની માયા વડે પ્રકટ થાઉં છું.

## નિદાન યોગ


સામાન્ય માનવી પોતાનાં શરીરમાં કંઈ પણ અજુગતુ Unusal-Abnormal મહેસુસ કરે છે કે તુરત એને સર્વ પ્રથમ પોતાનો ડોકટર યાદ આવે છે.

પોતે પોતાના શરીર વિષે જે નથી જાણતો એ જાણકારી ડોકટર પાસે છે, એટલે એને પોતાના શરીર વિષે જાણકારી રાખવાની ખાસ જરૂર જણાતી નથી "જયારે જરૂર પડશે ત્યારે 'આપણા' ડોકટર તો છે જ ને ?" એવી એક સ્વચ્છ-નિર્મળ ભાવના એના મનને હંમેશાં સધીયારો આપતી હોય છે.

જે ક્ષણે એને પોતાના શરીરમાં કંઈ ગરબડ જણાય છે ત્યારે એ બીજો કશાનો પણ વિચાર કર્યા વિના સીધો ડોકટર પાસે જઈ ચડે છે.

જે ક્ષણે ડૉકટરની સામેની ખુરસી પર પેલો માનવી દર્દી બનીને બેસે છે તે જ ક્ષણે ડૉકટર અને દર્દીના વચ્ચે એક વણલખ્યા વિશ્વાસનો

સંતાકૂકડી ની રમત



નિદાનનાં અત્યંત આધુનિક ઉપકરણો સાથે પણ કેન્સર હજુ સુધી તો સંતાકૂકડીની રમત જ રમી રહ્યું છે.

વેપલો શરુ થઈ જાય છે.

દર્દીની નજર ડૉક્ટરના મૂખ પરના ભાવ, આંખોના અંદાજ અને હાથપગના હલનચલન ને ખૂબજ બારીકાઈથી જુએ છે. એમાંથી ઘણું બધું વાંચવાનું સમજવાનું શરુ કરી દે છે.

શરુઆતમાં જયારે મોઢેથી તકલીફ્ની ફરીયાદ અને વર્ણન કરતો હોય છે ત્યારે પણ મુંગે મોઢે સાંભળતા ડૉક્ટરના શરીરના પ્રત્યેક હલનચલન પર એની બારીક નજર કંઈક વાંચવાનો પ્રયત્ન કરતી હોય છે. ડૉક્ટર કેવા પ્રશ્નો પુછે છે એ પ્રશ્નો પુછવા વખતે એ અવાજ ભારે છે, હલકો છે શંકા ભર્યો છે, ચિંતાગ્રસ્ત છે એ બધી જ વાતની બારીકમાં બારીક નોંધ એના માનસપટ પર થતી જ રહે છે.

બીજા તબકકે જયારે એ તપાસવાના ટેબલ પર ખૂલ્લો થઈને સુઈ જાય છે, તે તબકકા સુધી પહોંચતા પહોંચતાં તો એણે એનું પોતાનું તન મન અને બેંક બેલેન્સ પણ લગભગ એ ડૉક્ટરના નામ પર કરી દીધું હોય છે.

આ એક અતિ પવિત્ર અને સૂક્ષ્મ ક્ષણ છે. આ ક્ષણે ડૉક્ટર દર્દીના સંબંધો એક દિવ્ય કક્ષાએ પહોંચી જાય છે જે દુનિયાભરના બીજા બધાજ અંગતમાં અંગત સબંધોની સરખામણીમાં ઘણું ઉચ્ચ સ્થાન ધરાવે છે.

આ એકજ ક્ષણ છે જયારે ડૉક્ટરે એ સ્પષ્ટ સમજી લેવું જરૂરી બને છે કે એના પર હૃદયપૂર્વક વિશ્વાસ રાખીને આવેલાં દર્દીનું હિત કરવું એ એક માત્રજ એનું ધ્યેય છે. બાકીનું બધું ક્ષુલ્લક છે, ગૌણ છે.

આ ધ્યેયને એ કેટલું સફળતાપૂર્વક અમલમાં મુકે છે એ પર

દર્દીની સમગ્ર જીંદગી અવલંબિત છે.

સ્ટેથોસ્કોપની નળી કાનમાં ભરાવી જયારે ડૉક્ટર દર્દીના હૃદયના ધબકારા સાંભળતો હોય છે. શરીરમાંથી આવતા અન્ય વિવિધ અવાજો એ ફક્ત એકલોજ સાંભળતો હોય છે. એને પોતાની રીતે સમજવા પ્રયત્ન કરતો હોય છે, એ જ ક્ષણે દર્દીએ એ સત્ય માન્ય કરી લીધું છે કે મારા વિષે હું જે નથી જાણતો તે મારો ડૉક્ટર જાણે છે અને એ મારૂં ભલું કરશેજ એટલે એ જે કંઈ સલાહ આપશે એનું હું કોઈપણ જાતની આનાકાની વિના પાલન કરીશ.

પછી જેમ જેમ ડૉક્ટર આંખોનાં પોપચાં, જીભ, ગળું, લીવર, આંતરડાં વારાફરતી નિષ્ણાતની જેમ તપાસતો જાય છે તેમ તેમ દર્દીની ઉત્કંઠા, જીજ્ઞાસા વધતી જાય છે. અને જયારે એ તપાસવાના ટેબલ પરથી ઉઠી, ઉભો થઈ કપડાં પહેરી ડૉક્ટર પાસે બેસે છે ત્યારે તો એ એનું સમગ્ર અસ્તિત્વ ડૉક્ટરને હવાલે કરી ચૂકયો હોય છે.

આ ખૂબજ નાજુક પવિત્ર માનસિક (Psychological) ક્ષણના માન (Respect) અને મર્યાદાનો આજે છડેચોક - ખૂલ્લેઆમ બેશરમ અને બેરહમ રીતે ભંગ થઈ રહયો છે. એ નાજુક ક્ષણનો જેટલો લેવાઈ શકે એટલો ગેરલાભ લેવાઈ રહયો છે. Exploitation થઈ રહયું છે એ વાત પુરવાર કરવાની પણ જરૂર નથી. અને આ સાવ નગ્ન સત્ય કહેવામાં આપણે કંઈ 'પાપ' - 'ગુન્હો' કરી રહયા છીએ એવું માની સંકોચ પામવાની મુદ્દલે જરૂર નથી. (દરેક નિયમોને અપવાદ હોય છે તેમ અપવાદરૂપ, વ્યવસાયને વફાદાર રહેનારા અમુક ડૉક્ટરોને બાદ કરતાં આ નિયમ લગભગ દુનિયાભરના ડૉક્ટરોને લાગુ પડે છે.)



દર્દીને જયારે ડૉક્ટર પોતાના તપાસવાના ટેબલ પર સુવડાવીને તપાસતો હોય છે ત્યારે એની પાસે એના સાધનો ઉપરાંત એના વર્ષોના અભ્યાસનો અને અનુભવનો આધાર હોય છે. આ પ્રાથમિક તપાસમાં જ એ લગભગ તો દર્દીનું નિદાન કરી ચૂકયો હોય છે.

મોટા ભાગના કેસોમાં આ પહેલી તપાસનું નિદાન જ છેવટનું Final હોવું જોઈએ તેમ છતાં અમુક Complicated Cases માં ગુંચવાડાભર્યા કેસોમાં - શંકાસ્પદ કેસોમાંજ - જુદા જુદા તપાસણીના Pathological and other tests નો આશારો લેવો જોઈએ.

આવા વધુ તપાસ માટે Further Check-up કે Investigations માટે મોકલાવેલા કેસોમાં જે રીપોર્ટ આવે તે ૯૯ ટકા તો ડૉક્ટરની પ્રાથમિક તપાસના નિદાનને સમર્થન આપતા Possitive જ આવવા જોઈએ. એથી એ પુરવાર થાય કે ડૉક્ટરે એના અભ્યાસ અને અનુભવ પરથી જે નિદાન કર્યું હતું એ સાચું જ હતું.

ફક્ત એક ટકો - જેને આપણે કહીએ કે માણસ માત્ર ભૂલને પાત્ર એમ ડૉક્ટર પણ આખરે માણસતો છે જ ને, એ પણ નિદાનમાં થાપ ખાઈ શકે છે, એટલી છૂટ આપણે ડૉક્ટરને ઉદાર દિલે આપવી જોઈએ.

અને આમ ડૉક્ટર પોતાના અભ્યાસ, અનુભવ અને આધારભૂત તપાસણી Check-Ups પછી જે નિદાન કરે, એનો ઈલાજ એ ખાત્રીપૂર્વક દર્દીને ઓછામાં ઓછી તકલીફમાં મુકાય એ ગણતરી રાખી, કરી શકે.

જે ક્ષણે ડૉક્ટર દર્દીને જુદા જુદા પ્રકારની તપાસ કરી રીપોર્ટ લાવવાનું કહે છે તે જ ક્ષણેથી બે વાત પાકી થઈ જાય છે.

સર્વપ્રથમ - દર્દીને એમ થાય છે કે ડૉક્ટરે એને તપાસ્યો પણ એ એનું નિદાન ન કરી શક્યો. (એટલે કાં તો ડૉક્ટર એના અભ્યાસમાં કે અનુભવમાં એટલો કાચો છે એમ દર્દીને લાગે અને એનામાં જે પૂર્ણ વિશ્વાસ મુકયો હતો એમાં શંકાના બીજ રોપાઈ જાય. બીજું એને પોતાના જ શરીરમાં કોઈક એવી બિમારી છે જે આવો અનુભવી ને અભ્યાસી ડૉક્ટર પણ પકડી શકતો નથી એટલે તપાસ કરવાનું કહેવામાં આવે છે એવી એક છુપા ભયની ગ્રંથિ બંધાવાની શરુઆત થઈ જાય.

પેલી તપાસણીના રીપોર્ટો આવે ત્યાં સુધીમાં તો પોતે પોતાને શું દર્દ હશે ? એની શંકા, કુશંકાઓના વમળમાં એવો લપટાઈ ગયો હોય કે એના સુષુપ્ત મનમાં Subconcious માં એ "બિમાર છે" એવું એક Auto Suggestion સ્થાપિત થઈ ચુકયું હોય.

આથી સૂક્ષ્મ રીતે જોવા જઈએ તો જે તપાસણીના ઉપકરણો માનવજાતિનું ભલુ કરવાં નિર્માણ થએલાં છે એનો આંધળો અને સારાસાર સમજયા વિનાનો ઉપયોગ માનવજાતનું ભલુ કરવા કરતાં એકંદરે નુકશાન જ વધુ કરે છે એ વાત સિધ્ધ થાય છે.

વધુમાં એમ પણ કહી શકાય કે દર્દીના દર્દનું નિદાન ડૉક્ટર એક માનવતાના દ્રષ્ટિકોણથી ન કરતાં એને મશીનના હવાલે કરી દે છે અને મશીનો ભૂલો કરવા માટે અને ગોટાળા કરવા માટે બદનામ થએલાં છે એ હકીકત સર્વ વિદિત છે.

આવાં મશીનો દ્વારા થએલાં નિદાનોના ઉપચારો પણ પછી યાંત્રિક Mechanical બની જાય છે. જયાં સુધી મશીન, દર્દી સાવ સાજો છે એમ ન કહે ત્યાં સુધી ડૉક્ટર, દર્દી સારો સાજો થયો છે એમ કબુલ



કરતો જ નથી.

અને આ બધા સમયમાં પેલા દર્દી અને ડૉક્ટર વચ્ચેના દિવ્ય સબંધો કયાંય હવામાં ઓગળી જાય છે.

એક જ ફરીયાદ લઈને દવાખાનામાં પગ મુકતા દર્દીને જયારે ડઝનેક જુદી જુદી બિમારીઓનાં રીપોર્ટો કઢાવવાનું કહેવામાં આવે છે ત્યારે તો દર્દીના મનમાં શંકાઓના ગુણાકાર થવા લાગી જાય છે અને પરિણામે આખી દુનિયાભરનાં રોગનાં જંતુઓ પણ માનવીનાં શરીરમાં જે બિમારી પેદા ન કરી શકે તે કરતાં વધુ વિનાશકારી બિમારી દર્દીના મનમાં અને શરીરમાં કાયમને માટે ઘર કરી જાય છે.

આજથી ત્રીસેક વર્ષો પૂર્વે દર્દીના રોગનું નિદાન કરવા ડૉક્ટરનું જ્ઞાન, અનુભવ, એક સ્ટેથોસ્કોપ એક થર્મોમીટર પુરતાં હતાં. આજે અમેરીકાનો સાવ મામુલી ડૉક્ટર ઓછામાં ઓછાં અઢી લાખ ડોલરનાં નિદાન ઉપકરણો રાખતો થઈ ગયો છે. (આપણા ડૉક્ટરો પણ આ રેસમાં પાછળ પડવા માગતા નથી.)

પ્રશ્ન એ થાય છે કે

શું આટલાં બધાં ખર્ચાળ આધુનિક નિદાનનાં ઉપકરણો દર્દીનું નિદાન કરવા, પહેલાં કરતાં વધુ ઉપયોગી પુરવાર થયાં છે ?

જવાબ ફક્ત એક જ અક્ષરમાં આપી શકાય છે

'ના'

પણ આપણી વાત આ એકાક્ષરી જવાબથી પુરી નથી થતી.

દર્દીને આ અટપટાં મશીનોએ બિનજરૂરી સમસ્યાઓનો ભોગ

તો બનાવ્યો છે જ ઉપરાંત એને સતત ભયમાં જીવવા માટે લગભગ મજબૂર કરી દીધો છે.

--------------X--------------

નિદાન વિષે આટલી ચોખવટ કરવી ખૂબ જરૂરી હતી કારણ આપણે જે કેન્સરની વાત કરીએ છીએ એને આ નિદાન શબ્દ સાથે ખૂબ ઊંડો અને ગેહરો સબંધ છે.

કેન્સર ગીતાનું આ પુસ્તક લખવા પાછળ મારો હેતુ ખૂબજ સ્પષ્ટ છે - અને તે એ કે જે હકીકતથી સામાન્ય જનતાને અંધારામાં રાખવામાં આવે છે તે હકીકતો પર શકય તેટલો પ્રકાશ પાડવો. આમ કરવા માટે મારા લખાણના સમર્થનમાં હું શકય તેટલી ચોખવટ કરવા ઈચ્છું છું. જેથી આજ સુધી દ્વિધામાં શંકામાં અને ગુંચવાડામાં રહેલી વ્યકિતઓને કેન્સર વિષે વધુને વધુ સત્ય હકીકતોની જાણકારી પ્રાપ્ત થાય. અને કોઈપણ સંજોગોમાં એમ ન થાય તો એ વાતનું તો હું ખુબ ચોકસાઈપૂર્વક ધ્યાન રાખું છું કે, હાલ જે ગુંચવાડામાં સામાન્ય માનવી જીવી રહયો છે એમાં એકપણ વધુ સમસ્યાનો કે પ્રશ્નનો ઉમેરો તો ન જ થાય.

--------------X--------------

ઉત્પત્તિના પ્રકરણમાં આપણે જોયું કે સામાન્ય કોષમાંથી કેન્સર કોષમાં રૂપાંતર પામેલા કોષનું કદ પણ સામાન્ય કોષ જેવડુંજ હોય છે. અંદાજે એક મીલીમીટરના સોમા ભાગ જેટલું જે (૧/૧૦૦ મીમી. એની વિભાજન ક્રીયા પણ સામાન્ય કોષની ઝડપથી જ થાય છે.)

એટલે આવી રીતે ધીરે ધીરે સામાન્ય કોષની જેમ વૃધ્ધિ પામેલા



કેન્સર કોષને કષ્ટદાયક કે પીડાકારી બનતાં ઘણાં વર્ષોનો સમય વિતી જાય છે.

આ કારણોસર જે કેન્સરના નિષ્ણાતો હતા એમને પોતાને થએલાં કેન્સર પણ શરુઆતના તબકકે નિદાન કરવાનું અશકય બન્યું હતું - અને જયારે બધી જ સગવડો એમને પોતાના હસ્તક હસ્તગત હોવા છતાં તેઓને કેન્સર છે એમ માલુમ પડયું હતું તે ક્ષણે તો કેન્સર ઘણું જુનું બની ગયું હતું.

આવીજ રીતે છેલ્લામાં છેલ્લાં કોષ વિભાજનના અભ્યાસ પરથી એ પુરવાર થાય છે કે મોટાભાગના કેન્સરો નિદાનશાસ્ત્રીઓની નજરમાં પકડાતાં પહેલાં ૨ થી ૨૦ વરસ જુના બની ગયાં હોય છે. એ દર્દીના શરીરમાં એટલાં શાંત અને સુષુપ્તાવસ્થામાં પડી રહયાં હતાં કે દર્દીને એનાથી કોઈ પીડા કે અસુખ નહોતું થતું.

અન્ય દર્દોમાં દર્દીને રોગ નાં કંઈને કંઈ ચિન્હો Symptoms દેખાય છે. ટી.બી માં તાવ આવે છે ખાંસી આવે, કે બ્લડપ્રેશરમાં ચકકર આવે કે પસીનો વળે એવું કંઈજ કેન્સરના કેસમાં બનતું નથી.

ફેફસાંનું કેન્સર જે બીજા અન્ય કેન્સરોની સરખામણીમાં વધુ ઝડપે વિકસતું હોય છે એ પણ બે અઢી વર્ષ જુનું થાય પછી જ નિદાનપાત્ર બને છે. તો સ્તનના કેન્સરમાં તો સત્તર વર્ષો સુધી એ એવું શાંત પડી રહે છે કે જેને થયું હોય છે તે સ્ત્રીને પણ ખ્યાલમાં આવતું નથી.

આ વિચિત્ર લાગે પણ રહસ્યમય છતાં સાવ સત્ય હકીકત છે. શાંત રીતે વ્યવસ્થિતપણે કોઈપણ જાતનો ઉપદ્રવ કર્યા વિના પધ્ધતિસર વૃધ્ધિ પામ્યે જતા કેન્સરને એના શરુઆતના તબકકે પકડી પાડવાનું

કોઈપણ નિદાન ઉપકરણ આજ દિવસ સુધી શોધી શકાયું નથી અને નજીકના ભવિષ્યમાં શોધી શકાય એવાં કોઈ એંધાણ નજરે પડતાં નથી.

Scan સ્કેનીંગ તરીકે જે યંત્રને સામાન્ય માનવી ઓળખે છે, તે મશીન એકીસાથે શરીરના એક જ જગ્યાના એક જ ક્ષણે ઉભા અને આડા એવા (Cross Section) અઢીસો છેદ કરી એને પ્રતિબિંબિત કરે છે. આવા અત્યંતાધુનિક અને ખર્ચાળ ઉપકરણની તપાસમાં પણ કેન્સર એના શરુઆતના તબકકામાં Early Stages માં ઓળખી શકાતું નથી.

એક કયુબીક મીલીમીટરના કદના કેન્સરમાં ઓછામાં ઓછા ૧ મીલીયનં (૧૦ લાખ) કોષોનો સમૂહ જથ્થો હોય છે. અને એ સમૂહ ગુણાકાર પધ્ધતિએ પ્રત્યેક ક્ષણે વૃધ્ધિ પામતો જતો હોય છે. અને છતાં એને શરુઆતના તબકકે, એટલે કે ૧ એક કયુબીક મી.મી. હોય છે તે વેળાની સાઈઝમાં પકડવો પણ અશકય બને છે.

જયારે એવું નિદાન થયું હોય છે ત્યારે તો એ એના અસલ કદ કરતાં ઘણું મોટુંજ નહી, ઘણીવાર તો એ એની અસલ જગ્યા બદલીને અન્ય કોઈ જગ્યાએ જઈને બેઠું હોય છે.

'વેળાસર નિદાન' Early Detection આમ સાવ અશકય છે એ વાત સ્પષ્ટ અને સત્ય હોવા છતાં કેન્સર નિષ્ણતો કાયમ બુમો પાડી પાડીને એક જ વાત કરે છે. કેન્સરને શરૂઆતમાં નિદાન કરાવો - તો અમે એને જલ્દી સારૂં કરી દઈશું - અને આ વાત સાવ બકવાસ છે એમ ન જાણનારો સામાન્ય માણસ જ્યારે જ્યારે એના મનમાં શંકા ઉપજાવવામાં આવે છે ત્યારે ત્યારે 'વેળાસર નિદાન' કરાવવા આંધળી દોટ મુકે છે.



FREE EARLY DETECTION CENTRE 'મફતમાં વેળાસર નિદાન' જેવા ભ્રામક પ્રચારોમાં જેને નખમાંય રોગ નથી તેવા માણસો ફક્ત ભયના માર્યા આવાં મફતીયા ચેક અપ કરાવવા લાઈનોમાં ઉભા રહી જાય છે. આ એક રીતસરનું પધ્ધતિસરનું પ્રજાને ખોટી રીતે ગભરાવી મારવાનું અમાનુષિ કાર્ય છે.

તમે માનો છો એવા આ મફતમાં થતા ચેકઅપ નિર્દોષ કે નુકસાન ન કરે તેવા હોતા નથી.

સાવ તંદુરસ્ત માનવીઓ પર કરવામાં આવતાં આવા નિદાનના પ્રયોગો ખતરનાક પુરવાર થયા છે.

કેવી રીતે તે પણ જોઈ લઈએ.

સર્વપ્રથમ તો કેન્સરનું ચેકઅપ કરાવવા જનાર માનવી પોતાને કેન્સર છે કે નહી તે જાણવા ત્યાં જતો હોય છે એટલે પોતાને કેન્સર હોઈ પણ શકે છે તેવી પચાસ ટકા શકયતા છે એ વાત મનોમન સ્વીકારી લે છે. જે એના સુષુપ્તમનમાં બીજની માફક રોપાઈ ફુરસદમાં વૃધ્ધિ પામ્યા કરે છે. (Auto Suggestions વિષે આપણે એન્ટી ટેન્શનના પુસ્તકમાં વિગતવાર ચર્ચા કરી હતી) એના મનમાં એક દ્વિધા નિર્માણ થવાની અજાણે શરુઆત થઈ જાય છે.

આવાં નિદાનોમાં X-Ray પણ હોય છે એટલે તંદુરસ્ત માનવીના શરીરમાં રેડીએશન કોઈપણ જાતના પ્રયોજન વગર દાખલ કરવામાં આવે છે. ક્ષ કિરણો ગમે તેટલાં હલકા પ્રમાણમાં શરીરમાં દાખલ થાય તો પણ એક યા બીજી રીતે એ શરીરના સાજા-સારા કોષોનો અમુક પ્રમાણમાં નાશ કરે છે જ.

કોમ્પ્યુટર દ્વારા કરાએલા લોહીના અને અન્ય ટેસ્ટોનું અન્ય કોઈ પ્રકારે ક્રોસ ચેકીંગ કરાવી શકાતું નથી. એટલે બીજી ભાષામાં કહીએ તો તમારૂં લોહી કે અન્ય વસ્તુ તપાસનાર પેથોલોજીસ્ટ તમારા રીપોર્ટમાં જે લખે તે તમારે બ્રહ્મવાકય સમજીને માન્ય કરી લેવું પડે છે.

આમ લખવાનો અર્થ એ નથી કે પેથોલોજીસ્ટ ખોટા રીપોર્ટો આપી તમને છેતરે છે - પણ સાથે સાથે એ પણ એટલું જ શકય છે કે તે ભૂલ પણ કરી શકે છે - કોમ્પ્યુટરો પણ ભૂલો કરે છે જ.

વળી આવા Mass Checkings માં જયાં એકસાથે સો-બસો માણસોનાં રેશનીંગની લાઈનની માફક ચેકીંગ થતાં હોય ત્યાં ચોકસાઈનું પ્રમાણ ખૂબજ Perfect હોય એવું માનવાને કોઈ કારણો નથી. ઉતાવળ, ધાંધલ અને સ્લાઈડોની હેરાફેરી, એકનું બ્લડ સેમ્પલ પર બીજાના નામનું લેબલ લાગી જવું આવી સાવ માનવ-સહજ ભૂલો થવાની શકયતાઓ અવગણી શકાય નહી.

આવી રીતે થતાં નિદાનો પછી સારવારના જે નિર્ણયો લેવામાં આવે છે તે વિષે આપણે થોડું જાણી લઈએ. જો કે સારવારના પ્રકરણમાં વિગતવાર એની ચર્ચા તો કરીશું જ.

એકવાર કેન્સર છે એવું નિદાન થયું એટલે આ કેસ પછી કેન્સરના નિષ્ણાત સિવાય બીજા કોઈના હાથમાં જતો નથી. ફેમીલી ડૉકટર પણ એ વખતે વચમાં પડવા માગતો નથી.

જે ઠેકાણેથી તમને રીપોર્ટ મળે છે તે જ ઠેકાણેથી તમને એની સારવાર લેવાની સલાહ અપાય છે, અને આ સલાહ આપનારા હંમેશા આ વિષયનાં Experts જ હોય છે એવું હોતું નથી.



આ જાતની સારવારોમાં Rationality તો જળવાતી નથી જ. પ્રમાણનું કોઈ ધોરણ રહેતું નથી અને દર્દી અને ડૉકટર વચ્ચેનો જે Close Contact રહેવો જોઈએ તે જળવાતો નથી.

અઠવાડીયાની દવા આપી હોય તો એ આખું અઠવાડીયું દવા ખાઈને એની શી હાલત થઈ તે બીજા અઠવાડીએ ડૉકટરને મળે ત્યારે જ એને જણાવવામાં આવે.

આ દરમિયાનમાં કંઈ રીએકશન આવ્યાં હોય તો દવા તુરત બંધ કરવી. ઓછી કરવી કે બદલી નાખવી એ નકકી કરવાનું લગભગ અશકય જ બની જાય છે. અને જયારે અઠવાડીયા પછી એ દવા લખી આપનાર ડૉકટરને જણાવાય છે ત્યારે ઘણીવાર મોડું થઈ ગયું હોય છે અને નુકશાન ધાર્યા કરતાં વધુ થઈ ગયું હોય છે .

એટલું જ નહી આ એક જ ડૉકટર પાસે સલાહ લેવા આવનારા દર્દીઓની સંખ્યા એટલી મોટી હોય છે કે એને દર્દી સાથે એની પરિસ્થિતિની વિગતવાર ચર્ચા કરવાનો ભાગ્યેજ સમય મળતો હોય છે.

ધારી લઈએ કે આવા એકાદ મફત વેળાસર નિદાનના કેમ્પમાં એક દરદીના એક્ષ-રે માં ફેફસામાં કેન્સરની એકાદી નાની ગાંઠ દેખાઈ.

એક્ષ-રે જોઈને ડૉકટર તુરત જ સલાહ આપે - "ઓપરેશન કરાવી લો" - ભાતમાંથી કાંકરો કાઢી નાખવાની વાત કરતો હોય તેમ સલાહ મળે.

કેન્સર છે અને તેય વળી ફેફસાનું એવાં બે નામ પડતાંની સાથે દર્દી એટલો બધો ગભરાઈ ગયો હોય કે તુરત ઓપરેશન કરાવવા તૈયાર થઈ જાય. એને તો એવો જ અંદાજ હોય કે ભાતમાંથી કાંકરો કાઢી

નાંખ્યો એટલે ભાત ખાવા લાયક થઈ જશે. અને નાનુ શું ઓપરેશન કરાવી નાનીશી ગાંઠ કાઢી નાંખીશું એટલે બાકીની જીંદગી લીલાલ્હેર થઈ જશે.

હકીકતમાં એવું કશું જ થતું નથી.

કારણ જે વેળાએ એ ફેફસાની ગાંઠ બંધાવાની શરુઆત થઈ ગઈ હતી તે વેળાએ જ એ માનવીના શરીરમાં સામાન્ય કોષો એ કેન્સરમાં રૂપાંતર કરવાની શરુઆત કરી દીધી હતી અને ફેફસાં સિવાયની અન્ય કોઈ સુષુપ્ત જગ્યાએ એમનું વૃધ્ધિ પામવાનું કામ ચાલુ જ હતું.

અન્ય જગ્યાએ રહેલું આ કેન્સર તો પેલા એક્ષ-રે માં દેખાયું ન હતું એટલે ઓપરેશન કરીને પેલી નાનકડી ગાંઠ કાઢયા પછી પેલા સુષુપ્ત કેન્સરનો ઈલાજ કરવાનો સવાલ જ ઊભો થતો ન હતો.

એટલે જયાં સુધી નિદાનના નિયમોને લાગેવળગે છે ત્યાં સુધી તો આખી પ્રક્રીયાનો અર્થ એવો થયો કે "ગાંઠ દેખાય છે - કાઢી નાખો"

પેલો દર્દી તો બિચારો એમજ ભ્રમણામાં રહયો કે ગાંઠ કાઢી એટલે હવે મને કેન્સર છે જ નહી - અને હજુ તો એ કંઈ સમજે એ પહેલાંજ એને પાછું નિદાન કરી કહેવામાં આવે છે કે હવે એના આંતરડામાં કેન્સર થયું છે.

પછી આ ગાંઠ પણ કઢાવી નખાવો એવી સલાહ અપાય છે - એ પેલો અભાગિયો કઢાવી નાંખે છે ત્યાં વળી એ ત્રીજે ઠેકાણે દેખાવા લાગે છે ને પછી પેલા હુલ્લડમાં જેમ Shoot at Sight 'દેખો ત્યાં ઠાર કરો" ના જેમ ઓર્ડરો અપાય છે તેમ ગાંઠ જુઓ ત્યાંથી કાપી ને કાઢી નાખો એવા સલાહોના સીલસીલા ચાલુ થઈ જાય છે.



માનવી જયારે પોતે એક ભ્રમણામાં પડી-કે ભૂલ કરી છેતરાઈ જાય છે, ત્યારે કોણ જાણે કેમ આજ ભૂલ બીજા કરી એની જેમ જ છેતરાય એવી એક છુપી છુપી ભાવના એના મનમાં ઘર કરી જાય છે.

તમે એને Human Psychology કહેવી હોય તો કહી શકો છો. જો કે માનસશાસ્ત્રના નિષ્ણાતો કદાચ આનાકાની કરશે. આખરે તો એ પણ માનવી તો ખરા જ ને ? એટલે માનવી તરીકેનો સર્વસામાન્ય નિયમ એમને પણ લાગુ તો પડવો જ જોઈએ.

પેલુ નોબેલ પ્રાઈઝ જીતી ને ખીસામાં મુકી દીધેલું. CAT SCAN સી. ટી. સ્કેન - એનું નામ તો બધાની જીભે ચડી ગયું છે અને વાતવાતમાં અમે ફલાણાનું સ્કેનીંગ કરાવ્યું એમ કહેવામાં એક સ્ટેટસ સીમ્બોલ જળવાય છે. (Status Symbol)

આ સી.ટી સ્કેનની શોધ થવાના શરુઆતના વર્ષોમાં એકાદા મગજના કેન્સરની ગાંઠનું નિદાન ત્રણેક વર્ષો વહેલું કરી શકાયું એમ દાવો કરવામાં આવ્યો.

ઠીક છે, લાખો કરોડો રૂપિયાના ખર્ચે એક એવી શોધ તો થઈ ખરી જે માનવ જાતના ઉપયોગમાં આવી શકી. જો મગજમાં વધતી કેન્સરની ગાંઠ એક્ષ-રે કરતાં સી.ટી સ્કેનમાં ત્રણ વરસ પહેલાં પકડી શકાતી હોય તો એક મહાન સિધ્ધિ કહેવડાવી જ જોઈએ ને ?

ફરી જોર શોરથી ઢોલ વાંગ્યાં, નગારાં પીટાયાં ને "સફેદીની ચમકાર, બાર બાર લગાતાર - સુપર પાવર - સી.ટી સ્કેનની દુનિયાભરમાં બોલબાલા થઈ ગઈ."

ડૉકટરો, હોસ્પીટલોને મોટી મોટી સંસ્થાઓએ સી.ટી સ્કેનના

મોંઘાદાટ મશીનો બેસાડવા અંદરોઅંદર હરીફાઈ ચાલુ કરી દીધી. જેની પાસે પૈસા ઓછા પડતા હતા એમને બેંકોએ લોનો આપી, તોય પુરા ન પડયાં એટલે કથા ભાગવતો યોજાઈ નાણા એકઠાં કરાયાં - ફંડ રેઈઝીંગ ડ્રાઈવ નામનું જેને રૂપાળું નામ આપવામાં આવે છે તે છાલીયું લઈને ભીખ માંગવાના ધંધા ગામડે ગામડે ને શહેરે શહેરે શરુ થઈ ગયા...આખી દુનિયામાં સી.ટી.સ્કેન છવાઈ ગયું.

પહેલાં તો ફકત એક્ષ-રે માં ન પકડાતી હોય તેવી બિમારીઓ માટે જ સી.ટી. સ્કેનનો વપરાશ થયો, પણ આ સફેદ હાથીને ખવડાવવું તો પડે જ ને ? એટલે એનું પેટ ભરવા જોઈતું ઘાસ યેન કેન પ્રકારેણ એકઠું કરવાના અલગ અલગ ઉપાયો અજમાવવામાં આવ્યા.

પેટમાં દુખે છે ? લીવર સ્કેન કરાવો. માસિક બરાબર નથી આવતું ? ઓવરી ફેલોપીન ટ્યુબ-સ્કેનીંગ કરાવી લ્યો, હાર્ટ, ફેફ્સાં, જઠર, મૂત્રાશય, અરે શરીરનો કોઈપણ અવયવ એવો નથી જેમાં શું થઈ રહ્યું છે તે સ્કેનીંગના પડદા પર ન જોઈ શકાય. થોડો ખરચો આવે એમ જ ને ? આ તો ભાઈ આપણા શરીર માટે છે, થોડો ખર્ચો કરીયે નાખવો પડે ભલે છોકરાં ને દુધના મળે કે બે દા'ડા અડધા ભૂખ્યા સુવું પડે હજાર બે હજાર ખર્ચી નાખવાના, શું સમજયા ?

ધૂનમાં ને ધૂનમાં આપણે થોડા વધુ આગળ નીકળી ગયા. આપણે વાત તો પેલા ત્રણ વરસ વહેલી જે મગજની ગાંઠનું નિદાન સી.ટી. સ્કેનમાં થયું હતું એની કરતા હતા ખરું ?

આવી રીતે જેના મગજની ગાંઠોનું ત્રણ વરસ પહેલાં નિદાન કરવામાં આવ્યું હતું એ કેન્સરની ગાંઠો ના વધી જાય એ પહેલાં કરવામાં



આવેલા ઓપરેશનોથી પણ દર્દીની પરિસ્થિતિમાં કંઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયા નથી. એમ વહેલું નિદાન થએલી અન્ય કેન્સરની કોઈ ગાંઠોમાં કરેલી વહેલી સારવારથી પણ કશાજ દાળીયા પાકયા નથી.

અને હા...

આવી સારવાર કે ઓપરેશનો કરાવેલા દર્દીઓમાં પહેલાં નોંધાએલા મરણ-પ્રમાણો (Death Rate -Mortality Rate) માં પણ કંઈ કહેતાં કંઈજ ફેરફાર નોંધાયો નથી.

પણ શરમ અને દુ:ખની વાત તો એ છે કે પેલી 'સફેદી કી ચમકાર' વાળી જાહેરખબરો આ બાબતની કોઈ કરતું નથી. એટલે જેને આ વિષય સાથે સીધે સીધો સબંધ છે તે દર્દીને - આમ જનતાને આ વિષયમાં એક બાજુનું - ઉજળી બાજુનું જ જ્ઞાન આપવામાં આવે છે. ભલા નિષ્ફળતાનાં તે વળી નોબેલ પારિતોષીકો કાંઈ અપાતાં હશે ?

---

હવે વહેલું નિદાન અને મોડું નિદાન આ બે ભ્રામક શબ્દોને જરા વધુ સરળતાથી અને સામાન્ય બુધ્ધિથી સમજીએ તો આપણે મકકમપણે એમ કહી શકીએ કે

વહેલુ નિદાન કરી, વહેલી સારવાર કરી દર્દીને વહેલો મારવા કરતાં થોડું મોડું નિદાન થાય તો દર્દી બિચારો એ મોડા થએલાં નિદાન જેટલાં વર્ષો તો વધુ શાંતિથી અને સારવારની આડઅસરો વગર જીવી શકશે. અને એટલાં વધુ વર્ષો માનસિક ત્રાસમાંથી ઉગરી જશે.

આવી વાતો જો કે 'સફેદી કી ચમકાર' ની માફક આમ જનતાને કહેવામાં આવતી નથી. પણ ખૂણે ખાંચરે એની વાતો ગુસપુસ ગુસપુસ થાય છે ને આ કાનેથી અંદર પેસી બીજા કાનેથી બહાર નીકળી પડે છે.

અમેરીકાનું એક આગેવાન મેડીકલ અઠવાડીક એના ૩-૧-૮૦ ના અંકમાં આ હકીકતને એકજ વાકયમાં કહીને છુટું થઈ જાય છે.

"સ્તનના કેન્સરના વ્હેલા નિદાનથી વ્હેલુ મૃત્યુ અને જેટલું મોડું થયું હોય તે સ્ત્રી લાંબુ સુખી જીવન જીવી હોય છે એ સર્વસામાન્ય (Accepted Fact) સત્ય છે.

"વહેલું નિદાન કોને કહેવું ?"

આ પ્રશ્નનો સ્પષ્ટ કોઈ ઉત્તર નથી - કે નથી એની કોઈ નકકી કરેલી વ્યાખ્યા. પરીણામે આ "વહેલું નિદાન" વિષે દરેક જણ પોતપોતાની રીતે લોભામણા અને પોકળ દાવાઓ કરવાના મોહમાં પડી જાય છે.

દર્દીને સબંધ છે ત્યાં સુધી - એની પોતાની માન્યતા એવી છે કે જયારે "એને એમ કહેવામાં આવે કે

"સારૂં થયું તમે જલ્દી આવ્યા અને નિદાન વહેલું થયું"

ત્યારે એની સમજ એવી હોય છે કે એના પકડાયેલા નિદાન થએલા કેન્સરની ગાંઠ સાવ નાની હશે. એ વધુ જગ્યામાં ફેલાયેલી નહી હોય અને થોડી સાધારણ સારવાર કે નાની કાપકૂપ કરાવી એ કેન્સરમાંથી હંમેશ માટે મુકિત મેળવી શકશે."

દર્દીની આ માન્યતા કેટલી ભૂલભરેલી છે તે આગળ આપણે જોઈ ગયા. કારણ - જેને વહેલું નિદાન તરીકે ઓળખાવવામાં આવે છે તે ઓળખાય એ દરમિયાન વર્ષો જુનું બની ગયુ હોય છે.

--------------X--------------

ઉદાર બનવું તો છે....પણ.....



મહાપુરુષો સમજાવી સમજાવીને કહે છે. કોઈ આપણું બુરું કરે તો પણ આપણે એનું ભલું કરવું એમાં સજ્જનતા છે.

મોહનદાસ કરમચંદ તો કહે આ ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરો યાર. મારી મારીને થાકી જશે એટલે આફેડયો મારવાનું બંધ કરશે.

આપણે પણ સજ્જન છીએ એટલે ઉપર જણાવેલી બધીજ ગેરરીતીઓ જાણે માફ કરી દઈએ. ઉદાર દીલે...પણ ?

--------------X--------------

નિદાન શાસ્ત્રનું જો વધુમાં વધુ વિકૃત - બેડોળ પાસુ હોય તો એ એ છે કે,

"જયાં ખરેખર કેન્સર હોતું જ નથી એવા કેસોમાં પણ સગવડતા ખાતર (To be on the safer side) કેન્સર છે એમ નિદાન કરવામાં આવે છે."

અને આવાં નિદાનો રડયાં ખડયાં Exceptional નથી હોતાં. લગભગ મોટા ભાગનાં કેન્સર છે એમ નિદાન થએલાં કેન્સર, કેન્સર હોતાં જ નથી.

હવે તમે મારા કથનમાં તુરત શંકા કરશો.

હું અતિશયોકિત કરી રહયો છું એવું અનુમાન પણ કરશો.

ખૂબજ જવાબદારી અને ઈમાનદારી પૂર્વક હું આપને કહેવા માંગું છું મારા વિધાનમાં જરા પણ અતિશયોકિત નથી અને શંકા કરવાને કોઈ કારણ પણ નથી.

કેન્સર ગીતાની શરુઆતમાંજ મેં આપને જણાવ્યું છે કે કુરુક્ષેત્રમાં શું ચાલી રહયું છે એનું સંજય ફકત બયાન જ કરે છે. એમાં કોઈ મીરચી મસાલા ભભરાવતો નથી. એ જે કંઈ કહે છે તે અક્ષરે અક્ષર જે બની રહયું છે તે જ હોય છે. એમાં અતિશયોકિત કે ખોટાપણાનો અણસાર પણ નથી. અને મહાભારતના કુરુક્ષેત્રે લડી રહેલાં એક પણ પાત્ર સાથે સંજયને કોઈ દુશ્મની તો નહોતી ને નહોતી જ. એટલે મૂળવાત પર આવીએ એ પહેલાં આટલું વાચક (ધૃતરાષ્ટ્ર) સમજી લે તે અત્યંત જરૂરી છે.

પ્રશ્નએ થાય છે કે આવી રીતે જે કેન્સર, કેન્સર જ ના હોય એને કેન્સર છે એમ કહેવામાં કહેનારને શો લાભ ?

જવાબ પણ એટલોજ સરળ અને સત્ય છે (જો તમારી સમજવાની તૈયારી હોય તો) કે આવી રીતે પોઝીટીવ નિદાન કરવાથી એના બે ફાયદા થાય છે.

૧) સારવાર કરવાથી જો સારૂં થઈ જાય તો સારવારથી કેન્સર મટી ગયું એમ દાવો કરી શકાય છે.

૨) દર્દી-રીબાય, મરી જાય, તો એમ કહીને છુટી જવાય છે કે ''ભઈ'' આ તો કેન્સર કહેવાય, આપણે બધા જ પ્રયત્નો કરી જોયા. પણ પરીણામ તો ઉપરવાળાના હાથમાંજ હોય ને ? નસીબ એનાં - આપણે શું કરીએ.....?

આવો જરા ધીરજથી, મનને શાંત રાખી આ કડવી હકીકતના ઘૂંટડા પણ આંખ બંધ કરી પી જ લઈએ.



કેન્સરનો કોષ એ નિર્દોષ છે કે દોષિત છે Benign છે કે Malignant છે, એનું નિદાન સૂક્ષ્મદર્શક કાચ (Microscope) નીચે મુકી કરવામાં આવે છે. અને આ રીતે નકકી કરવામાં આવેલા નિદાનો હંમેશાં ભરોસાપાત્ર (Reliable) હોવાંજ જોઈએ, ખાત્રીપૂર્વક ખરાંજ હોવાં જોઈએ એવા કોઈ પુરાવા હજુ સુધી ઉપલબ્ધ નથી.

<u>ઉદાહરણ :</u>

૫૦ થી વધુ ઉમર હોય તેવા પુરુષોના પ્રોસ્ટેટનું કેન્સર સૂક્ષ્મદર્શક કાચ નીચે મુકીને કરવામાં આવે છે આવી રીતે જેટલા નિદાનો કરવામાં આવ્યાં હોય તેમાંના ૩૦ ટકા પુરુષોને ''કેન્સર દોષિત છે'' એમ નિદાન કરી રબર સ્ટેમ્પ મારી શકાય.

<u>પરંતુ આ દોષિત નિદાન કરેલા ૩૦ ટકા કેન્સરમાંના ૮૫ ટકા કેન્સર દોષિત હતાંજ નહી એમ શોધખોળને અંતે પુરવાર થએલ છે.</u>

એટલે ધારોકે ૧૦૦ માણસોને તપાસી એમાંના ૩૦ માણસોને પ્રોસ્ટેટનું કેન્સર છે એમ કહેવામાં આવ્યું હોય અને એમાંના એક પણ માણસને કશીજ સારવાર આપવામાં ન આવી હોય તો પણ એ ત્રીસમાંના ૮૫ ટકા એટલે ૨૫ જેટલાં માણસો પેલા કેન્સર સાથે કોઈપણ જાતની તકલીફ વગર જીવ્યા હોય છે અને એમનાં પ્રોસ્ટેટ દોષિત છે એ નિદાન ગલત પુરવાર થયાં છે હકીકતમાં એમને કેન્સર જોવામાં આવ્યાં ખરાં પણ એ નિર્દોષ હતાં ૧૧૧ હતાં.

સૂક્ષ્મદર્શક Microscope ની વાત નિકળી છે તો એને વિષે થોડું વધુ જાણી લઈએ.

<u>માઈક્રોસ્કોપની મદદ વડે કેન્સર દોષિત હોય તો કેવુ હોવું</u>

**જોઈએ અને નિર્દોષ હોય તો કેવું હોવું જોઈએ એની કોઈ નિશ્ચિત આધારભૂત વ્યાખ્યા બાંધી શકાઈ નથી.**

હજુ કેન્સરનાં રૂપ-રંગ, ઢંગ, ચાલ ચલગત અને એને સંપૂર્ણ રીતે ઓળખવાનું તો બાકીજ છે, એટલામાં તો કેન્સરની પાછળ આદુ ખાઈને પડેલા અને વહેલાં નિદાનની થીઅરીનું પુછડું પકડી બેઠેલા નિષ્ણાતોએ એક નવુ પુછડું પકડી લીધું - નિદાનશાસ્ત્રના અટપટા ગુંચવાડામાં એક વધુ ગાંઠનો ઉમેરો થયો.

એ નવી ગાંઠનું રૂપાળું નામ PRE CANCER CHECK UP - કેન્સરપૂર્વેનું નિદાન.

હજુ ના સમજમાં આવ્યું ? (હું યે કોઈ કોઈવાર આ બધું વાંચીને મૂર્છિત થઈ જાઉં છું એટલે તમારો વાંક નથી કાઢતો)

એક ઉદાહરણ આપું એટલે સમજવું સરળ થઈ પડશે.

પ્રી. કેન્સર નિષ્ણાતોએ સ્ત્રીનાં સ્તન અને ગર્ભદ્વાર-સર્વીક્ષનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. હવે ધારો કે સ્તનના ગોળાકારની નજીક એકાદ ગાંઠ નજરે પડે, કે યોનિમાં ગર્ભદ્વાર નજીક એક ગાંઠ દેખાય, તો આ ગાંઠ બન્ને અવયવોથી કેટલી નજીક છે, કેટલા પ્રમાણમાં મોટી-નાની છે, એનાં મૂળ કેટલાં ઉંડાં છે એના તોલ-માપ કાઢવા માંડયા, નકશા બનાવવા માંડયા ને ઉપરાઉપરી તારણો કાઢવા માંડયાં - અનુમાનોની હારમાળાઓ બાંધવામાં આવી.

અને આ રીતે કરેલા અભ્યાસને અંતે નિર્ણયો લેવાયા. દા.ત.સ્તનની ગાંઠ હવે વધશે તો સીધી ફેફસાને પકડી લેશે એટલે એ પહેલાં આખું સ્તન કાઢી નાખો. ગર્ભદ્વારના ઉપર ઉપર જ હજુ તો ગાંઠ



દેખાય છે એ આખું ગર્ભાશય પકડી લે તે પહેલાં આખું ગર્ભાશય કાઢી નાખો.

આટલું કાઢયા પછી પણ એમને સંતોષ ના થતો હોય તેમ - કાઢી નાખેલી ગાંઠ અને એ આખા અવયવમાં ફરી પાછી ગાંઠ દેખા ન દે એટલા માટે લાઈટોના મારા ચલાવો, દવાઓ ખવડાવો - કોઈપણ સંજોગોમાં દર્દી જીવે ત્યાં સુધી આવી ગાંઠ એના શરીરમાં બીજે કયાંય પણ દેખાવી જ ન જોઈએ.

પછી એમ કરવા માટે દર્દીને ભલે જીવનભર લાઈટ લેવી પડે, ગોળીઓ ખાવી પડે. આ બધાની આડ અસરોની યાતનાઓ ભોગવવી પડે, માનસિક-શારીરિક અને આર્થિક-કૌંટુમ્બિક રીતે પાયમાલ થઈ જવું પડે...... કુદરતી રીતે આવતા મોતને વ્હેલું નિમંત્રણ આપવું પડે....

પ્રી કેન્સર નિષ્ણાતોની આ અતિ ઉત્સાહી (over enthusiam) પ્રવૃત્તિનાં પરિણામો તો જેણે ભોગવ્યાં હોય તેજ વર્ણવી શકે - મારૂં એ ગજું નથી.

--------------X--------------

ફીસર જેવા નિષ્ણાત, સમજદાર શાણા માણસોએ તો આવા અતિ ઉત્સાહી નિદાન નિષ્ણાતોને સ્પષ્ટ શબ્દોમાં પુછ્યું છે :

''તમારી પાસે કેન્સરનું નિદાન કરાવવા આવનાર દર્દીના ભલાનો તમે કદી વિચાર કર્યો છે ? જો ખરેખર એનું ભલું ઈચ્છતા હો તો એને એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દો

''ભલા માણસ - કે ભલી બાઈ - તારે કેન્સરનું નિદાન કરાવવાની બિલકુલ આવશ્યકતા જ નથી.''

અગર હિંમતપૂર્વક આટલું તમે દર્દીને કહી શકશો તો તમે ખરેખર એક સાચામાં સાચી સલાહ તો આપી જ હશે પણ એક મહાન પુણ્યનું કાર્ય પણ કર્યું હશે.

નિદાન અધ્યાયનું સમાપન કરતાં કરતાં ફીસરનાં આ કથન પર મનન કરીશું તો નિદાનની નિષ્ફળતાઓનો અંદાજ આપમેળે આવી જશે.

---------------X---------------

*કેન્સર નિષ્ણાતો ભેગા થયા ને એમણે શરુ કર્યું*
*ભેગું કરવા - મંડી પડયા*
*જખમ હોય કે ઢીમડું,*
*ધૂળ હોય કે ધૂમાડો,*
*તેલ, ડામર કે ક્ષાર,*
*ભેંસ હોં કે પાડો,*
*ચૂહા કે બિલ્લી - કુત્તા કે કુકકર,*
*મરઘી કે કુકડો, અળસીયું કે વાંદો*
*આનું મિશ્રણ - ને તેનું મસળણ*
*આપો ભાઈ આપો -*
*જે ફાવે તે નામ આપો*
*બધું જ સાલું આ દુનિયામાં*
*પેદા કરે છે કેન્સર*
*સાંભળી, પેલો ગરીબડો - બિચારો*
*ટૂંટીયું વાળીને ખૂણામાં બ્હીકથી ભરાઈ બેઠેલો*
*બોલી ઉઠયો માનવી...*
*''બચાવો - બચાવો - હે ખુદા*
*મને 'મારાઓથી' બચાવો''*



# ભણતર V/S ગણતર

મારા બાપા વારે વારે એક વાકય વાપરતા. ''ભણ્યો પણ ગણ્યો નહીં'' આજે આ વાકયની યથાર્થતા અને એની કિંમત સમજાય છે.

આપણે એક સિધ્ધાંત તરીકે - નિયમ તરીકે સ્વીકારી લીધું છે કે જે વધુ ભણ્યો હોય તે વધુ હોંશિયાર. જેની જેટલી ડીગ્રી મોટી એટલી એની અકકલ લાંબી. એમાંય ડૉકટર એટલે તો શ્રીમાન સર્વજ્ઞ - MR. KNOW ALL.

દર્દી એની પાસે જાય અને એ એમ કહે કે ''તને કેન્સર છે - એટલે આમ કર ને તેમ કર, નહીંતો મરી જશે''

એટલે જાણે 'આકાશવાણી' થઈ હોય તેમ દર્દી આંખ બંધ કરીને એ વાત માની લે. પછી પેલી કઠપુતલી જેમ ઉપર આંગળીએ બાંધેલી દોરીના ઈશારે નાચે તેમ નાચ્યા કરવાનું - રીબાવાય એટલું રીબાવાનું, ચૂંથાય એટલું ચૂંથાવા દેવાનું, ધારદાર છરી શરીરના જેટલાં અંગો કાપે એટલાં કાપવા દેવાનું બાળવા માંડે એટલાં બાળવા દેવાનું.

''આપ આપ હું માંગુ તે આપ'' એ આપ્યા કરવાનું. (ગજુ હોય કે ન હોય તો પણ)

અને છેલ્લે

''અહોહો, એણે તો બિચારાએ થાય એટલી મહેનત કરી. એને આવડતું હતું એટલું બધું ભણતર આપણા પર અજમાવી જોયું - આપણા નસીબમાં જીવવાનું જ નહીં એટલે શું કરીએ ?''

"ચાલો ત્યારે મરી જઈએ"

એમ મન મનાવી મરી જવાનું

આ આખી રામાયણ દરમયાન દરદી કે જેના શરીરમાં 'કેન્સર' છે એમ કહેવામાં આવ્યું છે એ દરદીએ પોતે શું કર્યું ?

શરીર એનું પોતાનું છે. દર્દ પણ એ શરીરના અંદર છે. આ દર્દી પોતે જોઈ શકે છે, અનુભવી શકે છે, ઓળખી શકે છે, એને તકલીફ થાય છે કે નથી થતી એ સમજી શકે છે મહેસુસ કરી શકે છે. કેન્સર જયાં સુધી નિદાન નહોતું થયું ત્યાં સુધી તો દર્દીની જાણમાં પણ નહોતું આવ્યું અને હજુ બીજા દસ વરસ સુધી એનું નિદાન ન થયું હોત તો ખબરે ન પડત.

આ બધું જાણવા છતાં સમજવા છતાં શા માટે એ આદુ ખાઈ ને કેન્સરનું નામ પડતાં જ એનાથી છુટકારો મેળવવા ફાંફા મારે છે ? એ સાવ સુષુપ્ત એક બાજુ પડી રહેલી ગાંઠને મારી નાખવા, બાળી નાખવા કે કાપી નાખવા અને એમ કરવા જતાં યાતનાનો બલિ બનવા તૈયાર થઈ જાય છે ? ગજુ ન હોય તોય ભીખ માંગીને લાવેલો રોટલો બીજા કોઈની ભૂખ ભાંગવા એની થાળીમાં મુકી દે છે ? અને આટલું કરવા છતાં પણ છેલ્લે તો પાયમાલ પોતે તો થાય છે જ, એના પોતાનાં ને પણ પાયમાલ કરતો જાય છે ?

ઈંગ્લેન્ડનો ત્રણ ત્રણવાર બની ચૂકેલો પ્રાઈમ મીનીસ્ટર સેલીસ્બરી Salisbury એક લાખ રૂપિયાની વાત કહી ગયો.

A GRAM OF EXPERIENCE IS WORTH A TON OF THEORY.



અનુભવનો એક ગ્રામ, થોથાંઓની થીઅરીના એક ટન વજન બરાબર છે.

અને દરેકે દરેક પેશન્ટને વધુ નહી તો પોતાના જ શરીરમાં રહેલા કેન્સરનો એક ગ્રામ જેટલો અનુભવ તો હોય જ છે. (ઘણીવાર તો એ કીલોના હિસાબે પણ હોય છે)

હવે આની સરખામણીમાં પેલા નિષ્ણાતોની લખેલી થોથાંઓની થીઅરીઓ પ્રમાણે ટન ના હિસાબે કરવામાં આવતાં ભારેખમ જોખમકારક ઈલાજો ઝાંખા પડી જ જવા જોઈએ.

વળી પેલી થીઅરીઓ તો રાતે ન બદલાય તેટલી દિવસે બદલાય છે ને એક નિષ્ણાતે રજુ કરેલી થીઅરી બીજો નિષ્ણાત સાવ તોડીને ભૂકો કરી નાખતો હોય છે.

જયાં આવી હુંસાતુંસી અને ખેંચાખેંચી ચાલતી હોય, અને આ બધીજ સાચીખોટી થીઅરીઓ અણજાણ દર્દીના માથા પર ઠોકી બેસાડવામાં આવતી હોય ત્યારે એના પર આંધળો વિશ્વાસ મુકતા પહેલા તમારામાંજ રહેલા પેલા એક ગ્રામ અનુભવનો તમે જરા જેટલો પણ ઉપયોગ ન કરો ? જેટલો અંધ વિશ્વાસ પેલી ક્ષણે ક્ષણે રંગ બદલતી થીઅરીઓ પર રાખો છો એનો ફકત એક ટકો પણ તમારા સ્વાનુભવ પર ન રાખી શકો ?

અને અનુભવની વાત તો બાજુએ રહી, જે શરીરે માના ગર્ભમાં આકાર લઈ પૃથ્વી પર અવતર્યા પછી રાત દિવસ બદલાતી ઋતુઓમાં ને અનેક કપરા સંજોગોમાં એકધારો અતૂટ સાથ આપ્યો છે એ શરીર પર પણ એક અંશ જેટલો તમને પોતાને ભરોસો નથી ?

શકય છે, મારી વાત પેલા થીઅરીવાળા નિષ્ણાતોને ઝેર જેવી લાગશે પણ આખરે તેઓ પણ માનવીઓ તો છે જ ને ? હું જે કંઈ કહેવા માંગુ છું તે જેટલું દર્દીને લાગુ પડે છે એટલું જ માનવી તરીકે એ નિષ્ણાતોને પણ લાગુ પડે જ છે.

ન કરે નારાયણ અને આવા નિષ્ણાતોમાં ના જ કોઈ એક માનવીને કેન્સર સાથે નિપટી લેવાના સંજોગો ઉપસ્થિત થાય, તો એ વેળાએ એ ફકત માનવી તરીકે પોતાના શરીર પર એના પેલા એક ગ્રામ જેટલા અનુભવ પર વિશ્વાસ રાખી પેલી થીઅરીની યાતનાઓમાંથી પોતાની જાતને છોડાવી શકે.

અને એવો કોઈ એક - ફકત એક પણ નિષ્ણાત જો મારૂં આ કેન્સર ગીતાનું પુસ્તક વાંચ્યા પછી મને મળશે તો આ પુસ્તકનું લખાણ સાર્થક થયું એમ માનીશ.

અને આવી રીતે સ્વાનુભવની દોરવણીથી નિદાન-ઉપચારની યાતનામાંથી એ ન ઉગરી શકયો હોય તેવું જણાવશે તો કેન્સર ગીતાની બીજી આવૃત્તિ છપાવતાં પહેલાં હું વિચાર કરીશ.

---------------X---------------

મોટા ભાગનાં "કેન્સરના દુશ્મન" તરીકે ઓળખાતાં ઉપચાર માટે વાપરવામાં આવતા ઔષધો, હકીકતમાં 'દર્દીના દુશ્મન' હોવાનું પુરવાર થઈ ચુકયું છે.



# અધ્યાય પાંચમો

જ્ઞાનેન તું તદજ્ઞાનમ્
યેષાનાંશિતમાત્મ નઃ !
તેષાંમાદિત્યવજ જ્ઞાનમ્
પ્રકાશયતિ તત્પરમ્ !!

હે ધનંજય ! આત્મજ્ઞાનથી જેનું અજ્ઞાન દૂર થયું છે તેવું હંમેશા સૂર્યની જેમ પરમાત્માને સાક્ષાત કરે છે.

## આગાહી યોગ (PROGNOSIS)

"અગલે ચોવીસ ઘંટો મેં ગરજ કે સાથ છીંટે પડેંગે" મારૂં હિંદીનું જ્ઞાન પ્રારંભિક-પરિચય થી વધારે નથી એટલે આ હિંદીમાં કરેલી મૌસમની આગાહી કદાચ મારી સમજમાં ન આવે એવું બને ખરું - પણ મને એ હજુ સુધી સમજાયું નથી કે "ગરજ કે સાથ છીંટે" શી રીતે પડતાં હશે ? ગરજ કે સાથ મૂશળધાર વરસાદ પડતો તો જોયો છે.

મૌસમના નિષ્ણાતો એ (Experts) કરેલી આવી આગાહી સાંભળવા છતાં બીજે દિવસે ઘરની બહાર નીકળતાં તડકો હોય તો બગલમાં છત્રી મારવાની તસ્દી આપણે લેતા નથી. આગાહી સાંભળવા ખાતર સાંભળીએ છીએ અને "પડશે એવા દેવાશે" સમજી બિનધાસ્ત બહાર નીકળી પડીએ છીએ.

માત્ર કેન્સરના નિષ્ણાતોએ કરેલી આગાહી પછી આવું કંઈ થતું નથી.

"તમને કેન્સર છે" એમ જેવું નિષ્ણાતના મોઢામાંથી નીકળે

છે એટલે એજ ક્ષણે આપણે એને બ્રહ્મ વાકય સમજી વળગી પડીએ છીએ અને જીવનભર છત્રી, રેઈનકોટ, હેટ અને ગમબૂટ સુધ્ધાં સાથે લઈને ફર્યા કરીએ છીએ. અરે રાત્રે એ બધું પહેરીને માથે છત્રી ઓઢીને પથારીમાં પડખાં ઘસ્યા કરીએ છીએ.

'કેન્સર એટલે કેન્સલ'' ખલાસ, હવે તો ઘડીઓ ગણવા મંડી પડો, દિવસ અને બહુ બહુ તો મહિના કે એથી વધારે આશાવાદી થવું હોય તો ગણ્યાં ગાંઠયાં વરસ...

આમ 'ઘડ' દઈને આગાહી કરનાર મહાશયોને કોઈ કહેશે ? કે એના મોઢામાંથી આ શબ્દ પડતાંની સાથેજ દર્દીને એ મનથી તો મારી જ નાંખે છે અને પછી એ મરેલા મનવાળા શરીરને સારવારથી ચૂંથી ચૂંથી ને મારી નાંખે છે.

આવી બેધડક આગાહી કરનારા નિષ્ણાતોને કોઈ દર્દીએ કદી પુછ્યું છે કયા આધારે એ કેન્સરનું નિદાન કરે છે ?

અગાઉ આપણે જોયું કે દરેક કેન્સર પોતાની એક આગવી વિશિષ્ટતા ધરાવે છે. અરે એક જ દરદીમાં બે જુદે જુદે ઠેકાણે થએલાં કેન્સરના પ્રકારો પણ ભિન્ન ભિન્ન હોય છે.

એક સરખી ઉમરની કોઈ પણ બે વ્યકિતને એકજ જગ્યાએ થએલું કેન્સર સરખું હોતું નથી, એકસરખું વધતું નથી, એકસરખી પીડા કરતું નથી કે એકસરખી રીતે મારી નાખતું નથી.

અને છતાં આવા એક પ્રકારના લાગતા બધાજ દર્દીઓને ફટ દઈને આગાહી કરી મનથી મારી નાખવાનો શું અર્થ છે ?



એટલું ખરું - અને કબુલ કરવું જ પડશે કે આવી રીતે આગાહીઓને આધારે અપાતી સારવારના પરીણામોની આગાહી માત્ર બધાજ દર્દીઓને એક સરખી રીતે લાગુ પડે છે. એ બધાજ એક સરખી યાતનાઓ ભોગવે છે, એ દવાઓના વિષમ પરીણામો પણ લગભગ બધાને એક સરખાં આવે છે અને લગભગ આવા બધાજ કેસોમાં એ બધાજ દર્દીઓ છેવટે આ કેન્સરમાંથી અને જીવનમાંથી હંમેશને માટે મુકિત મેળવે છે.

પરંતુ એક જ જાતના કેન્સરમાં બે જુદા જુદા દર્દીઓને આપવામાં આવતી એકસરખી સારવારના ફાયદા માત્ર એક સરખા હોતા નથી.

એમાંથી કોણ વહેલું સારૂં થશે તે કહી શકાતું નથી. કોનું કેન્સર છે એના કરતાં વધી જશે એ પણ નકકી કહી શકાતું નથી. એક જગ્યાએ થએલું કેન્સર શરીરમાં અન્ય બીજી કઈ જગ્યાએ ફુટી નીકળશે એની પણ આગાહી થઈ શકતી નથી.

વળી આ સારવાર કોણ કરશે તો વધુ ફાયદાકારક રહેશે એ પણ કહી શકાતું નથી. વધુ જાણીતું સારવાર કેન્દ્ર હોય, વધુ લાંબી મોટી ડીગ્રીવાળો ડૉકટર હોય વધુ જલદ અને લેટેસ્ટ મોંઘીદાટ દવાઓ હોય તો દર્દીને સારૂં થઈ જશે કે વધુ લાંબુ જીવી જશે એવી કોઈજ આગાહી કોઈ પણ કેન્સરના દર્દી માટે કરી શકાતી નથી.

અગર આગાહી કરવીજ હોય, તો કોઈ પણ જાતના સંકોચ વગર એમ કહી શકાય કે ''જેટલું વહેલું કેન્સરનું નિદાન કરાવશો એટલી વહેલી કેન્સરની સારવાર શરુ થશે, જેટલી વહેલી સારવાર કરાવશો એટલી વહેલી તમારા શરીર અને મન પરની યાતનાઓની શરુઆત થશે, તમારા

બેંક બેલેન્સમાં ઝડપી ઘટાડો થશે, અને ઑફ કોર્સ આ બધું તમે જેને લંબાવવા કરી રહયા છો એ આયુષ્યમાં અવશ્ય ઘટાડો થશે.''

મૃત્યુની ક્ષણ, પળ અને વિપળ મનુષ્ય નામના પ્રાણીના હાથમાં નથી એ સાવ નગ્ન સત્ય હોવાં છતાં પણ આ મહાનુભવો દર્દીના મૃત્યુની આગાહી કરવાનો મોહ શા માટે છોડી શકતા નથી એ હજુ સુધી કોઈની સમજમાં આવતું નથી.

''દર્દ ખુબ આગળ વધી ગયું છે આપણે બધા પ્રયત્ન તો કરીશું જ પણ..... દર્દી છ મહિનાથી વધુ જીવે એવું લાગતું નથી'' એમ કેટલા ડૉકટરોએ કેટલા પેશન્ટોને સાવ વાતવાતમાં અમુક કંપનીના શેરના ભાવો એક અઠવાડીયામાં ગગડી જશે એટલી સહજતાથી કહયું હશે ? એની કોઈ નોંધ છે ખરી ?

અને પછીએ છ મહિનાનું અલ્ટીમેટમ આપેલો દર્દી જયારે છ વરસ સુધી કે એથી પણ વધુ જીવી જાય છે ત્યારે પણ એ બાકીની જીંદગી તો સતત ભયના ભયંકર ઓળા તળે જ વિતાવતો હોય છે.

નિદાન અને ઉપચાર એ બન્ને વિષયમાં કેન્સર હંમેશાં અનિશ્ચિત. Disputable શંકાસ્પદ (Doubtful) રહયું હોવા છતાં, આ એકજ વિષયના નિષ્ણાતોના સતત મતભેદો (Controversies) હોવાં છતાં - દર્દીને એના ભવિષ્યની આગાહી કરી શા માટે માનસિક ત્રાસ આપવામાં આવતો હશે એનો કોઈ જવાબ કોઈ પાસે છે ખરો ?

આવી આગાહી કરવાથી એ સ્પષ્ટ જ છે કે દર્દીને ખુદને તો કોઈપણ જાતનો ફાયદો તો થતો નથીજ ઉપરાંત એના કુટુંબીજનો, એનાં સગાંવ્હાલાં અને એના સહકર્મચારીઓ એ બધાંને જ વિનાકારણ એક



પ્રકારનો ઉચાટ મનમાં સતત વહોર્યા કરવાં પડતો હોય છે એનું શું ?

ડૉકટરની નૈતિક ફરજ અને ઈલાજનો મૂળભૂત સિધ્ધાંત (Fundamental Principle) દર્દીને એના દર્દમાંથી, ભયમાંથી મુકત કરવાનો છે. એની જે યાતનાઓ હસ્તીમાં છે એ હળવી કરવાનો છે. એ જે ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહયો છે એ અંધકારમય જીવનમાંથી એને બહાર કાઢી ઉલ્લાસમય બનાવવાનો છે.

આગાહી આ બધાજ મૂળભૂત સિધ્ધાંતોને Reverse Gear માં ધકેલી દે છે.

જયાં જીવવાની મુદ્દલ શકયતાઓ નથી ત્યાં ઉપચારો, ઈલાજો ને જુદા જુદા રીપોર્ટોની માયાજાળ રચી દેવામાં આવે છે. અને જયાં કોઈપણ જાતની તકલીફ વિના સાવ સામાન્ય જીવન જીવવાની ભરપૂર શકયતાઓ હોય છે ત્યાં વિનાકારણ ભયના ભયાનક ઓથાર ખડા કરી દેવામાં આવે છે.

ડૉકટર પાસે ગયા, એની એપોઈન્ટમેંટ લીધી અને એણે રીપોર્ટો કઢાવવા કયાં કયાં ધકકા ખવડાવ્યા, કઈ કઈ મોંઘી દવાઓ કઈ કઈ રીતે મેળવવામાં આવી એનાં શું શું પરીણામો આવ્યાં, પછી આમ થયું ને તેમ થયું...વિ.વિ. રજેરજની ચર્ચાઓ દર્દી અને એના આસપાસના સર્વે વિનાકારણ એક સરખાં વાગોળ્યા જ કરતાં હોય છે.

સાવજ તંદુરસ્ત - નોર્મલ માણસને પણ જો ભૂલે ચૂકે ડૉકટરે એમ કહયું હોય કે ''દર્દીનું દર્દ ખુબજ વધી ગયું છે,'' તો દર્દીની અસલ શારિરીક પરિસ્થિતિ સાથે એ કેટલું બંધબેસતું આવે છે એ સરખામણી કરી જોવાની કોઈને જરૂર જ જણાતી નથી. અને એવીજ રીતે જયારે

ખરેખર દર્દીનું દર્દ છેવટના તબકકામાં હોય છે અને જો ડૉક્ટર એમ કહે કે "ઈલાજ કરાવો સારૂ થઈ જશે" તો છેવટ સુધી ઈલાજ કરાવવાની અને એમ કરવા જતાં અજાણપણે દર્દીની યાતનામાં વધારો કરવાની લાલચ કોઈ રોકી શકતું નથી.

આપણે એમ માની લઈએ કે અમુક સંજોગોમાં "આગાહી કરવાની" ડૉક્ટરને ફરજ પાડવામાં આવે છે. દર્દી કરતાં પણ એનાં સગાવ્હાલાં આમાં મોટો ભાગ ભજવે છે. અને જો આવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય જ, તો એ વેળાએ આગાહી કરતાં પહેલાં ડૉક્ટરે આટલી બાબતો તો ગણતરીમાં અવશ્ય લેવી જ જોઈએ.

૧) કેન્સર એ અસલમાં શું ચીજ છે એ વિગતવાર દર્દીને અને એમનાં સબંધીઓને જણાવવું જોઈએ.

૨) કેન્સર એ કોઈ રોગનાં જંતુથી થએલો રોગ નથી, કે આવા અન્ય કોઈ રોગથી જેમ તુરત ઈલાજ ન કરવામાં આવે તો માનવી મરી જઈ શકે છે, એવો કોઈ ભય કેન્સરની બાબતમાં નથી એ વાત એને સમજાવવી જોઈએ.

૩) ઈલાજ કરાવવા અધીરા થતા દર્દીને કે એના સબંધીઓને ઈલાજની વિષમતાઓનો અને એનાથી નિપજતા ગુંચવાડાનો Complications નો સ્પષ્ટ ખ્યાલ આપવો જોઈએ.

૪) દર્દીએ અમુક વ્યસન રાખ્યું હતું એનું પરીણામ એ ભોગવી રહયો છે એવી એણે ભયંકર ગુન્હો કર્યો હોય તેવી ગ્રંથિ અગર એનામાં બંધાઈ ગઈ હોય તો એમાંથી એને મુકત કરવો જોઈએ. Guilty Concious વાળો દર્દી ઈલાજ કરવા છતાં જલ્દી સારો



થઈ શકતો નથી.

૫) 'કેન્સર એટલે કેન્સલ'' એ થીઅરી કેટલી ભ્રામક છે અને કેન્સરનું નામ પડેલા બધાજ દર્દીઓને એ એકસરખી રીતે કોઈપણ સંજોગોમાં લાગુ પડતી નથી એ પ્રેમથી દર્દીને સમજાવવું જોઈએ. ઉલટ આવું દર્દ લઈને સામાન્ય માનવી કરતાં પણ વધુ લાંબુ અને ઉપયોગી જીવન જીવી ગએલા દર્દીઓના દાખલા દ્રષ્ટાંત આપી દર્દીનો આત્મવિશ્વાસ કેળવવો જોઈએ. સારવાર - વિનાકારણ ઉપચારો કરી દર્દીના જીવનનો આનંદ છીનવી લઈ દુ:ખી કરવાના પાપમાંથી બચવું જોઈએ.

૬) "મોડા કેમ આવ્યાં ?" વ્હેલા આવતાં શું થતું હતું ? ચેકીંગો અમે મફતમાં તમારા માટેજ કરીએ છીએ, એમાં લાખો રૂપીયા ખર્ચીએ છીએ અને તમને તો તમારી જ કાળજી રાખવાની પડી નથી" આવાં અર્થહીન સંવાદો બોલી દર્દીને ભયંકર પસ્તાવો કરી નાખવાના પ્રયત્નો કરવાથી દૂર રહેવું સલાહભર્યુ ખરું.

૭) કેન્સર વિષે આટઆટલી માથાકૂટ દુનિયાભરમાં ચાલી રહી છે લાખો લોકો અને અબજો રૂપિયા એની અસલીયત પહેચાનવા પાછળ લગાડવામાં આવ્યાં છતાં કેન્સર હજુ સંતાકુકડી જ રમી રહયું છે એટલે કેન્સર વિષે જેટલો દરદી અજ્ઞાન છે એટલો નિષ્ણાત પણ અંધારામાં જ છે એ કબૂલ કરી દેવું જોઈએ.

૮) અને છેલ્લે આ બધી બાજુઓની વિગતવાર સમજણ પાડયા પછી દર્દીએ શું નિર્ણય લેવો તે તેના પર જ છોડી દેવું જોઈએ.

એને એના કુટુંબીજનો સાથે ચર્ચા વિચારણા કરવા પુરતો સમય આપવો જોઈએ અને દર્દી અને એને લાગતાવળગતા સર્વે સર્વાનુમતે એક નિર્ણય પર આવે પછીજ આગળ પગલાં લેવાં જોઈએ.

--------------X--------------

વધુ પડતો આશાવાદી થવાનું કદાચ મારા સ્વભાવમાં હશે એટલે આટલું લખવાની હિંમત - સાહસ કરી શકું છું અને

હૃદયના, લાગણીઓના સંવેદનશીલ કેન્દ્રમાં ઉંડે ઉંડે એક આશા રાખીને બેઠો છું કે

''વો સુબહ કભી તો આયેગી''

--------------X--------------

*કેન્સરનો કોષ (Cell) શરીરના પ્રોસ્ટેટ, સ્તન કે એવા બીજા કોઈ પણ સ્થળે ખુબજ શાંતિથી પડયો રહે છે. એ કદી પોતાના અસ્તિત્વની જાહેરાત કરતો નથી, કોઈને મારી નાખવાનું કાર્ય તો એ કદી કરતોજ નથી.*

*એના અસ્તિત્વની જાણ મોટા ભાગે તો મરેલા દર્દીના શરીરની ચીર-ફાડ (Autopsy) કરવામાં આવે છે, ત્યારે જ થાય છે.*